પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH
FRIDAY, 12 SEPTEMBER, 2025 Vol. 23, No. 35 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


ફ્રાન્સમાં 1 લાખ આંદોલનકારી રસ્તા પર ઉતર્યા, આગચંપી - તોડફોડ
PAGE NO. 15


નેપાળમાં હિંસક આંદોલન, લૂંટફાટ-અરાજકતા વચ્ચે 7000 કેદી ફરાર
PAGE NO. 18

### રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ રોકવું હોય તો યુરોપિયન યુનિયન અંતિમ નિર્ણય લે : ટ્રમ્પની સલાહ

# ભારત અને ચીન સામે 100% ટેરિફ ઝીંકો : ટ્રમ્પ

### થોડા સમય પહેલાં દ્વિપક્ષી કરારની સંભાવના વ્યક્ત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે નરેન્દ્ર મોદીને ફરી એક વાર સારા મિત્ર ગણાવ્યા હતા

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીન અને ભારતને વધુ એક મોટો ઝટકો આપવાની તૈયારી કરી રહ્યા હોય તેવું દેખાય છે. અમેરિકાના અધિકારીઓ અને યુરોપિયન યુનિયનના વ્યૂહનીતિકારોના અહેવાલ અનુસાર ટ્રમ્પે ઈયુને કહ્યું છે કે ભારત સામે 100% ટેરિફ લગાવી દો.

આ મામલે જાણકારના સૂત્રોનું કહેવું છે કે ડોનાલ્ડ ટ્રમ્પે ઈયુના અધિકારીઓને આ ભલામણ કરતાં કહ્યું હતું કે જો ભારત અને ચીન સામે 100% ટેરિફ ઝીંકશો તો જ રશિયા પર દબાણ વધશે અને તેનાથી રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ પતી જશે.

આ મામલે ટ્રમ્પનું માનવું છે કે ચીન અને ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા સૌથી મોટા ગ્રાહકો છે. તેમના પૈસાથી જ રશિયાનું અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે. આ જ કારણ છે કે 2022થી રશિયા સતત યુક્રેન સામેના યુદ્ધમાં લીડ મેળવી રહ્યું છે. કહેવાય છે કે ટ્રમ્પે કોન્ફરન્સ કોલના માધ્યમથી ઈયુના અધિકારીઓને આ અપીલ કરી હતી. ઈયુનું એક પ્રતિનિધિમંડળ હાલમાં વોશિંગ્ટનમાં છે અને તેમની સાથે ટ્રમ્પે પ્રતિબંધો વિશે વાતચીત પણ કરી હોવાની ચર્ચા છે. ઈયુના અધિકારીઓ કહે છે કે જો ઈયુ ભારત અને ચીન સામે 100 ટકા ટેરિફ ઝીંકશે તો અમેરિકા પણ બંને દેશો સામે 100% ટેરિફ ઝીંકી દેશે.



# કેનેડામાં ડે કેયર સેન્ટરમાં કાર ઘૂસી જતાં અફરાતફરી, બાળકો કચડાયા, 1નું મોત

### ઈજાગ્રસ્ત 9 પૈકી 1ની હાલત ગંભીર, એસયુવીના 70 વર્ષીય ડ્રાઈવરની ધરપકડ





**રિચમંડ હિલ**

કેનેડાના ઉત્તરમાં સ્થિત રિચમંડ હિલમાં બુધવારે 11મી સપ્ટેમ્બરે એક કાર અચાનક બાલવાટિકા (ડેકેયર)ની બારીને તોડીને તેની અંદર ઘુસી ગઈ હતી. આ દરમિયાન કારે ત્યાં રમી રહેલા અનેક બાળકોને કચડ્યા હતા. આ ઘટનામાં એક બાળકનું મોત નિપજ્યુ હતું, જ્યારે 9 જેટલા બાળકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બાળકોમાંથી અનેકની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. કેનેડાની પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના નોર્ટિંઘમ ડ્રાઈવ નજીક ડે કેયર સેન્ટરમાં આ ઘટના બની હતી.

આ ઘટના ઓન્ટેરિયોના રિચમંડ હિલમાં 'યોંગ સ્ટ્રીટ' અને 'નોર્ટિંઘમ ડ્રાઈવ' ની ખૂબ નજીક બની હતી, જ્યારે બાળકો બાલવાટિકામાં હાજર હતા. આ ઘટનામાં એક દોઢ વર્ષના બાળકનું મોત નિપજ્યું છે. આ અકસ્માતમાં 18 મહિનાથી ત્રણ વર્ષની વયના છ અન્ય બાળકો પણ ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ સાથે જ બાલવાટિકાના ત્રણ કર્મચારીઓ પણ ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ, આ કેસમાં એસયુવીના 70 વર્ષીય ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. જોકે, પોલીસનું માનવું છે કે, આ ઘટના ઈરાદાપૂર્વક કરવામાં આવી ન હતી. પરંતુ એક ભૂલથી થયેલું કૃત્ય હતું. હાલ, સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

### એલન મસ્કને જોરદાર ઝટકો

# ઓરેકલના સ્થાપક વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બન્યાં

**જકાર્તા**

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ તરીકે અત્યાર સુધી ટેસ્લાના માલિક ઈલોન મસ્કનું નામ સામે આવી રહ્યું હતું, જોકે હવે તેમનું આ સ્થાન હવે ઓરેકલના કો-ફાઉન્ડર લેરી એલિસન છે. તેમની સંપત્તિ વધીને 395.7 અબજ ડોલરે પહોંચી ગઇ હતી. જેને પગલે તેઓ વિશ્વના અબજોપતિઓની રેસમાં પ્રથમ ક્રમે પહોંચી ગયા. 81 વર્ષના લેરી એલિસનની કંપની ઓરેકલ કોર્પ. ના શેરમાં અચાનક જ ઉછાળો આવ્યો હતો, જેને પગલે તેમની સંપત્તિ વધી હતી. બ્લૂમબર્ગના અબજોપતિ ઈન્ડેક્સ મુજબ લેરીની સંપત્તિ 395.7 અબજ ડોલર સાથે ટોચના સ્થાને પહોંચી ગઇ છે. જ્યારે ઈલોન મસ્કની સંપત્તિ 385 અબજ ડોલર છે એટલે કે લેરી મસ્કથી 10 અબજ ડોલર વધુ સંપત્તિ ધરાવતા થઇ ગયા.



ઈલોન મસ્ક વર્ષ 2021માં પ્રથમ વખત વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બન્યા હતા. તેઓ લાંબા સમય સુધી આ સ્થાન પર રહ્યા જોકે આ દરમિયાન તેમને પછાડીને એમેઝોનના જેફ બેજોસ આગળ નીકળી ગયા આ ઉપરાંત બર્નાર્ડ આરનોલ્ટે પણ મસ્કને પાછળ રાખી દીધા હતા. હવે મસ્ક સહિત તમામ ધનવાનોને પછાડીને ઓરેકલના સ્થાપક લેરી એલિસન પ્રથમ ક્રમે પહોંચી ગયા છે. ફોર્બ્સની રિયલ-ટાઈમ બિલેનિયર રેકિંગ મુજબ બુધવારે જ એલિસનની સંપત્તિમાં મોટો ઉછાળો આવ્યો હતો.









# પ્રજ્ઞેશ પટેલ અને નોર્થ યોર્ક ગુજરાતી ગ્રુપ દ્વારા ગણેશોત્સવની ભક્તિભાવ સાથે ઉજવણી, ઢોલ નગારા સાથે વિસર્જન યાત્રા

## વિસર્જનની પૂર્વ સંધ્યાએ ગીત સંગીત સાથે નૃત્યની પ્રસ્તુતિ અને ભંજન સંધ્યાથી સહભાગીઓનો આનંદ બેવડાયો







**નોર્થ યોર્ક**

ભારતની સંસ્કૃતિક તથા ધાર્મિક મૂલ્યોને નવી પેઢીમાં જાળવવાના ઉદ્દેશ સાથે નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપ દ્વારા ભાદરવા સુદ તેરસથી અનંત ચતુર્થી સુધી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ગ્રુપના પ્રમુખ અને ફાઉન્ડર પ્રજ્ઞેશ પટેલ તથા ઉપપ્રમુખ અને કો-ફાઉન્ડર ચેતન અમીનના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. શુક્રવાર, 5 સપ્ટેમ્બર 2025ના રોજ શ્રી ગણેશજીની પ્રતિમાની સ્થાપન વિધિથી થઈ હતી. આ તકે મંડપને ફૂલોથી શણગારી રંગબેરંગી લાઈટ મુકવામાં આવી હતી. સાથે જ રંગોળી અને ભક્તિમય માહોલ લોકોના હ્રદયને સ્પર્શી ગયો હતો.

ગણપતિ બાપ્પાની મૂર્તિનું પૂજન બાદ આરતી કરી પ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યું હતુ. ઉત્સવ માત્ર ધાર્મિક સ્તરે સીમિત નહોતો, પરંતુ એમાં સંસ્કૃતિ અને સમુદાયની ઊંડાણભરી ભાવનાઓનો સ્પષ્ટ આભાસ પણ સૌને થયો હતો. બાળકો માટે ખાસ “વાર્ષિક રમતોત્સવ”નું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં તેમના ઉત્સાહભરી ભાગીદારીને ધ્યાનમાં રાખી તેમને સ્ટેજ પર બોલાવી પ્રોત્સાહનરૂપે પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા.

વિસર્જનના પૂર્વે શનિવાર, 6 સપ્ટેમ્બરે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. સમુદાયના બાળકો, યુવાનો અને વયસ્ક સભ્યો દ્વારા ગીત, નૃત્ય અને ભજન સંધ્યા જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. ગુજરાતી સંગીત, ગરબા અને લોકસંસ્કૃતિના ઝળહળતા રૂપે આખું મંડપ જીવંત થઈ ઉઠ્યું હતુ. આ કાર્યક્રમમાં ટોરોન્ટોના પ્રખ્યાત રાજકીય, સામાજિક, ધાર્મિક અને પત્રકારત્વ ક્ષેત્રના મહાનુભાવો પણ હાજર રહ્યા અને “નૉર્થ યોર્ક કા રાજા”ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વિસર્જન પહેલાં પ્રજ્ઞેશભાઈ પટેલ અને ચેતનભાઈ અમીને સમગ્ર સમુદાય, દાતાઓ, આરતી અને થાળ સેવા આપનાર કુટુંબો, ભોજન વ્યવસ્થાપકો અને આખા કાર્યક્રમના આયોજનમાં જોડાયેલા નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપના અગ્રણી કાર્યકરોનો સન્માનપૂર્વક આભાર માન્યો હતો. સહભાગીઓના સમર્પણ અને સહકારની કદરરૂપે સૌને એક યાદગાર સ્મૃતિ ચિહ્ન પણ અર્પણ કરવામાં આવ્યું હતુ. વિસર્જન પૂર્વે બાપાની આરતી બાદ ભવ્ય યાત્રા કાઢવામાં આવી હતી, જેમાં નૃત્ય, ઢોલ-નગારા અને ફૂલોની વૃષ્ટિ કરાઈ હતી. બે દિવસના ઉત્સવ દરમિયાન અંદાજે ૩૦૦થી વધુ કુટુંબોએ ભક્તિભાવથી ભાગ લીધો હતો. અંતે સર્વે ભાવિ પેઢી માટે સંસ્કાર અને સમુદાયિક ઊર્જાનો સંદેશ આપી પ્રસાદ અને ભોજન ગ્રહણ કર્યું હતુ.

અંતે ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે બાપાને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

**ફુલોથી શણગારાયેલા મંડપમાં બાપાની સ્થાપના બાદ પુજા આરતી અને મહાપ્રસાદીનો કાર્યક્રમ યોજાયો, બાળકો માટે રમતોત્સવનું આયોજન કરાયું**

# એટલાન્ટિક કેનેડિયન વ્યવસાયો માટે $ 80 મિલિયન રાહત ભંડોળ અપાશે

## ટેરિફથી પ્રભાવિત કેનેડિયન વ્યવસાયોને મદદરૂપ થવા સરકારનો નિર્ણય

**ઓન્ટેરિયો**

વડાપ્રધાન માર્ક કાર્નેએ સોમવારે સેન્ટ જોન્સમાં એટલાન્ટિક કેનેડામાં નાના અને મધ્યમ કદના વ્યવસાયો માટે $80 મિલિયન ટેરિફ-રાહત ભંડોળની જાહેરાત કરી હતી. અમેરિકન ટેરિફથી પ્રભાવિત કેનેડિયન વ્યવસાયો માટે $1 બિલિયનના મોટા ભંડોળના ભાગ રૂપે આ નાણાં એટલાન્ટિક કેનેડા તકો એજન્સી દ્વારા વહેશે.

કાર્નેએ કહ્યું કે આ નાણાં વ્યવસાયોને નવા બજારોમાં વિસ્તરણ કરવામાં અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે. આ ભંડોળથી એટલાન્ટિક કેનેડિયન ઉદ્યોગોને આધુનિક પડકારોનો સામનો કરવા માટે જરૂરી સાધનોથી સજ્જ કરવામાં મદદ કરશે. આ ઉપરાંત નવીનતા લાવવા માટે, આધુનિકીકરણ કરવા માટે અને કામગીરી તથા ગ્રાહક આધારને વિસ્તૃત કરવામાં પણ તે ભુમિકા ભજવશે. કાર્નેએ જણાવ્યું હતું કે એટલાન્ટિક કેનેડામાં નાણાંનું વિતરણ આ પ્રદેશની વસ્તી અને કુલ સ્થાનિક ઉત્પાદનના પ્રમાણમાં વધુ છે. તેમણે કહ્યું કે સીફૂડ ઉદ્યોગ માટે સંભવિત એપ્લિકેશનો હોઈ શકે છે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળ માટે કાર્યભાર સંભાળ્યો, ત્યારથી અને સ્ટીલ અને એલ્યુમિનિયમ જેવા વ્યૂહાત્મક ક્ષેત્રો પર 50 ટકા ટેરિફ સહિત તેના વેપારી ભાગીદારો પર ટેરિફ લાદવાનું શરૂ કર્યું છે.



SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news

# ટોરોન્ટોમાં કાકીની હત્યા કરનારને આજીવન કેદની સજા, 14 વર્ષ સુધી જામીન નહીં મળે

## છરીથી કાકીની છાતી, કમર તથા પેટના ભાગે 9 ઘા ઝીકાયા હતા

**ટોરોન્ટો**

શેન મેકડોનાલ્ડે તેની કાકીની હત્યા કરી અને તેની મોટી કાકીએ દરમિયાનગીરી કરી ત્યારે તેને મારી નાખવાનો પ્રયાસ કર્યાના લગભગ સાત વર્ષ પછી ટોરોન્ટોના 28 વર્ષીય વ્યક્તિને 14 વર્ષ સુધી પેરોલની કોઈ શક્યતા વિના આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. સુપિરિયર કોર્ટના ન્યાયાધીશ રીટા-જીન મેક્સવેલે ચુકાદામાં લખ્યું હતું કે, આ મામલામાં કાર્યવાહી પૂર્ણ થવામાં અસામાન્ય રીતે લાંબો સમય લાગ્યો છે. નિષ્ણાત સાક્ષીઓની જુબાની સુનિશ્ચિત કરવામાં મુશ્કેલીઓ આવતા આ સ્થિતિ સર્જાઈ હતી. ક્રાઉને સૂચવ્યું કે પેરોલ અયોગ્યતાનો યોગ્ય સમયગાળો 20 વર્ષ હશે, જ્યારે બચાવ પક્ષે કહ્યું કે 10 વર્ષ વધુ યોગ્ય છે. 16 ડિસેમ્બર, 2016ના રોજ, રાત્રે 8 વાગ્યા પહેલા, મેકડોનાલ્ડ કોલેજ સ્ટ્રીટના ઘરે ગયા, જ્યાં વર્મેલહુડો પરિવાર રહેતો હતો. તે અને તેની કાકી સાથે ફિલ્મ જોવાની યોજના બનાવી રહ્યા હતા. મેકડોનાલ્ડ આવ્યાના લગભગ 10 મિનિટ પછી પરિવારના સભ્યોએ ત્રીજા માળેથી ચીસો સાંભળી હતી. મેકડોનાલ્ડે પોતાની સાથે લાવેલા ખિસ્સાના છરીથી વર્મેલહુડોને છાતી, પેટ અને કમરના નીચેના ભાગમાં નવ વાર છરી મારી હતી. ગરદન પર લાગેલા ઘાથી તેનું મૃત્યુ થયું હતુ. વર્મેલહુડોની માતા, મારિયા, બીજા માળે હતી, જ્યારે તેણીએ ચીસો પાડી ત્યારે તેના સગા મદદ કરવા દોડ્યા હતા. આ સમયે જ્યારે મારિયા નજીક આવી, ત્યારે મેકડોનાલ્ડે તેને વાળથી પકડી લીધી હતી. જે બાદ મેકડોનાલ્ડે મારિયાને તેની પીઠની વચ્ચે બે વાર છરી મારી હતી.

# અડધા કેનેડિયનો કામચલાઉ વિદેશી કામદાર કાર્યક્રમ રદ કરવાની તરફેણમાં

## રૂઢિચુસ્ત નેતા પિયર પોઇલીવરે પ્રસ્તાવ મૂક્યો હતો

**ટોરોન્ટો**

એક નવા મતદાનનું તારણ સૂચવે છે કે, 44 ટકા કેનેડિયનો કામચલાઉ વિદેશી કામદાર કાર્યક્રમ રદ કરવા માંગે છે. કારણ કે, દેશ ઉચ્ચ બેરોજગારીનો સામનો કરી રહ્યો છે. રૂઢિચુસ્ત નેતા પિયર પોઈલીવરે તાજેતરમાં ઉચ્ચ યુવા બેરોજગારીના પ્રતિભાવમાં કાર્યક્રમ રદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

નવો એબેકસ ડેટા મતદાન કે જે ઓનલાઈન હાથ ધરવામાં આવ્યો હતો અને તેને ભૂલનો માર્જિન શોધી શકાતો નથી, તે સૂચવે છે કે કાર્યક્રમ રદ કરવા માટેનો ટેકો યુવાન વય જૂથોમાં વધુ લોકો છે, જે 30 થી 44 વર્ષની વયના ઉત્તરદાતાઓમાં 50 ટકાથી વધુ છે અને 18 થી 29 વર્ષની વયના 48 ટકા સુધી પહોંચે છે.

પ્રેઈરી પ્રાંતોમાં કાર્યક્રમ સમાપ્ત કરવા માટેનો ટેકો સૌથી વધુ છે અને ક્યુબેક અને એટલાન્ટિક કેનેડામાં સૌથી ઓછો છે. વડાપ્રધાન માર્ક કાર્નેએ ગયા અઠવાડિયે કાર્યક્રમ રદ કરવાનો ઈનકાર કર્યો હતો, ઉમેર્યું હતું કે તે વ્યાપક ઈમિગ્રેશન નીતિ સમીક્ષાનો એક ભાગ છે.

# કેલગેરી એરપોર્ટ પર સુવિધા, કામદારોની સલામતીનો પ્રશ્ન લાંબા સમયથી પડતર

**અધિકારીઓએ છેલ્લા 17 મહિનામાં ફરિયાદો નોંધાવી, યુનિયનની ચિંતાઓને ગંભીરતાથી ધ્યાનમાં લેવી જરૂરી**



**કેલગેરી**

કેલગરી એરપોર્ટ પર સુરક્ષા સહિતની જવાબદારી નિભાવતા કર્મચારીઓની સુવિધા અને સલામતિનો પ્રશ્ન ફરી ચર્ચામાં આવ્યો છે. યુનિયન પ્રમુખના સહાયક હેરોલ્ડ બેટમેનએ જણાવ્યું હતું કે, કેલગરી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કામ કરતા સ્ક્રીનીંગ અધિકારીઓએ છેલ્લા 17 મહિનામાં હજારો ફરિયાદો નોંધાવી છે. તેમની ફરિયાદોમાં દાવો કરવામાં આવ્યો છે કે, સમગ્ર શિફ્ટ દરમિયાન કલાકો સુધી વિરામ વિલંબિત કરવામાં આવ્યો હતો અથવા સંપૂર્ણપણે નકારવામાં આવ્યો હતો, અને શૌચાલય અને પીવાના પાણીની ઍક્સેસનો ઈનકાર કરવામાં આવ્યો હતો. 30 ઓગસ્ટ, 2025ના રોજ કેનેડિયન એર ટ્રાન્સપોર્ટ સિક્યુરિટી ઓથોરિટી (CATSA)ને લખેલા પત્રમાં બેટમેને જણાવ્યું હતું કે, કામ પર કામદારોની મૂળભૂત જરૂરિયાતો પૂરી ન થવાના મુદ્દાઓ 1 એપ્રિલ, 2024ના રોજ કેલગરી એરપોર્ટ પર સુરક્ષા સેવાઓનો કરાર સંભાળ્યો ત્યારથી યથાવત છે. ગયા ઉનાળામાં ખરાબ કામનો વિરોધ કરવા માટે કામદારો એરપોર્ટની બહાર રેલી કાઢી રહ્યા હતા, તે પછી પણ આ મુદ્દો ચાલુ રહ્યો છે. યુનિફોરના પત્રમાં પેલાડિન સાથેના તેના સભ્યોના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે CATSA સાથે તાત્કાલિક બેઠક બોલાવવાની વિનંતી કરવામાં આવી હતી. શુક્રવારે આપેલા જવાબમાં CATSAએ કહ્યું કે પેલાડિનને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે યુનિયનની ચિંતાઓને “અત્યંત ગંભીરતાથી” ધ્યાનમાં લેવી જોઈએ. સ્ક્રિનિંગ અધિકારીઓ મુસાફરોને એરપોર્ટ સુરક્ષા લાઈનમાંથી ખસેડે છે. તેઓ પ્રવાસીઓનું સ્વાગત કરે છે, તેમના બોર્ડિંગ પાસને સ્કેન કરે છે, એક્સ-રે મશીનો અને મેટલ ડિટેક્ટર ચલાવે છે અને નિરીક્ષણની જરૂર હોય તેવા સામાનને જુએ છે.

સુરક્ષા લાઈનો ચલાવવા માટે એરપોર્ટને ચોક્કસ સંખ્યામાં સ્ક્રીનીંગ અધિકારીઓની જરૂર પડે છે, અને જો એક પણ અધિકારી ઓછો સ્ટાફ હોય, તો લાઈન બંધ કરવી પડે છે. બેટમેને કહ્યું કે, જ્યારે કામદારોને કલાકો સુધી લાઈન છોડી દેવાની મંજૂરી આપવામાં આવતી નથી ત્યારે સમસ્યાઓ ઊભી થાય છે. પીક ટ્રાવેલિંગ સમયગાળા દરમિયાન કામ કરવાની પરિસ્થિતિઓ વધુ ખરાબ થતી જાય છે, ત્યારે બેટમેને કહ્યું કે, કામદારોને મૂળભૂત જરૂરિયાતોથી વંચિત રાખવા એ રોજિંદા સમસ્યા બની ગઈ છે.

# બી.સી.માં બાળકોની સાઈઝની ગુલાબી બાર્બી જીપ ચલાવનાર વ્યક્તિની ધરપકડ

**બ્રિટીશ કોલંબિયો**

પાંચમી સપ્ટેમ્બરના રોજ ઉત્તર-મધ્ય બી.સી. શહેરના મુખ્ય રસ્તાઓમાંથી એક પર બાળકોની સાઈઝની ગુલાબી રમકડાની બાર્બી જીપ ચલાવનાર એક વ્યક્તિની પોલીસે ધરપકડ કરી હતી. જે જીપ દિવસે એક એમ્બ્યુલન્સ અને શહેરના એક અગ્રણી વ્યવસાય વચ્ચે આગ લાગવાથી નાશ પામી હતી. તે દિવસે બાર્બી જીપના ફોટા અને મિમ્સ અને અવિશ્વાસના મિશ્રણ સાથે ઝડપથી ઓનલાઈન ફેલાઈ ગયા હતા. ઘણા સાક્ષીઓ દ્વારા લેવામાં આવેલા ફોટામાં કેસ્પર લિંકન એવિએટર સનગ્લાસ પહેરીને ૧૫મા એવન્યુમાં મુખ્ય રસ્તાઓમાંથી એક નિકોલ્સન સ્ટ્રીટ નજીક ક્રૂઝિંગ કરતા દેખાય છે. આ તસવીરોમાં, લિંકન બાંધકામ માટે બંધ કરાયેલા રસ્તાની બાજુમાં ગાડી ચલાવતો દેખાય છે અને પછી ખુલ્લા રસ્તા પર વળે છે. પછી, એક નિશાન વગરની પોલીસ ક્રુઝર ગાડી તેને રોકે છે અને તેની ધરપકડ કરવામાં આવે છે. લિંકન કર્બની નજીક ગાડી ચલાવી રહી હતી અને “કદાચ ત્રણ માઈલ પ્રતિ કલાક”ની ઝડપે જઈ રહી હતી. નાની કારનો ડ્રાઈવર સલામત રીતે વાહન ચલાવી રહ્યો હોય તેવું લાગતું હતું. લિંકને કહ્યું કે પોલીસે તેને કહ્યું કે તેને તેના વિશે અનેક ફોન આવ્યા હતા, અને તેને કહ્યું હતું કે તે રસ્તાની વચ્ચે ગાડી ચલાવી રહ્યો હતો, જેનો તેણે ઈનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે તેની મોટાભાગની મુસાફરી દરમિયાન તે ફૂટપાથ પર ગાડી ચલાવતો હતો.

travel SERVICES
SPECIAL FLIGHT OFFERS
KLM TORONTO - MUMBAI - TORONTO
06 DEC TORONTO → AMS → MUMBAI
06 JAN MUMBAI → AMS → TORONTO
22 DEC TORONTO → AMS → MUMBAI
22 JAN MUMBAI → AMS → TORONTO
We have a Ahmedabad, Baroda and Delhi Special Rates
tico.ca
LIMITED SEATS AVAILABLE
WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
IATA
DIPTESH PATEL +1 (647) 409-2976
905-790-8989 travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS
• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more.............
Divyesh (Dev) Patel : 514-513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

તંત્રી સ્થાનેથી

# નેપાળ અને ફ્રાન્સમાં હિંસક તોફાનો તાનાશાહી શાસકો માટે લાલબત્તી સમાન

દુનિયામાં છેલ્લાં એકાદ વર્ષથી જનક્રાંતિ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. શ્રીલંકા અને બાંગ્લાદેશ બાદ ચાલુ અઠવાડિયે નેપાળ અને ફ્રાન્સમાં હિંસક જનક્રાંતિ જોવા મળી. નેપાળમાં ઓગષ્ટના અંતિમ સપ્તાહમાં કે.પી. શર્મા ઓલી સરકાર દ્વારા ફેસબુક, યુટ્યુબ અને એક્સ સહિત ૨૬ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકી દેવાતા દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા હતા. આ પ્રતિબંધ સામે જનરેશન ઝેડ તરીકે ઓળખાતાં હજારો યુવાનો રસ્તા પર ઊતરી આવ્યાં અને આંદોલન ભ્રષ્ટાચાર સામેનું આંદોલન બની ગયું.



તંત્રી - સ્વદેશ

હકીકતમાં નેપાળમાં ગરીબી, બેકારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારે માઝા મકી હતી. જેને કારણે યુવાનો સોશિયલ મીડિયા થકી સરકાર સામે રોષ ઠાલવવા માંડ્યા હતા. સરકારને હતુ કે તેના પર પ્રતિબંધ મુકવાથી બધુ થાળે પડી જશે. પરંતુ યુવાનોના હિંસક વિરોધે સ્થિતિ બદલી કાઢી. પીએમ કે.પી. શર્મા ઓલીની સરકારને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર લાદવામાં આવેલો પ્રતિબંધ પાછો ખેંચવાની ફરજ પડી. એટલું જ નહીં, હિંસક આદોલનને કારણે પીએમ અને સરકારી મંત્રીઓએ દેશ છોડવો પડ્યો અને કેટલાક નેતાઓને લોકોએ દોડાવી દોડાવીને માર્યા.

નેપાળમાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયને કેટલાંક સ્થાનિક યુવાનોએ અભિવ્યક્તિની આઝાદી પર હુમલો ગણાવ્યો હતો. નેપાળ સરકારની દલીલ હતી કે, કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ નેપાળમાં નોંધાયેલાં નહોતાં તેથી તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, પરંતુ નેપાળનાં યુવાનોએ સરકારની આ દલીલને એક બહાનુ માન્યું. નેપાળના રસ્તાઓ પર જોવા મળતો વિરોધ યુવાનોના વર્તનમાં પરિવર્તનનું ઉદાહરણ છે.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ અને સંસદ ભવન, સુપ્રીમ કોર્ટ અને મીડિયા હાઉસોને પણ લોકોએ આગ લગાડી ફુંકી માર્યા. પહેલા તો પોલીસે પ્રદર્શનકારીઓને રોકવા માટે પાણીનો મારો ચલાવ્યો અને ટીયર ગેસના સેલનો ઉપયોગ કર્યો, પરંતુ પ્રદર્શન અટક્યા નહીં, વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને કાઠમંડુના કેટલાક વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો. વિરોધ પ્રદર્શન દરમિયાન ઘણાં લોકો ઘાયલ થયાં અને ગોળીબારથી ૨૦ લોકોનાં મોત થવા ઉપરાંત ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયાં. જેના કારણે સ્થિતિ વધુ ઉગ્ર બની. ચારેતરફ તોડફોડ, અરાજકતા, હિંસા, આંદોલન, સરકારી કચેરીઓમાં, સંસદ ભવન સુધી યુવાનોએ કુચ કરી દીધી. દેશના વડા પ્રધાન ઓલીને દેશ છોડીને નાસી જવું પડયું. બે દિવસમાં તો ઓલીની સરકાર પણ પડી ગઈ અને સત્તાથી વિમુખ થઈ જવું પડયું. જાણકારો માને છે કે, નેપાળમાં ઓલી સરકાર દ્વારા સોશિયલ મીડિયા ઉપર પ્રતિબંધ મુકાયો તે એકમાત્ર કારણ નહોતું કે યુવાનો સરકાર સામે પડયા. છેલ્લાં ઘણા વર્ષોથી યુવાનો બધું જ સહન કરતા આવ્યા હતા. એટલે જ યુવાનો દ્વારા જે રેલીઓ કાઢવામાં આવી, સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા કે પછી સોશિયલ મીડિયા ઉપર ટ્રેન્ડ ચલાવવામાં આવ્યા તે બધા જ નેપો કિડ્સના હતા. મૂળ વાત એવી હતી કે, વિરોધ કરનારા યુવાનોના મનમાં એવી લાગણી હતી કે, નેતાના પરિવારજનો, સંતાનો વિદેશમાં ફરવા જાય, ભણવા જાય, શોપિંગ કરવા જાય અને અત્યંત વૈભવી જીવન પસાર કરે છે. આ બધું જ તેઓ સોશિયલ મીડિયામાં શેર પણ કરે. બીજી તરફ સ્થાનિક યુવાનોને બેરોજગારીની સમસ્યા હતા. નેતાઓ અને પાવરફુલ પરિવારોના સંતાનો કે જેને નોપો કિડ્સ કહેવાય છે તેઓ કોઈપણ યોગ્યતા કે સંઘર્ષ વગર બધું મેળવી લે છે. તેમના પરિવારની સત્તા, રાજકીય વગ અને આર્થિક તાકાતના જોરે ઉંચા પદ, ધંધા રોજગાર, સુખ-સાહ્યબી અને બીજું ઘણું મેળવી લે છે. આ કારણે જ યુવાનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. આ ઉપરાંત નેપાળમાં ચારેક વર્ષમાં થયેલા ભ્રષ્ટાચારથી પણ લોકોમાં રોષ હતો. ઓમની કાંડ અને લલિતા નિવાસ જેવા બહુચર્ચિત ભ્રષ્ટાચારના કાંડને કારણે યુવાનો ગુસ્સે જ હતા. નોકરીઓમાં પણ લાંચ અને ગોઠવણોના કારણે સામાન્ય લોકો ઉશ્કેરાયેલા હતા, તેમાં સોશિયલ મીડિયા પર બેન મુકાયો અને ભડકો થઈ ગયો. નેપાળની અન્ય મોટી સમસ્યાની વાત કરીએ તો ત્યાં ગરીબી અને આર્થિક અસમાનતા પણ મોટાપાયે છે. દેશમાં ગરીબોને સામાન્ય સુવિધાઓ પણ મળતી નથી, રોજગાર મળતા નથી, સામાજિક સુવિધાઓ મળતી નથી, રાજકીય લાભ મળતા નથી. બીજી તફ ધનિકોને, નેતાઓને, વગદાર લોકોને તેમના સંતાનો અને પરિવારજનોને અઢળક સુવિધાઓ મળી રહી છે. તેના કારણે પણ જનતા ત્રસ્ત છે. અહીંયા જાતીય, પ્રાદેશિક, સાંસ્કૃતિક આધારે પણ લોકો સાથે ખૂબ જ ભેદભાવ કરવામાં આવે છે. ખાસ કરીને મધેસી, થારૂ અને અન્ય જનજાતીય સમુદાયોના યુવાનોને સમાન અવસર મળતા જ નથી. આવા અનેક કારણો આ આંદોલનની તીવ્રતા પાછળ જવાબદાર હતા. છેલ્લાં ૧૦ વર્ષમાં નેપાળમાં લગભગ ૧૫થી વધારે વખત સરકાર બની અને પડી ગઈ છે.

નેપાળ બાદ તરત જ ફ્રાન્સ ભડકે બળવા લાગ્યું છે. ફ્રાન્સની સરકારે રજૂ કરેલા બજેટ અને અન્ય આર્થિક નિર્ણયોને કારણે ફ્રાન્સમાં લોકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચી ગયો અને બુધવારે પેરિસ સહિત નાના મોટા શહેરો સહિત કુલ ૩૦ સ્થળોએ ભયાનક આંદોલન શરૂ થયું હતું. ૧ લાખથી વધારે લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને પોલીસ સાથે સંઘર્ષમાં ઉતરી ગયા હતા. ફ્રાન્સની જનતા દ્વારા બ્લોક એવરીથિંગ નામનું આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. રસ્તા રોકવાથી માંડીને, રેલવે અને અન્ય જાહેર પરિવહન સેવાને બાધિત કરાઈ હતી. અનેક સ્થળોએ તોડફોડ અને આગચંપી કરવામાં આવી હતી. ૮૦,૦૦૦થી વધારે પોલીસ કર્મીઓ વિરોધ પ્રદર્શન રોકવા માટે ઉતારી દેવાયા હતા. નેપાળમાં બનેલી આ ઘટના બદલાયેલા સમાજનો અરીસો છે, જેમાં સહિષ્ણુતાનો અભાવ પણ છે. આ પહેલાં શ્રીલંકા અને બાંગ્લાદેશમાં પણ આ પ્રકારના આંદોલન થઈ ચુક્યા છે. દુનિયાના યુવાનો દરેક બાબતમાં ક્રાંતિ જોઈ રહ્યાં છે. પરંતુ તેનો આધાર સોશિયલ મીડિયા છે. શાસક પક્ષ તેનો ઉપયોગ પોતાના પ્રચાર માટે કરી શકે છે તો વિદેશી તાકાતો દેશના યુવાનોને ગુમરાહ કરવા અને શાસકો સામે ઉશ્કેરવા માટે પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકે છે. કારણ કે, યુવાનો હવે સોશિયલ મીડિયાના ગુલામ બની ગયા છે, જે સોશિયલ મીડિયાની લગામ વિદેશી કંપનીઓના હાથમાં છે. આમાંની મોટા ભાગની કંપનીઓ અમેરિકામાં છે. જેને કારણે જ નેપાળમાં થયેલી હિંસા પાછળ અમેરિકાનો હોથ હોવાની આશંકા પણ સેવાઈ રહી છે.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# જમીન વિવાદમાં ક્રિકેટર યુસુફ પઠાણની અરજી હાઈકોર્ટે ફગાવી

## કોર્પોરેશનને જમીનનો કબજો લેવા ટકોર, બંગલાની બાજુના કોર્પોરેશનના પ્લોટ પર દિવાલ ચણી દેવાતા વિવાદ

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાણીતા રમતવીરોને રાહતદરે જમીન આપવાની યોજના અમલમાં મૂકી હતી. તેમાં ક્રિકેટર યુસુફ પઠાણે જમીનની માંગણી કરી હતી. તેને કોર્પોરેશનની સભાએ મંજૂરી આપી રાજ્ય સરકારમાં મોકલી હતી, પરંતુ નામંજૂર દીધી હતી. હવે તે જમીન પર ગેરકાયદે દબાણ કરી તબેલો અને દીવાલ બાંધી દઈ પ્લોટનો કેટલોક ભાગ પોતાના હસ્તક મેળવી લીધો હતો. જે અંગે વિવાદ થતાં કોર્પોરેશને નોટિસ આપતા યુસુફ પઠાણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જે અંગેનો કેસ ચાલી જતાં હાઈકોર્ટે યુસુફ પઠાણની અરજી



ફગાવી દીધી છે અને વડોદરા મહાનગરપાલિકાની ટીકા કરી છે કે, કોર્પોરેશને આ જમીનનો કબજો હજુ સુધી લીધો કેમ નથી?

વડોદરાના ક્રિકેટર યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળમાંથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ભાજપના પૂર્વ મેયરે સોશિયલ મીડિયા પર મેસેજ ફરતો કરતા વિવાદ સર્જાયો હતો, ત્યારે હવે તેમના બંગલાની બાજુમાં આવેલા કોર્પોરેશનના પ્લોટનો કેટલોક ભાગ કથિત રીતે દબાવી લઈ ગેરકાયદે રીતે દીવાલ બાંધી દઈ તબેલો કરી દીધાનું બહાર આવતા પઠાણ બંધુઓ વિવાદમાં આવ્યા હતા.

તાંદળજા શુભમ પાર્ટી પ્લોટ પાસે આવેલી આંગન સોસાયટી નજીક ટી.પી. સ્કીમ નં.22 ના ફાઈનલ પ્લોટ નં.90 વાળી રહેણાંકનો હેતુ ધરાવતી 978 ચોરસ મીટર જમીન ક્રિકેટર યુસુફ પઠાણે 3 માર્ચ 2012 ના રોજ વેચાણથી માંગણી કરી હતી. જે અંગે 8 જૂન 2012 ના માત્ર ત્રણ મહિનામાં કોર્પોરેશનની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસના પણ વિરોધ વિના સર્વાનુમતે જમીન આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.

કોર્પોરેશને ઠરાવ કર્યા બાદ રાજ્ય સરકારમાં મંજૂરી માટે મોકલવામાં આવતા રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે 9 સપ્ટેમ્બર 2014 ના રોજ કમિશનરને પત્ર લખી યુસુફ પઠાણને ફાળવવામાં આવેલી જમીન પ્રતિ ચો.મી. રૂા. 57, 270 ના પ્રિમિયમથી 99 વર્ષના ભાડા પટ્ટેથી જાહેર હરાજી સિવાય ફાળવવા માટે ખાસ કિસ્સા તરીકે રાજ્ય સરકારની મંજૂરી મેળવવા અંગે કરવામાં આવેલી દરખાસ્ત નામંજૂર કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

# ઓસ્ટ્રેલિયાના PRના નામે બે યુવક પાસે નાણા ખંખેરનાર ચાર સામે ગુનો

**વડોદરા**

ઓસ્ટ્રેલિયાના પી.આર ના નામે બે યુવક સાથે છેતરપિંડી કરનાર ખાનગી વિઝા ઓફિસના ચાર સંચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. ગોત્રી રોડના બંસલ મોલ સામે સાઈનાથ રેજન્સીમાં રહેતા આશિષ કુમાર સોલંકીએ પોલીસને કહ્યું છે કે, મારે ઓસ્ટ્રેલિયામાં વર્ક પરમિટ અને પીઆરની જરૂર હોવાથી ડિસેમ્બર 2022 માં ગેંડા સર્કલ પાસે ઓસન બિલ્ડીંગમાં આવેલી એવી ઈમિગ્રેશન(એપેક્ષ)નો સંપર્ક કર્યો હતો. ઓફિસમાંથી મને 5.50 લાખ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહેવાયું હતું અને બે વર્ષના વિઝા મળશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેથી મેં ટુકડે ટુકડે 2.33 લાખ ભર્યા હતા. પરંતુ ત્યારબાદ વારંવાર તપાસ કરવા છતાં મને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો અને રૂપિયા પણ પરત કર્યા ન હતા. આવી જ રીતે સોમા તળાવ પાસે સિદ્ધેશ્વર હેપીનેસમાં રહેતા કેતનભાઈ સોલંકી અને તેમના પરિવારને કેનેડા તથા ઓસ્ટ્રેલિયા મોકલવાના નામે પણ સંચાલકોએ 1.80 લાખ પડાવી લીધા હોવાની વિગતો જાણવા મળી છે. જેથી પોલીસે એ.વી ઈમિગ્રેશનના સંચાલક જયપ્રકાશ જીવરાજભાઈ મહેતા, તનુશ્રી વિશ્વાસ, સંજીવ રાય કુમાર અને મનીન્દરસિંગ અરોરા સામે ગુનો નોંધ્યો છે.

# પાટણમાં ભેંસના તબેલામાં ખાનગી યુનિવર્સિટી કોંગ્રેસ ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલનો આક્ષેપ

## વિધાનસભામાં સવાલ ઉઠતાં રાજ્ય સરકારે ભૂતિયા યુનિવર્સિટી હોવાની વાત સ્વીકારી

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાના 15મા સત્રના ત્રીજા અને અંતિમ દિવસે કોંગ્રેસ દ્વારા વરસાદી હોનારતથી પ્રભાવિત બનાસકાંઠાના મુદ્દે અને રાજ્યમાં ‘ભૂતિયા યુનિવર્સિટી’ને લઈને ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. પાટણ જિલ્લામાં આવેલી એમ.કે. યુનિવર્સિટીને લઈને કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પૂછીને જણાવ્યું હતું કે આ યુનિવર્સિટી મંજૂર કરેલી જગ્યાને બદલે ભેંસોના તબેલામાં ચાલી રહી છે, જેના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ડૉ. કિરીટ પટેલે 31 જુલાઈ 2025ની સ્થિતિએ પ્રશ્ન કર્યો હતો કે શું પાટણની એમ.કે. યુનિવર્સિટી મંજૂર થયેલી જગ્યા સિવાય અન્ય જગ્યાએ ચાલી રહી છે? જો હા, તો છેલ્લા બે વર્ષમાં આ મુદ્દે કેટલી ફરિયાદો મળી છે અને તેના પર શું કાર્યવાહી કરવામાં આવી છે? આ પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યું હતું કે આ મુદ્દે ત્રણ ફરિયાદો મળી છે અને આ ફરિયાદો પર નિયમાનુસારની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

સરકારના જવાબ પર પ્રતિક્રિયા આપતા ડૉ. કિરીટ પટેલે જણાવ્યું હતું કે સરકારે તેમના પ્રશ્નમાં જ રાજ્યમાં ‘ભૂતિયા યુનિવર્સિટી’ હોવાની વાત સ્વીકારી છે. તેમણે આક્ષેપ કર્યો કે જ્યાં યુનિવર્સિટીને મંજૂરી આપવામાં આવી છે, ત્યાં સુવિધાઓનો અભાવ છે, જ્યારે તે ખરેખર ભેંસોના તબેલામાં ચાલી રહી છે.

# ખેડા જિલ્લાની 5 નગરપાલિકામાં આસપાસના ગામોને ભેળવવા સામે આંદોલનના ભણકારા

## 30 ગામોમાં નિર્ણય સામે વિરોધ, ઠેર ઠેર ગ્રામસભા બોલાવી ઠરાવો કરવાનું શરૂ

**નડિયાદ**

ખેડા જિલ્લામાં પાંચ નગરપાલિકાઓમાં ૩૦ ગામોને ભેળવવા સામે ત્રણ દિવસથી વિરોધ ઉઠયો છે. ગામોએ ગ્રામસભા બોલાવી પાલિકાઓમાં ન ભળવા માટે ઠરાવ મંજૂર કરી અંતિમ હથિયાર આગળ ધર્યું છે.

ખેડા જિલ્લાના ઠાસરા, ડાકોર, ખેડા, કણજરી અને મહુધા પાલિકાઓમાં કુલ ૩૦ જેટલા ગામોને સમાવવા માટે દરખાસ્ત તૈયાર કરી કલેક્ટરના અભિપ્રાય સાથે રજૂ કરવા ચીફ ઓફિસરોને આદેશ કરાયો છે. આદેશની સાથે જ પાંચ પાલિકાઓમાં જે ગામોને જોડવાની વાતો ઉઠી તે તમામ ગામોમાંથી વિરોધના વંટોળ ઉઠયા છે. નગરપાલિકાના વિસ્તરણ અને ગામોને જોડવાની વાતોનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. તમામ ગામોમાંથી નિર્ણયને તઘલખી અને ગેરવાજબી ગણાવાયો છે. ત્યારે દરેક ગામમાં વિરોધ દર્શાવવા ગ્રામસભાઓ બોલાવવામાં આવી રહી છે. ગામોએ પોતાની અસ્મિતા જાળવવા ગ્રામસભાનો ઠરાવ કરી નિર્ણયો પણ કરાઈ રહ્યા છે.

આકસ્મિક રીતે શરૂ થયેલા શહેરીકરણના મામલે તમામ ગામોમાંથી જાણવા મળ્યું છે કે, દરખાસ્ત મોકલતા પહેલા મત વિસ્તારમાં આવતા અને પોતે જે ગામોને શહેરમાં ભેળવવાની માંગણી કરી, તે ગામોના અગ્રણીઓ અને પોતાના જ કાર્યકર્તાઓનો મત લેવાયો નથી.

# મુજમહુડામાં ગણેશ મંડળ આયોજક અને સ્થાનિક રહીશો વચ્ચે મારામારી

## ટ્રાફિક જામ થતા મૂર્તિ થોડી આગળ લઇ જવાનું કહેતા ઝઘડો

**વડોદરા**

મુજમહુડા ભૈરવ નગરમાં ર હેતા સાગર પ્રકાશભાઈ સેંગરે જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગઈકાલે રાતે સાડા દશ વાગ્યે હું અને મારી પત્ની મુજમહુડા ખાતે રાજા રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હતા. અમે જમીને ભૈરવનગર મહોલ્લાના ગણેશજીના વિસર્જનની યાત્રા જોવા માટે ગયા હતા. તે સમયે અમારા મહોલ્લામાં રહેતો દિલીપ નારાયણભાઈ સેંગરે મારી સાથે ઝઘડો કરી લાફો મારી દીધો હતો. જ્યારે સામા પક્ષે રાજેન્દ્ર ઉર્ફે રાજા નારાયણભાઈ સેંગરે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,ગઈકાલે અમારા મહોલ્લાના ગણેશજીની સવારી લઈને અમે નીકળ્યા હતા. મુજમહુડા રોડ પર ટ્રાફિક જામ થતા અમારા મંડળની મૂર્તિ પાછળ રહી ગઈ હતી અને રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેથી, મેં મંડળના આયોજક વિજય સાવંતને મૂર્તિ આગળ લઈ જવા કહેતા તેમણે ઉશ્કેરાઈને મારા પર હુમલો કર્યો હતો. તેનું ઉપરાણું લઈને વિરાજ, સાગર સેંગર તથા પ્રેમે પણ મારા પર હુમલો કરી ધમકી આપી હતી.

# બેંકને મકાનનો કબજો આપવા 25,000 માંગ્યા આણંદમાં કોર્ટનો સુપ્રિટેન્ડેન્ટ લાંચ લેતા ઝડપાયો

**આણંદ**

ભ્રષ્ટાચારની ઘટનાઓ સતત વધી રહી છે, ત્યારે આણંદ જીલ્લા ન્યાયાલયનો સુપ્રિટેન્ડેન્ટ રૂ. ૧૫,૦૦૦ની લાંચ લેતા ઝડપાયો હતો. એક ફરિયાદીના મકાનનો કબજો લેવા માટે બેન્ક દ્વારા સરફેસી એક્ટ હેઠળ આણંદની સિવિલ કોર્ટમાં કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી. કોર્ટે તા. ૨૩/૦૪/૨૦૨૫ ના રોજ બેન્કને મકાનનો કબજો સોંપવાનો આદેશ આપ્યો હતો. આ આદેશનો અમલ કરવા માટે કોર્ટ કમિશનર ઉસ્માનગની તા. ૩૧/૦૮/૨૦૨૫ ના રોજ ફરિયાદીના ઘરે ગયા હતા, પરંતુ તેમણે તે સમયે મકાનનો કબજો બેન્કને સોંપ્યો ન હતો.

આરોપીએ ફરિયાદીનો રૂબરૂ અને ટેલિફોનિક સંપર્ક કરીને જણાવ્યું હતું કે, કોર્ટના માણસો મકાનનો કબજો લેવા માટે આવશે તેની અને આગામી નોટિસની જાણ કરવા માટે તેમણે રૂ. ૨૫,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. જેમાંથી રૂ. ૧૦,૦૦૦ તેઓ અગાઉ જ લઈ ચૂક્યા હતા. બાકીના રૂ. ૧૫,૦૦૦ ની માંગણી કરતા ફરિયાદીએ આ રકમ આપવાની ના પાડી હતી અને ACB નો સંપર્ક કર્યો હતો. ACB એ ફરિયાદીની ફરિયાદના આધારે એક છટકું ગોઠવ્યું હતું, જેમાં આરોપી ઉસ્માનગનીએ હેતુપૂર્વક વાતચીત કરીને લાંચની રકમની માંગણી કરી અને સ્વીકારીને પકડાઈ ગયા હતા. આ સમગ્ર મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

Cook & Part-Time Caregiver
Experienced Cook & Part-Time Caregiver
» Looking for delicious daily meals or snacks? I've got you covered!
» Home-style cooking in Gujarati, Punjabi, Chinese, Diet-friendly meals
» Fresh juices, shakes, sandwiches, drinks, desserts & more
» Hygienic cooking in your kitchen – I follow your menu & instructions
» I clean all used areas after duty
Available for kids & elder care support (part-time)
minimum 5 hours to babysit or elder care
Can commute to your location | 30$ / hour ... cooking | Daily full meals | Healthy & customized options
Contact : - Tisha khanderia +1 (416) 898-5190

# અંબાજીમાં 40 લાખ શ્રદ્ધાળુએ અંબા માતાના દર્શન કર્યા, છેલ્લા દિવસે 4 લાખ ભક્તો ઉમટ્યા

## 7 દિવસમાં 232.610 ગ્રામ સોનાની આવક, મોહનથાળના 23 લાખ પેકેટ વેચાયા

**અંબાજી**

શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો આજે વરસતા વરસાદ વચ્ચે નિર્વિઘ્ને સંપન્ન થયો હતો. સાત દિવસના મહામેળામાં 40.41 લાખ ભક્તોએ મા અંબાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ભક્તોએ દર્શન કરીને મા અંબાને નોરતાનું આમંત્રણ પાઠવ્યું હતું. જયારે આજે ચંદ્રગ્રહણ હોવાથી મંદિર વહેલું બંધ કરવામાં આવ્યું હતું.

અંબાજીમાં આજે મેળાના અંતિમ દિવસે 4.24 લાખ ભક્તોએ મા અંબાના ચરણોમાં શિશ ઝુંકાવ્યા હતા. અંબાજીમાં આજે વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો અને વરસાદ વચ્ચે પણ પદયાત્રિકોની આસ્થા અડગ રહી હતી. વરસાદમાં પદયાત્રિકો સહિત ભક્તોએ મોટી સંખ્યામાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. વરસાદથી અંબાજીના બજારોમાં પાણી ભરાયા હતા.

અંબાજીના સાત દિવસ મહામેળામાં 3070 ધજાઓ ભક્તોએ ચડાવી હતી. 23.20 લાખ મોહનથાળના પેકેટનું વિતરણ થયું હતું. જયારે ચિકીના 35811 પેકેટનું વિતરણ કરાયું હતું. મેળા દરમિયાન 232.610 ગ્રામ સોનાની અને 500 ગ્રામ ચાંદીની આવક થઇ હતી. આજે વિવિધ વિભાગો દ્વારા મા અંબાના શિખરે પરંપાર મુજબ ધજાઓ ચડાવવામાં આવી હતી. આજે મેળાના અંતિમ દિવસે યોગદાન આપનામ દરેક વિભાગના કર્મચારીઓ અને સેવા કેમ્પો સહિતનું સન્માન કરાયું હતું.

# બળાત્કારના આરોપી સાયકિયાટ્રિસ્ટને શોધવા ફાર્મ, મકાન, ક્લિનિક પર દરોડા

## પીડિતાને નોકરીના સ્થળે બદનામ કરતા મેલની તપાસ

**વડોદરા**

મહિલા તબીબ સાથે ૧૭ વર્ષ પહેલાં સંપર્કમાં આવ્યા બાદ વારંવાર બળાત્કાર ગુજારનાર સયાજી હોસ્પિટલના સિનિયર સાયકિયાટ્રિસ્ટ ડો. ચિરાગ બારોટ સામે બળાત્કારની ફરિયાદ નોંધાતાં તે ફરાર થઇ ગયો છે. ૪૩ વર્ષીય ડિવોર્સી મહિલા તબીબને લગ્ન કરવાના વાયદા કરી વારંવાર શારીરિક સંબંધ બાંધતા અને તેને પરેશાન કરતા સયાજી હોસ્પિટલના ડો.ચિરાગ બારોટ સામે મહિલાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે શહેરના ભાયલી નજીક અંપાડ ખાતે આવેલા ફાર્મમાં ડો.ચિરાગની તપાસ કરી હતી.

આ ઉપરાંત પોલીસે તેના ગોરવાની ગોકુલ સોસાયટી, સલાટવાડાના ક્લિનિક અને અન્ય આશ્રય સ્થાનો પર દરોડા પાડયા હતા.જેમાં મહિલા પીઆઇને પણ સામેલ કરવામાં આવ્યા હતા. પરંતુ આરોપીનો કોઇ પત્તો લાગ્યો નથી. પોલીસે આજે બનાવ સંદર્ભમાં સીસીટીવી ફૂટેજ અને મોબાઇલ પરના મેસેજ સહિતના પુરાવા એકત્રિત કરવાની કામગીરી કરી હતી તેમજ ૨૦ થી વધુ લોકોના નિવેદન પણ લીધા હતા.

# વડોદરા જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે ડૂબી જવાથી ત્રણ લોકોના મોત

**વડોદરા**

વડોદરા જિલ્લાના શાહપુરા ગામના વૃદ્ધ છઠ્ઠી સપ્ટેમ્બર બપોર બાદ કુદરતી હાજર માટે ગામથી હાશજીપુરા ગામ જતા રોડ પર ચાલતા નીકળ્યા હતા. આ દરમિયાન ભારે વરસાદના કારણે ઢાઢર નદીના પાણી રસ્તા પર આવી ગયા હતા. અકસ્માતે પગ લપસી જવાથી નજીકના કાંસમાં ડૂબી ગયા હતા. તેમનો મૃતદેહ બીજા દિવસે મળી આવ્યો હતો. આ મામલે પોલીસે આગળની તપાસ કરી છે.

કરજણ તાલુકાના માંગલેજ ગામના 40 વર્ષના દશરથ રાઠોડિયા સાતમી સપ્ટેમ્બરે બપોરે 12 વાગ્યે વરસતા વરસાદમાં ઘરેથી નીકળ્યા હતા. ભારે વરસાદના કારણે ગામ નજીકથી વહેતી રંગાઈ નદીમાં નવા નીર આવ્યા હતા. તેને જોવા માટે ગયા હતા, ત્યારે પગ લપસી જવાથી તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેનું મોત નિપજ્યું હતું. બીજી તરફ ઈટોના ગામના ગારા વિસ્તારમાં આવેલા સિકોતર નગરમાં રહેતા 54 વર્ષીય આધેડ ઘરેથી નીકળી ગયા બાદ તેમનો મૃતદેહ કોઠવાડા ગામની ઢાઢર નદીમાંથી મળ્યો હતો. નદીમાં પૂર આવ્યું હોવાથી તે ડૂબી ગયા હતા.

# પાવાગઢ ખાતે રોપ વે દુર્ઘટના : ગાઈડ કેબલ સાથે ટ્રોલી અથડાતાં 6 લોકોને જીવ ગુમાવ્યા

**પંચમહાલ**

પાવાગઢમાં ગુડ્ઝ રોપ વેની દુર્ઘટના બાદ અકસ્માત કયા કારણોસર થયો તેની તપાસ માટે જિલ્લા કલેક્ટર દ્વારા ચાર સભ્યોની રચના કરવામાં આવી છે. કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન વિભાગ, કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન ઇલેક્ટ્રિકલ, કાર્યપાલક ઇજનેર મિકેનિકલ તેમજ ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર આમ ચાર સિનિયર અધિકારીઓની ટીમને બનાવની તપાસ કામગીરી સોંપવામાં આવી છે.

આજે વહેલી સવારથી તપાસ સમિતિના સભ્યોએ ઘટનાસ્થળે પહોંચી વહીવટીતંત્ર તેમજ પોલીસને સાથે રાખી કામગીરી આરંભી હતી. સમિતિના સભ્યોએ તપાસની શરૂઆત જિલ્લા કલેકટરની હાજરી સાથે કરી હતી. જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે તપાસ સમિતિનો પ્રાથમિક અહેવાલ આવવાનો બાકી છે. સાથે સાથે પોલીસ તેમજ એફએસએલની તપાસ પણ ચાલુ છે.

તેમણે ઉમેર્યુ હતું કે ટેકનિકલ સમિતિ અને એફએસએલ સાથે પ્રાથમિક તબક્કે વાત કરતા જાણવા મળ્યું છે કે ટાવર નંબર 3 અને ટાવર નંબર 4ની વચ્ચેનો રોપ વેનો મુખ્ય કેબલ તૂટી જવાના કારણે ગાઈડ કેબલ સાથે ટ્રોલી નીચે એક નંબરના ટાવર સાથે ધડાકાભેર અથડાતા આ ઘટના બની હતી. તૂટેલા રોપ વેના બંને છેડા શોધવાની કામગીરી હાલમાં ચાલુ છે. પરંતુ વરસાદી વાતાવરણ હોવાને કારણે તેમાં સમય લાગી રહ્યો છે રોપ વેના બંને છેડા શોધ્યા બાદ તે તપાસ માટે એફએસએલમાં મોકલાશે. એફએસએલની તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ જાણવા મળશે.

# વડોદરામાં મગરે કરેલા હુમલામાં 1 વર્ષમાં 8 વ્યક્તિના મોત, રૂ. 65 લાખ વળતર ચૂકવાયું

**વડોદરા**

વિશ્વામિત્રી નદીના પટમાં હાલ 442 મગરનો વસવાટ હોવાના આંકડા તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યા છે. વિશ્વામિત્રી ઉપરાંત ઓરસંગ અને ઢાઢર નદીમાં પણ મોટી સંખ્યામાં મગરનો વસવાટ હોવાથી મગરના હુમલાના બનાવ બાબતે તપાસ કરતાં એક વર્ષમાં મગરના હુમલામાં કુલ 8 લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યુ છે. આ મામલે રાજ્ય સરકારે મૃતકોના પરિવારને રૂ.65 લાખનું વળતર ચૂકવ્યું છે.



મગર દ્વારા માનવ પર હુમલાના જે બનાવ બન્યા છે તે તમામ બનાવ વડોદરા જિલ્લામાં બન્યા છે. શહેરમાં મગર દ્વારા હુમલાનો એક પણ બનાવ નોંધાયો નથી. વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુ ટ્રસ્ટના સુત્રોએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે મગર માનવ પર હુમલો કરતા નથી પરંતુ તેમને જ્યારે એવુ જણાય કે, તે અથવા તો તેના ઈંડા સુરક્ષિત નથી ત્યારે તે હુમલો કરે છે. જિલ્લામાં નદી કિનારા પર મગરથી સાવચેત રહો તેવા બોર્ડ મુકવામાં આવ્યાં હોવા છતાં લોકો નદીમાં જાય છે. જેમાં મગર દ્વારા હુમલાના બનાવ બને છે.

વન ખાતાના સુત્રોએ જણાવ્યું હતું કે, જ્યારે જંગલી પ્રાણી દ્વારા હુમલો કરીને માનવને ઈજા પહોંચાડવામાં આવે અથવા તો તેનું મૃત્યુ નિપજાવવામાં આવે ત્યારે સરકાર દ્વારા મૃતકના પરિવારને આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

# પંચમહાલ ડેરીની ચૂંટણી : તમામ 18 ઉમેદવારો બિનહરીફ જાહેર કરાયા

**પંચમહાલ**

પંચમહાલ ડેરીની ચૂંટણી યોજાય તે પહેલા જ તમામ 18 બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. નોંધનીય છે કે, 20 સપ્ટેમ્બરે પંચમહાલ ડેરીની ચૂંટણી યોજાવાની હતી. પરંતુ, તેના 10 દિવસ પહેલાં જ તમામ બેઠકો બિનહરીફ જાહેર થઈ ચુકી છે.

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના લાખો પશુપાલકોની જીવાદોરી સમાન ધી પંચમહાલ સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (પંચમહાલ ડેરી)ની વ્યવસ્થાપક મંડળની ચૂંટણી આગામી 20 સપ્ટેમ્બરના રોજ યોજાવાની છે. જેમાં 18 બેઠકો પર કુલ 31 ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જોકે, બાદમાં ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખે 13 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા હતા. જેના કારણે પેનલના તમામ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે.

ડેરીના વર્તમાન ચેરમેન જેઠાભાઈ ભરવાડ ફરીથી ચેરમેન બનવાની પૂરી શક્યતા છે. તેઓ 2009 થી પંચમહાલ ડેરીના દુરંદેશી નેતૃત્વ હેઠળ સતત દબદબો જાળવી રહ્યા છે અને હવે 2025 સુધી તેમનું પ્રભુત્વ યથાવત રહેશે તેવી ચર્ચા ચાલી રહી છે.

# ઘોઘંબા નજીક ગુજરાત ફ્લોરો કેમિકલ્સમાં ગેસ લીકેજ, એકનું મોત, 12 લોકો ઈજાગ્રસ્ત

**ઘોઘંબા**

ઘોઘંબા તાલુકાના રણજીત નગરમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ કંપની (GFL) માં આજે બપોરે રેફ્રિજરેશન ગેસ બનાવતા પ્લાન્ટમાં અચાનક ગેસ લીકેજ થવાની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે અન્ય 12 કામદારોને ગેસ ગળતરની અસર થઈ છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ લીકેજ રેફ્રિજરેશન ગેસ બનાવવાના પ્લાન્ટમાં થયો હતો. કંપનીના કર્મચારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને લગભગ 15 મિનિટમાં લીકેજને બંધ કરી દીધો હતો અને પ્લાન્ટને શટડાઉન કરવામાં આવ્યો હતો. આ દુર્ઘટનામાં કંપની કમ્પાઉન્ડમાં આવેલા મંદિરના પૂજારી ગંભીર રીતે પ્રભાવિત થતા તેમનું મોત થયું હતું.

# સાંતલપુરમાં બે દુર્ઘટના : 8થી વધુ લોકો ડૂબ્યા, ત્રણના મોત, અન્યની શોધખોળ

## નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતાં યુવકો તણાયા

**સાંતલપુર**

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં આજે (૧ સપ્ટેમ્બર) બે અલગ અલગ જગ્યાએ ડૂબવાની ઘટના સામે આવી છે. સાંતલપુરમાં નદીના વહેણમાં 3 લોકો ડૂબ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. જેમાં બેના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એકની શોધખોળ ચાલી રહી છે.

બીજી ઘટનામાં નળીયા ગામ નજીક ખારી નદીમાં નહાવા ગયેલા 5થી વધુ લોકો ડૂબ્યા હતા. નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધવાથી યુવકો તણાઈ ગયા. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી અને ચાર યુવકોને બહાર કાઢવામાં સફળતા મળી છે. જ્યારે અન્યની શોધખોળ ચાલી રહી છે. શોધખોળ માટે SDRFની ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

# દંતેશ્વરમાં મકાનની કોમન દિવાલ બાબતે બે પાડોશી વચ્ચે મારામારી

**વડોદરા**

સયાજીપુરામાં યોગીરાજહબની પાસે નીલકંઠ હબમાં રહેતા અમીશાબેન પ્રવીણભાઈ બરકાલાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ જણાવ્યું છે કે હું મારા પિયર બનતેશ્વર ખાતે નીલકંઠ પાર્કમાં રહેવા આવી છું. મારા પિતાજીના મકાનની બાજુમાં રહેતા પ્રદીપાબેન તેમના પતિ મારુતિભાઈએ શરૂ કર્યું હતું. કોમન દીવાલ બાબતે વિવાદ થતા તેઓએ કરેલું ચણતર અમે હટાવી દઈ ઈંટો તેમના ધાબા પર મૂકી હતી. તે બાબતે તેઓએ ઝઘડો કરી મારા પિતાજી સાથે ઝપાઝપી કરી હતી અને ગાળો બોલ્યા હતા. તેમણે ઈંટો અને પથ્થરો છૂટા ફેંકી ઘરના બારીના અને અગાસીના કાચ પણ તોડી નાખ્યા હતા. જ્યારે કામા પક્ષે પ્રદીપા બેને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે અમારું ચણતર તોડી નાખી નુકસાન કરી અમારી સાથે ઝઘડો કરી જપાજપી કરી હતી.

# બે પુત્ર-પત્નીને ચાકુના ઘા ઝીંકી હત્યા કરનારા પતિને આજીવન કારાવાસ

## દેવું થઈ જતાં શખ્સે અમાનવીય પગલું ભર્યું હતું

**ભરૂચ**

દેવું થઈ જતા બે બાળકો અને પત્નીના ગળા કાપી ઠંડા કલેજે હત્યા કરી આપઘાતનો પ્રયાસ કરનાર પતિને ભરૂચ સેશન્સ કોર્ટે કસૂરવાર ઠેરવી આજીવન કારાવાસની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

ભરૂચના ભોલાવ ખાતે તુલસીધામ શાકમાર્કેટ પાસેના શ્રી રંગકૃપા બંગલોઝમાં રહેતા કોકિલાબેન પટેલના મકાનના નીચેના ભાગે ભાવનગરના રહેવાસી જગદીશભાઈ દેવજીભાઈ સોલંકી ભાડેથી રહેતા હતા. જગદીશભાઈ પાનોલી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. વર્ષ 2018 દરમ્યાન કોકીલાબેન પૌત્રીને ટ્યુશન ક્લાસ મુકવા જઈ રહ્યા હતા તે વખતે જગદીશભાઈએ તેમને બૂમો પાડી બોલાવ્યા હતા. ઘરમાં જગદીશભાઈ સાથે આખો પરિવાર લોહી લુહાણ હાલતમાં હોય પત્ની અને બંને પુત્રોના મોત થયા હતા. જ્યારે ઈજાગ્રસ્ત જગદીશભાઈને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. ઘરના આગળના રૂમમાં તથા રસોડામાં લોહીથી લથપથ બે ચાકુ મળી આવ્યા હતા. જેથી કોકીલાબેને હત્યાકાંડને અંજામ આપનાર જગદીશ સોલંકી સામે ફરિયાદ નોંધાવતા ભરૂચ સી ડિવિઝન પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. આ કેસ ભરૂચના પ્રિન્સિપાલ ડી. જજ આર.કે.દેસાઈની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી. બી. પંડ્યાએ દલીલો કરી હતી. નામદાર કોર્ટે આરોપી જગદીશ સોલંકીને હત્યાના ગુનામાં કસુરવાર ઠેરવી આજીવન કારવાસની સજા ફટકારતો હુકમ કર્યો હતો. આરોપીએ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 313 મુજબના નિવેદનમાં એક પછી એક પોતાના પરિવારના સભ્યોને કેવી રીતે મારી નાખ્યા તેનું વર્ણન કરી ફરિયાદ પક્ષનો કેસ સ્વીકારી ફાંસીની સજાની માંગણી કરી હતી. સમગ્ર પરિવારને મોતના મુખમાં ધકેલી આરોપીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

# બહેન અમેરિકામાં અને સુરતમાં ભાઈએ ખોટું પાનકાર્ડ બનાવીને ખેલ કર્યો

**સુરત**

સણીયા-હેમાદ વિસ્તારના એક પરિવારમાં મોટા ભાઈએ પોતાની અમેરિકામાં વસતી બહેનનું ખોટું પાનકાર્ડ બનાવી તેની બોગસ સહી કરી 1.17 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી નાખતા ભારે ચકચાર મચી ગઈ છે.

મૂળ સણીયા હેમાદની વતની અને હાલ અમેરિકા સ્થાયી થયેલી 45 વર્ષીય રંજીતા પટેલ પોતાના પુત્ર સાથે ત્યાં નોકરી કરી જીવન નિર્વાહ કરે છે. રંજીતા પટેલ તથા તેના ભાઈ-માતા-પિતાના સંયુક્ત નામે વેડછા ગામે જમીન હતી. ગત જુલાઈ 2023માં આ જમીન 4.72 કરોડ રૂપિયામાં વેચાઈ હતી. જમીનના સોદામાં રંજીતાના હિસ્સામાં 1.17 કરોડ રૂપિયા આવવાના હતા. તે સમયે મોટા ભાઈ ભાવિન પટેલના હિસ્સામાં આવેલા રૂપિયા સહિત કુલ 1.84 કરોડ રૂપિયા સુરતની કુંભારીયા સ્થિત બેન્ક ઓફ બરોડાની શાખામાં જોઈન્ટ એકાઉન્ટમાં જમા કરાયા હતા. આ રૂપિયા સપ્ટેમ્બર 2025માં ઉપાડવાના હોવાનું જણાવાયું હતું.

# રિવર લિંક પ્રોજેક્ટ મુદ્દે સરકારે કુલડીમાં ગોળ ભાંગ્યો, વિપક્ષનો ગંભીર આરોપ

## 53 હજારથી વધુ આદિવાસી સ્થળાંતર કરવા મજબૂર બનશે

**તાપી**

નદીઓને જોડતાં પાર તાપી નર્મદા લીંક પ્રોજેક્ટ રદ કરવાની માંગ સાથે આદિવાસીઓ રસ્તા પર ઉતર્યા છે કેમકે, કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે આ પ્રોજેક્ટનો ડીપીઆર સુધ્ધાં તૈયાર કરી દીધો છે. વિધાનસભામાં આ મુદ્દે સવાલ ઉઠતાં રાજ્ય સરકારે એવો ફોડ પાડયો છે કે, આ પ્રોજેક્ટ મામલે વર્ષ 2023માં મહારાષ્ટ્ર-કેન્દ્ર સાથે એમઓયુ રદ કરવા ગુજરાત સરકારે કેન્દ્રને પત્ર લખ્યો હતો. જોકે, પ્રોજેક્ટ રદ કરાયો કે નહીં તે મામલે કોઈ ચોખવટ કરાઈ નથી. આ જોતાં આદિવાસી લાલઘૂમ થયા છે.

પાર તાપી નર્મદા લીંક પ્રોજેક્ટનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટને આખરી સ્વરૂપ આપી દેવાયુ છે. આ પ્રોજેક્ટને પગલે વલસાડ, ડાંગ, નવસારી, ભરૂચ જિલ્લાના 61 ગામડાઓને અસર થશે. 15 હજારથી વધુ મકાનો તૂટશે. 53 હજારથી વધુ આદિવાસીઓને સ્થળાંતર કરવા મજબૂર થવુ પડશે અને 35 હજાર હેક્ટર જંગલ-ખેતીની જમીનો ઝૂંટવી લેવાશે તેવી ભીતી સેવાઈ રહી છે.

મંગળવારે વિધાનસભામાં પાર તાપી નર્મદા લીંક પ્રોજેક્ટ વિશે સવાલ પૂછાયો ત્યારે સરકારે એવો ખુલાસો કર્યો કે, વર્ષ 2023માં ગુજરાત સરકારે કેન્દ્રને પત્ર લખ્યો કે, આ પ્રોજેક્ટ માટે ગુજરાત, મહારાષ્ટ્ર અને કેન્દ્ર વચ્ચે થયેલાં એમઓયુ રદ કરવામાં આવે. હકીકતમાં એવી કોઈ ચોખવટ કરવામાં આવી નથી કે, પ્રોજેક્ટ રદ કરાયો છે કે નહી.

ધારાસભ્ય અનંત પટેલે આ મુદ્દે વિરોધ નોંધાવતાં કહ્યું કે, સાંસદ ધવલ પટેલે જે પત્ર રજૂ કર્યો તેમાં આ વાતનો ઉલ્લેખ નથી. મંત્રી ઋષિકેશ પટેલે પણ સરકાર તેના નિર્ણય પર અડગ છે તેમ કહીને વાત અધુરી રજૂ કરી છે. હવે ખુદ સરકાર કહે કે, પ્રોજેક્ટના એમઅઓયુ રદ કરવા માત્ર પત્ર લખ્યો છે. પણ પ્રોજેક્ટ રદ થયો નથી. આમ, આદિવાસીઓ સાથે સરકાર છળકપટ કરી રહી છે.


Imperial PEST CONTROL



Serving Since 2006.

Residential • Commercial • Industrial

24 Hour Service • 7 Days a Week

All Pest Control:

Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control

Removal:

Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



First Flight FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જામનગરમાં લોકસમસ્યાના મુદ્દે સૂતેલા મેયરને જગાડવા કોંગ્રેસનો ઢોલ-નગારા સાથે વિરોધ

## રસ્તાના ખાડા પૂરાતાં નથી અને કમિશનથી કિસ્સા ભરાય છે, આક્ષેપ સાથે આવેદન

**જામનગર**

જામનગર શહેરમાં પ્રાથમિક સુવિધાઓના અભાવ અને બિસ્માર રસ્તાઓના પ્રશ્ને વિપક્ષ કોંગ્રેસ દ્વારા શાસક પક્ષ ભાજપ સામે અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો. આજે કોંગ્રેસના કાર્યકરોએ મેયરની ચેમ્બર અને સ્ટેન્ડિંગ કમિટીના હોલ પાસે ઢોલ, નગારા, ઝાલર અને ઘંટ વગાડીને મેયરને ઊંઘમાંથી જગાડવાનો પ્રયાસ કર્યો હતો. મેયર ઓફિસમાં હાજર ન હોવાથી તેમની ચેમ્બરના દરવાજા પર આવેદનપત્ર ચોંટાડી દેવામાં આવ્યું હતું.

આ આવેદનપત્રમાં કોંગ્રેસે તંત્ર અને મેયર પર આકરા પ્રહારો કર્યા છે. આવેદનમાં જણાવાયું છે કે, "મેયર સત્તાના નશામાં હોદાનું ભાન ભૂલી ગયા હોય તેમ લાગે છે. ખુદ મેયરના વોર્ડમાં પણ અનેક સમસ્યાઓ છે, છતાં કામ કરાવવાના બદલે કોન્ટ્રાક્ટરોને છાવરવામાં આવે છે. શું લોકોએ 40 ટકા કમિશન ખાવા માટે મત આપ્યા હતા?" કોંગ્રેસે આક્ષેપ કર્યો કે રસ્તાના ખાડા તો ભરાયા નથી, પરંતુ કમિશનથી ખિસ્સા ભરાઈ ગયા છે.

ઉપરાંત, આવેદનપત્રમાં શહેરની અન્ય મુખ્ય સમસ્યાઓ જેવી કે ખરાબ રસ્તાઓ, કચરાના ઢગલા, અપૂરતી સફાઈ અને જંતુનાશક દવાનો છંટકાવ ન થતો હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોંગ્રેસે શાસકોને ચેતવણી આપતા જણાવ્યું છે કે, આ આવેદનપત્ર માત્ર વાંચીને ફેંકી દેવા માટે નથી, પરંતુ જો તાત્કાલિક યોગ્ય કાર્યવાહી નહીં થાય તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

# જયસુખ પટેલની કંપનીમાં 5 યુવકોના મોત, જવાબદારો પોલીસ પકડથી દૂર

## શિક્ષણમંત્રીએ કાર્યવાહીની ખાતરી આપી પણ કોઈ પગલા નહીં

**મોરબી**

મોરબી બ્રિજ દુર્ઘટનાના મુખ્ય આરોપી જયસુખ પટેલની માલિકીની અજંતા પ્રાઈવેટ લિમિટેડના કડાણા ડેમ નજીક આવેલા હાઈડ્રો પાવર પ્લાન્ટમાં પાંચ યુવકોના કરુણ મોત થયા હોવા છતાં જવાબદાર વ્યક્તિઓ પોલીસ પકડથી દૂર છે. આ ઘટનામાં તંત્રની બેદરકારી અને ગુનાહિત માનવવધની ફરિયાદ દાખલ કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી. આ ઘટના બની ત્યારે અજંતા પ્રાઈવેટ લિમિટેડના હાઈડ્રો પાવર પ્લાન્ટના સુપરવાઈઝર પણ ગાયબ થઈ ગયા હતા. ગુનાહિત બેદરકારીથી મોત થયા હોવા છતાં જવાબદાર વ્યક્તિઓ હજુ પોલીસ પકડથી દૂર છે. પોલીસે ફરિયાદ નોંધી છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. જવાબદાર વ્યક્તિઓનું આ બેજવાબદાર વલણ અને પોલીસની નિષ્ક્રિયતાને કારણે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણ મંત્રીએ આ મામલે જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી, પરંતુ પોલીસ દ્વારા માત્ર ફરિયાદ નોંધીને જ સંતોષ માનવામાં આવ્યો છે.

# અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં હાઈકોર્ટે રાજદીપસિંહની જામીન અરજી પણ ફગાવી

## હું રાજદીપ સિંહને ઓળખતી પણ નથી: સગીરાનો આક્ષેપ

**રાજકોટ**

રાજકોટના રીબડાના અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં ફરાર આરોપી રાજદીપસિંહ જાડેજાએ હાઈકોર્ટમાં આગોતરા જામીનની અરજી કરી હતી. જોકે, કોર્ટે તેની આ અરજી ફગાવી દીધી છે. નોંધનીય છે કે, અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં પણ ગોંડલ કોર્ટે 19 ઓગસ્ટે અનિરૂદ્ધ સિંહ જાડેજાની આગોતરા જામીન અરજી નામંજૂર કરી દીધી હતી. ત્યાં અરજી ફગાવતા તે હાઈકોર્ટ પહોંચ્યો હતો. જોકે, હવે હાઈકોર્ટે પણ તેની આગોતરા જામીનની આ અરજી ફગાવી દીધી છે. રાજકોટમાં મોડેલિંગ કરતી 17 વર્ષીય સગીરાએ ગત તા. ૩ મેના રોજ રીબડાનાં અમિત ખૂંટ નામના યુવાન સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જેના બે દિવસ બાદ દુષ્કર્મના આરોપી એવા અમિત ખૂંટે રીબડા ગામમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાસ્થળેથી સ્યુસાઈડ નોટ મળી હતી, જેમાં તેણે લખ્યું હતું કે 'મને મારવા પાછળ અનિરૂદ્ધસિંહ રીબડાનો હાથ છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસનો દેખાવ, પોલીસ સાથે ઘર્ષણ, કાર્યકરોની અટક

## કાર્યકરોએ કેમ્પસમાં બળજબરીપૂર્વક ઘૂસવાની કોશિષ કરતાં દરવાજાનો કાચ તૂટ્યો

**રાજકોટ**

ગુજરાતમાં શિક્ષણ બચાવો આંદોલન લઈને મંગળવારે કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કેમ્પસમાં દેખાવ કર્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલપતિ ડૉ. ઉત્પલ જોશી પોતે આવેદન સ્વીકારવા માટે આવ્યા હતા, પરંતુ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) ના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેથી પોલીસે કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

મળતી માહિતી અનુસાર, રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શિક્ષણ વિભાગના ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસ દ્વારા દેખાવ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન કુલપતિ ડૉ. ઉત્પલ જોશી આવેદન આપતા NSUIના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કરતા મુખ્ય દરવાજાનો કાચ તૂટી ગયો હતો. કોંગ્રેસ, NSUIના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેથી પોલીસે કોંગ્રેસ અને NSUIના 50 જેટલા કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. કોંગ્રેસના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે, 'અમારા પર લાઠી ચાર્જ કરવામાં આવ્યો છે.

# અમરેલીમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ: ભાજપ નેતાએ જ રાજ્ય સરકારને ભીંસમાં લીધી

## નબળી ગુણવત્તાવાળા અને ખાડાવાળા રસ્તાનો ફોટા સાથે સરકારને પત્ર લખાયો

**અમરેલી**

જિલ્લામાં રોડ રસ્તા બનાવવાને લઈ થયેલા ભ્રષ્ટાચારની પોલ સ્થાનિક નેતાએ જ ખોલી હતી. અમરેલી ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ બિસ્માર રોડ વિશે સરકારને ફરિયાદ કરી હતી અને ભ્રષ્ટાચારના આરોપ પણ લગાવ્યા હતા.

તેમણે પત્ર લખીને કહ્યું, અમરેલી જિલ્લામાં આવેલા નેશનલ હાઈવે અતિ ખરાબ હાલતમાં છે. આ જિલ્લામાં બનતા નવા ડામર રોડ કે રી-કાર્પેટ



રોડમાં કાયમી ગુણવત્તાનો અભાવ રહ્યો છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર કાળી કમાણી કરીને પ્રજાને રોડ-રસ્તા બાબતે કાયમી પરેશાન કરે છે. અમરેલી જિલ્લામાં આવેલા સ્ટેટ હાઈવે અને જિલ્લા પંચાયત માર્ગ-મકાન વિભાગના નવા બનાત રોડ કે રી-કાર્પેટ ડામરના સેમ્પલ થઈ પાર્ટી કે ગેરી લેબમાં ફેઈલ થયા હોય તેવો કોઈ દાખલો બન્યો નથી.

વધુમાં તેમણે કહ્યું કે, ગેરંટી સમયમાં રહેલા રોડ કોન્ટ્રાક્ટરના ખર્ચે રિપેરિંગ થયા હોય તેવા દાખલાઓ જનતાની જાણમાં નથી. કોઈ એજન્સીને નબળા કામને લઈને દંડ થયો હોય અને વસુલાત થઈ હોય તેવા દાખલા નહિવત છે. કોઈની સામે પોલીસ ફરિયાદ થઈ હોય તેવા દાખલા પણ ધ્યાને આવતા નથી. અમરેલીમાં રેતીની લિઝ ન હોવા છતાં પણ સરકારી બાંધકામ બંધ રહ્યું નથી.

# જામનગરની સગીરા પર ગેન્ગ રેપ કેસમાં ૪ આરોપીને ૨૦ વર્ષની સજા

**જામનગર**

જામનગરમાં ૧૫ વર્ષીય સગીરા પર સામૂહિક બળાત્કારના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે ચાર આરોપીઓને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. જ્યારે આઠ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. આ સાથે પીડિતાને પાંચ લાખનું વળતર આપવાનો હુકમ કર્યો છે. જામનગરના એક ગામમાં ૧૨ શખ્સોએ ૧૫ વર્ષની સગીરાને અલગ-અલગ સ્થળે લઈ જઈને બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ૩૧ જુલાઈ ૨૦૨૨ના રોજ પીડિતાની માતાએ પંચ 'એ' ડિવિઝનમાં ૧૨ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ આર.પી. મોંઘેરાએ હરપાલસિંહ અજીતસિંહ જાડેજા, કમલેશ ઉર્ફે કવા પટેલ, બાબભા ઉર્ફે ભીખુભા જાડેજા અને મહેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાને દોષિત ઠેરવ્યા છે. પોક્સો એક્ટની કલમ ૪ હેઠળ ૧૦ વર્ષની કેદ અને રૂ.૧૦ હજારનો દંડ તથા કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની કેદ અને રૂ.પાંચ હજારનો દંડની સજા ફટકારી છે. દંડ ન ભરવાના કિસ્સામાં વધુ બે વર્ષની કેદની સજા થશે. જ્યારે અન્ય આરોપીઓ નિર્દોષ છૂટયા છે.કોર્ટે પીડિતાને રૂ. પાંચ લાખનું વળતર આપવાનો પણ આદેશ કર્યો છે.

# કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય પ્રમુખ ખડગેના પ્રહાર : ગાંધી-સરદારે આઝાદી અપાવી, 2 ગુજરાતીએ સંવિધાનને ખતરામાં મુક્યું

## કાર્યકાળમાં અન્યાય થયો છતાં વિચારધારા ન છોડી તેના પરિણામે કોંગ્રેસનું રાષ્ટ્રીય સુકાન મળ્યું: ખડગે

**જૂનાગઢ**

ગુજરાતભરના કોંગ્રેસના જિલ્લા અને મહાનગરના પ્રમુખોની 10 દિવસની પ્રશિક્ષણ શિબિરનો આજે જૂનાગઢ ખાતે ભવનાથ તળેટીમાં પ્રારંભ થયો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના હસ્તે શિબિરને ખુલ્લી મુકવામાં આવી છે. તેમણે જિલ્લા પ્રમુખોને અનેક મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું. 'ગાંધીજી અને સરદાર પટેલે દેશને આઝાદી અપાવી, હવે ગુજરાતના જ બે વ્યક્તિ સંવિધાનને ખતરામાં મુકી રહ્યા છે' તેવો સૂચક આક્ષેપ પણ તેમણે કર્યો હતો.




કોંગ્રેસ દ્વારા સંગઠન સૃજન હેઠળ ગુજરાતના દરેક જીલ્લા અને મહાનગરોના પ્રમુખને સરકાર સામે લડવા, પ્રજાના પ્રશ્નો ઉઠાવવા અને આગામી તાલુકા-જીલ્લા પંચાયત તથા વિધાનસભાની ચૂંટણીનું માર્ગદર્શન આપવા માટે રખાયેલી આ શિબિરમાં પ્રથમ દિવસે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એક કલાકથી વધુ સમય સુધી સંબોધન કર્યું હતું. પોતાના અનુભવો જણાવતા દાખલો આપ્યો હતો કે, તેમના વિરોધીઓને કોંગ્રેસમાં સ્થાન અપાયું ત્યારબાદ છેક તેમને ટિકિટ - મંત્રીપદ અપાયું છતાં પણ મક્કમ મને કોંગ્રેસની સાથે કામ કર્યું હતું તેના પરિણામે આજે સમગ્ર દેશનું કોંગ્રેસ પક્ષનું સુકાન સોંપવામાં આવ્યું છે. કોઈપણ સંજોગોમાં પક્ષને વફાદાર રહી કામ કરવાનું ચાલુ રાખવું જોઈએ. તેમણે કહ્યું, 'દેશમાં ગુજરાતનું ખુબ મોટું મહત્વ રહ્યું છે.

# અમરેલીમાં કોંગ્રેસને ઝટકો: 100 કાર્યકરોએ કેસરિયો ધારણ કર્યો

**અમરેલી**

અહીંયા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ફટકો લાગ્યો છે. પક્ષના 100 જેટલા કાર્યકર્તાઓ ભાજપ (ભારતીય જનતા પાર્ટી)માં જોડાયા હતા. માયાપદર ગામના 100 જેટલા કોંગ્રેસના કાર્યકર ભાજપમાં જોડાયા છે. આ ગામમાં વર્ષોથી કોંગ્રેસનું વર્ચસ્વ રહ્યું છે અને ચૂંટણીઓમાં કોંગ્રેસને વધુ લીડ મળતી હતી. વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિક વેકરીયાએ નવા જોડાયેલા કાર્યકરોનું ભાજપનો ખેસ પહેરાવીને સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું કે આ કાર્યકરો વિકાસ, રાષ્ટ્રવાદ અને સુશાસનના વિશ્વાસ સાથે ભાજપમાં જોડાયા છે. કૌશિક વેકરીયાએ જણાવ્યું કે નવા કાર્યકરોના જોડાવાથી ભાજપ પરિવાર વધુ મજબૂત બન્યો છે. તેમના મતે આ પરિવર્તન ગામના વિકાસ અને પ્રગતિ માટે નવા દ્વાર ખોલશે.

# સ્વદેશ



## શાહરૂખ ખાન પંજાબના 1500 પૂર પીડિત પરિવારોને મદદ કરશે

પંજાબમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે જન-જીવન વેર-વિખેર થઈ ગયું છે. હજારો લોકોને ઘર છોડી સ્થળાંતર કરવું પડ્યું છે. હવે આ સંકટ વચ્ચે બોલિવૂડના કલાકારો પણ પૂરથી પ્રભાવિત લોકોને મદદ કરવા આગળ આવ્યા છે. અભિનેતા શાહરૂખ ખાનની મીર ફાઉન્ડેશન અને સ્થાનિક NGO મળીને પ્રભાવિત પરિવારને મદદ કરી રહી છે.  મીર ફાઉન્ડેશન દ્વારા પંજાબમાં 1500 પૂર પીડિતો પરિવારોને આવશ્યક રિલીફ કિટ્સનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં દવાઓ, હાઇજીનથી જોડાયેલી વસ્તુ, ખાવા-પીવાનો સામાન, મચ્છરદાની, તાડપત્રી, જેવી વસ્તુઓ સામેલ છે.

## ઐશ્વર્યાનો ફોટો કે વીડિયો ઉપયોગમાં લેતા પહેલા હવે પરમિશન લેવી પડશે



નવી દિલ્હી : દિલ્હી હાઈકોર્ટે બોલિવૂડ એક્ટ્રેસ ઐશ્વર્યા રાય બચ્ચનના વ્યક્તિત્વ અધિકારોની રક્ષા કરી છે. કોર્ટે તેમની પર્સનલ છબિ, તસવીરો, કન્ટેન્ટ અને અવાજનો પરમિશન વિના ઉપયોગ કરવો તેમની ગરિમા સાથે જીવવાના અધિકારનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આપને જણાવી દઈએ કે, હાલમાં જ ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન કોર્ટમાં ગયા હતા. તેમણે પર્સનાલિટી રાઈટ્સને લઈને અરજી દાખલ કરી હતી. જ્યાં અમુક લોકો આર્થિક લાભ અને બદનામ કરવા માટે થઈને ફેક તસવીરો શેર કરી રહ્યા હતા. તેના પર રોક લગાવવા માટે ઐશ્વર્યા રાયે અરજી દાખલ કરી હતી. ઐશ્વર્યા રાયને કોર્ટમાંથી મોટી રાહત મળી છે. જસ્ટિસ તેજસ કારિયાએ કેટલાય સંસ્થાઓને તેમના નામ અને વ્યક્તિત્વ સંબંધિત ગુણોનો ખોટો ઉપયોગ કરતા રોકવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, આવું કરવું ન ફક્ત આર્થિક નુકસાન પહોંચાડે છે, પણ તેમની ગરિમાને પણ ઠેસ પહોંચાડે છે. હાઈકોર્ટે કહ્યું કે, ઐશ્વર્યા બચ્ચનના વ્યક્તિત્વ અધિકારોનું કોઈ પણ ઉલ્લંઘન જનતામાં આ ભ્રમ ઊભો કરશે કે તે કોઈ પ્રોડક્ટ અથવા સર્વિસનું સમર્થન અથવા સ્પોન્સર કરી રહી છે, તેનાથી તેમની પ્રતિષ્ઠા અને છબિ પર આંચ આવે છે અને તેમની ગુડવિલને નુકસાન પહોંચાડે છે. કોર્ટે એવું પણ કહ્યું કે કોઈ પણ માણસની ઓળખ અને ઈજ્જત તેના જીવનનો મહત્ત્વનો ભાગ છે. આવા સમયે પરમિશન વિના તેનો ઉપયોગ કરી તેમના જીવન અને ગરિમાના અધિકારોનું ઉલ્લંઘન છે. આ આદેશ પર્સનાલિટી રાઈટ્સને લઈને એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ અગાઉ પણ ઘણી વાર સેલિબ્રિટીઝ પોતાની ઓળખનો ખોટો ઉપયોગ કરવાની ફરિયાદ કરતા રહ્યા છે. ઐશ્વર્યા રાય ઉપરાંત અભિષેક બચ્ચને પણ પર્સનાલિટી રાઈટ્સ માટે કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. તેમના પહેલા તેમના પિતા પણ પોતાના હક માટે કોર્ટમાં પહોંચ્યા હતા.



## અક્ષય કુમારે ગણપતિ વિસર્જન બાદ જૂહુ ચોપાટી પર સફાઇ કરી



મુંબઇ । મુંબઈમાં ગણપતિ વિસર્જન બાદ જૂહુ ચોપાટી પર રવિવારે સવારે સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. તેમાં ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર પણ જોડાયો હતો. તેણે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસ અને બીએમસી કમિશનર ભૂષણ ગગરાની સાથે મળીને જૂહુ ચોપાટી પરથી ફૂલ-હાર સહિતની વસ્તુઓ એક જગ્યાએ એકઠી કરી હતી. તેનો વીડિયો વાઈરલ થયો છે. અક્ષયે વોલન્ટીયર્સ સાથે મળીને ગણેશ વિસર્જન પછીનો કચરો ભેગો કરીને કોથળાઓમાં ભર્યો હતો. અક્ષય અને અમૃતા સાથે અન્ય ઘણા લોકો પણ આ સફાઇ અભિયાનમાં જોડાયા હતા. અક્ષયે કહ્યું કે જ્ઞાન આપણને શીખવે છે કે આપણે સ્વચ્છતા જાળવી રાખવી જોઇએ. જોકે સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સે આ બધું પબ્લિસિટી માટે થયું હોવાનું કહીને સવાલ કર્યો હતો કે સફાઇ બરાબર છે પણ ત્યાં મીડિયાનું શું કામ હતું? નોંધનીય છે કે તાજેતરમાં અક્ષયે પંજાબના પૂરપીડિતો માટે પાંચ કરોડ રૂપિયાનું દાન કરતા જણાવ્યું હતું કે મને જ્યારે પણ આવી રીતે કોઇ મદદ કરવાની તક મળે ત્યારે હું પોતાને ભાગ્યશાળી સમજું છું.





## નેપાળ હિંસા મુદ્દે અભિનેત્રી મનીષા કોઇરાલાનું દર્દ છલકાયું: ન્યાયની માગનો જવાબ ગોળીઓથી!

મુંબઇ : પડોશી દેશ નેપાળમાં સોશિયલ મીડિયા પર બૅનના વિરોધમાં જબરદસ્ત જનાક્રોશ ફાટી નીકળ્યો છે અને અભૂતપૂર્વ આંદોલન થઈ રહ્યું છે. તેમાં ઘણા લોકોએ જીવ પણ ગુમાવ્યો છે. આ ઘટના પર મૂળ નેપાળની બોલિવૂડ અભિનેત્રી મનીષા કોઈરાલાનું દર્દ છલકાયું છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરી છે અને તેમાં લોહીથી લથબથ વ્હાઈટ શૂની તસવીર શૅર કરી છે. આ માત્ર એક તસવીર નથી પણ નેપાળ હિંસાની ભયાવહતા દર્શાવે છે. સાથે જ તેણે નેપાળી ભાષામાં લખ્યું છે, જેનો અર્થ એવો થાય છે કે આજે નેપાળ માટે એક કાળો દિવસ છે કે જ્યારે લોકોના અવાજ, ભ્રષ્ટાચાર વિરુદ્ધ આક્રોશ અને ન્યાયની માગનો જવાબ ગોળીઓથી અપાય છે. નોંધનીય છે કે નેપાળમાં આંદોલન એટલા માટે થઈ રહ્યું છે કે ઓલી સરકારે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ સહિત સોશિયલ મીડિયા પર સુરક્ષાનું કારણ ધરીને પ્રતિબંધ લાદી દીધો હતો. સોમવારે તેના ભારે વિરોધ અને હિંસા બાદ સરકાર ઝૂકી હતી અને આ પ્રતિબંધ ઉઠાવી લીધો હતો. જોકે હજુ પણ હિંસા જારી છે.

## કપિલ શર્માને MNSની ચેતવણી: શોમાં આવતા સેલેબ્સ મુંબઈનું ખોટું બોલે છે



કોમેડિયન કપિલ શર્માને ધમકી મળી છે. હાલમાં જ એવા સમાચાર સામે આવ્યા છે કે, MNS એટલે કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનામાં નેતાએ મુંબઈને બોમ્બે કહેવા પર વાંધો ઉઠાવ્યો છે. જોકે, આ અંગે કોમેડિયન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર આવી ચેતવણી આપવામાં આવી છે. આ ઘટનાક્રમ એવા સમયે થયો છે, જ્યારે થોડા સમય પહેલા કેનેડામાં શર્માના કાફે પર હુમલો થયો હતો.  મનસે નેતા અમય ખોપકરે કહ્યું કે, મુંબઈનું નામ બદલાયાને 3 દાયકા વીતી ગયા છે. બોમ્બેનું સત્તાવાર નામ બદલીને મુંબઈ રાખ્યાને 30 વર્ષ વીતી ગયા હોવા છતાં બોલિવૂડના કપિલ શર્મા શો દિલ્હીના રાજ્યસભા સાંસદો, શો એન્કરો અને ઘણી હિન્દી ફિલ્મોમાં હજુ પણ બોમ્બે શબ્દનો ઉપયોગ થઈ રહ્યો છે.'



### અમેરિકામાં રેપર બાદશાહે ટ્રમ્પની મજાક ઉડાવી

## ગીતના શબ્દોમાં કિન્નિયા તારીફાની જગ્યાએ કિન્ની ટૈરિફ બોલી ટ્રમ્પને જવાબ

વોશિંગ્ટન । સિંગર-રેપર બાદશાહ હાલમાં અમેરિકાની પોતાની 'અનફિનિશ્ડ યુએસ' ટૂર પર છે. બાદશાહે પોતાના ગીતની વચ્ચે અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કરી દીધો હતો. તેની ટિપ્પણીના કારણે હાજર લોકો આૃર્ય ચકિત થઈ ગયાં હતાં અને તેને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. ઘટનાની વિગત જણાવીએ તો બાદશાહ કોન્સર્ટ દરમિયાન 'વીરે દી વેડિંગ' ફિલ્મનું હિટ સોંગ તારીફા ગાઈ રહ્યો હતો. આ દરમિયાન બાદશાહે પોતાના ગીતની લાઈનોમાં બદલાવ કરી દીધો હતો અને તેની વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પનું નામ જોડી દીધું હતું. તેનું વાસ્તવિક ગીત કિન્નિયા તારીફા ચાહીદીયે તેનુ.. જેનો અર્થ એવો થાય છે કે તને કેટલી પ્રશંસા જોઈએ છે? જોકે તેણે વચ્ચે ખૂબ જ ચતુરાઈ સાથે શબ્દોને બદલીને કિન્ની ટૈરિફ ચાહિદીયે ટ્રમ્પ કો...કરી દીધું હતું.







### જળ આયોગ સબ સલામતની વાતો કરતુ રહ્યું અને પરિસ્થિતિ વણસતી રહી

# શાસકોની લાલિયાવાડીએ પંજાબને ફરી ડૂબાડ્યું

ઉત્તર ભારતમાં હાલ ચોમાસુ એક મોટો પડકાર બની ગયું છે. દિલ્હીથી ઉત્તરાખંડ સુધી વરસાદ અને પૂરની અસર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ ઉપરાંત આ વર્ષે પંજાબમાં પૂરનો કહેર છે. લગભગ 1500 ગામડાઓ પાણીમાં ડૂબી ગયા છે, જ્યારે 30થી વધુ લોકોના મોત થયા છે. પંજાબમાં 15 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ ઉપરાંત વરસાદથી હરિયાણામાં પણ પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. પંજાબમાં 12 જિલ્લામાં 1 હજારથી વધુ ગામડાઓ પૂરથી અત્યંત પ્રભાવિત થયા છે. પૂરના કારણે ત્રણ લાખ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ચીનમાં યોજાયેલી SCO બેઠકમાંથી પાછા ફર્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તુરંત પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે વાત કરી અને પૂરની પરિસ્થિતિ વિશે માહિતી મેળવી હતી.



અહીં લગભગ 3 લાખ એકર ખેતીલાયક જમીનને અસર થઈ છે, જેના કારણે ડાંગર, કપાસ અને મકાઈનો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. છેલ્લા 6 વર્ષમાં પંજાબ ત્રીજી વખત પૂરની ઝપેટમાં આવ્યું છે. આ પહેલા પંજાબમાં 2023 અને 2019માં પણ પૂર આવ્યું હતું. 2023ના આવેલા પૂરથી પંજાબના 1500થી વધુ ગામડાઓ પ્રભાવિત થયા હતા અને લગભગ 2 લાખ 21 હજાર હેક્ટર જમીન પરનો ઊભા પાકનો નાશ થયો હતો. આ સિવાય 2019માં આવેલા પૂરમાં 300થી વધુ ગામડાઓ પૂરથી પ્રભાવિત થવા સાથે હજારો હેક્ટર જમીન પરનો પાક નાશ પામ્યો હતો.

પંજાબ માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન પોર્ટલ પર ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પ્રકાશિત અહેવાલમાં સ્પષ્ટ જણાવાયું છે કે પંજાબના પઠાણકોટ જિલ્લામાં રણજીતસાગર ડેમમાંથી પાણી છોડવાથી રાવી અને બિયાસ નદીઓનાં પાણીનું સ્તર વધ્યું અને તેના કારણે પંજાબના કુલ પાંચ જિલ્લાઓ ગુરદાસપુર, અમૃતસર, ફરીદકોટ, બર્નાલા અને કપૂરથલા, પૂરથી પ્રભાવિત થયા હતા. રણજીતસાગર ડેમમાંથી લગભગ ૧.૧૦ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. તેને કારણે કુલ ૧૦૭ ગામો પ્રભાવિત થયાં હતાં. લગભગ ૫૦૦ લોકોને સ્થળાંતર કરીને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા હતા. સરહદી જિલ્લાઓમાં કેટલીક BSF ચોકીઓ પણ પૂરથી પ્રભાવિત થઈ હતી. સેના, વાયુસેના, NDRF, BSF, SDRF, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા શોધ અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હકીકતમાં રાજ્ય અને કેન્દ્ર સરકારો વચ્ચે પૂરવિષયક માહિતીના આદાનપ્રદાન કે રાહત અંગે કોઈ સંકલન નહોતું. જેને કારણે પંજાબનાં લીલાછમ્મ ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. સતલજ, બિયાસ અને રાવી નદીઓએ પંજાબના ખેતરોને ડૂબાડી દીધાં છે. પંજાબ સરકારના જણાવ્યા અનુસાર આ નદીઓના કારણે આવેલા પૂરથી અત્યાર સુધીમાં ૧,૬૯૮ ગામો પ્રભાવિત થયા છે અને ૩૯ લોકો મૃત્યુ પામ્યા છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને કારણે રાવી, સતલજ અને બિયાસ નદીઓના ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાં પૂર આવ્યું છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

પરિણામે રણજીત સાગર, ભાખરા અને પોંગ ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવ્યું હતું, જેનાથી પંજાબનાં મેદાનો ડૂબી ગયાં હતાં. આ નદીઓમાં આવેલાં પૂરે ગુરદાસપુર, અમૃતસર, પઠાણકોટ, તરનતારન, ફિરોઝપુર, ફાઝિલ્કા, કપૂરથલા અને પંજાબના અન્ય જિલ્લાઓમાં વિનાશ વેર્યો હતો. રાવી નદી પરનો રણજીત સાગર ડેમ ઓગસ્ટના અંત સુધીમાં તેની મહત્તમ ક્ષમતા ૫૨૭ મીટરની નજીક પહોંચી ગયો હતો. ૨૬-૨૭ ઓગસ્ટના રોજ, ડેમમાંથી ૨ લાખ ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવ્યું હતું.

આ જંગી પ્રવાહ માધોપુર બેરેજ સુધી પહોંચ્યો હતો, જ્યાં જૂની માળખાકીય સુવિધાઓની જાળવણીના અભાવે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. માધોપુર બેરેજના દરવાજા જામ થઈ ગયા હતા, જેના કારણે ગુરદાસપુર, પઠાણકોટ અને અમૃતસરનાં ગામડાંઓ પાણીમાં ડૂબી ગયાં હતાં. રાવી નદીએ ઘણી જગ્યાએ નદીથી લગભગ ૨ કિ.મી. દૂર આવેલા સંરક્ષણાત્મક પાળાઓ તોડી નાખ્યા હતા. રાવીનું પાણી સરહદ પારના પાકિસ્તાનના વિસ્તારમાં પહોંચી ગયું હતું, જેના કારણે પાણી કરતારપુર કોરિડોર અને લાહોર શહેરમાં પ્રવેશ્યું હતું.

રાવી નદીમાં આવેલાં પૂરને કારણે ગુરદાસપુરનાં ૩૨૪ ગામો, અમૃતસરનાં ૧૯૦ અને પઠાણકોટ જિલ્લાનાં ૮૮ ગામો પ્રભાવિત થયાં હતાં. રાવીની જેમ પંજાબની સતલજ અને બિયાસ નદીઓએ પણ લાખો લોકોને અસર કરી છે. સતલજ નદી પરના ભાખરા ડેમ પર પણ પાણીનું ભારે દબાણ હતું. પાણી છોડવા માટે ડેમના દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા હતા, ૨૬-૨૭ ઓગસ્ટના રોજ ડેમમાંથી છોડવામાં આવેલું પાણી નીચે તરફ વહેતું થયું હતું, જેનાથી ફાઝિલ્કાનાં ૭૭, ફિરોઝપુરનાં ૧૦૨ અને રૂપનગરનાં ૪૪ ગામો ડૂબી ગયાં હતાં. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન પોર્ટલ ઉપર ૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધીના કુલ ૩૩ દિવસના અહેવાલોનું વિશ્લેષણ દર્શાવે છે કે મોસમ દરમિયાન પંજાબની મુખ્ય નદીઓમાં પાણીનું જે સ્તર હતુ તે અગાઉ ક્યારેય તે સ્તર સુધી પહોંચ્યું નહોતું. પંજાબની પરિસ્થિતિમાં કેન્દ્રીય જળ આયોગે નદીઓના વધેલા પાણીના સ્તરને ફક્ત ચોમાસાને કારણે ઊભી થતી પૂરની પરિસ્થિતિ તરીકે ગણ્યું હતું.

સેન્ટ્રલ વોટર કમિશનના જણાવ્યા અનુસાર નદીઓની ખૂબ જ ગંભીર સ્થિતિ ૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર દરમિયાન ઊભી થઈ ન હતી, જ્યારે સ્થાનિક લોકો દ્વારા સ્પષ્ટપણે કહેવામાં આવી રહ્યું છે કે ૧૪ અને ૧૫ ઓગસ્ટથી પૂર જેવી પરિસ્થિતિ શરૂ થઈ ગઈ હતી. આ ઉપરથી ખ્યાલ આવે છે કે કેન્દ્રીય જળ આયોગ સબ સલામતનું ગાણું ગાતું રહ્યું અને પરિસ્થિતિ વણસી ગઈ હતી. જો કેન્દ્ર સરકારે સમયસર પગલાં લીધાં હોત તો પરિસ્થિતિ આટલી બગડી ન ગઈ હોત, પણ પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર હોવાથી કેન્દ્ર સરકારે પૂરની ઉપેક્ષા કરી હતી. પંજાબના એક વરિષ્ઠ પત્રકારના મતે પૂર આવ્યા પછી અને ગંભીર સ્તરે પહોંચ્યા પછી સરકારી એજન્સીઓ પાસે પૂર નિવારણ કાર્ય કરવા માટે ૧૦ દિવસનો સમય હતો. આ ૧૦ દિવસમાં કંઈ નક્કર કામ કરવામાં આવ્યું ન હતું. પંજાબમાં પૂરની પરિસ્થિતિ ૧૪ ઓગસ્ટથી ગંભીર બનવા લાગી હતી, કેન્દ્રીય જળ આયોગના અહેવાલ પર નજર કરીએ તો ૨૭ ઓગસ્ટ પહેલાં સરકારી તંત્ર દ્વારા પૂર સામે બચાવ અંગે કોઈ પ્રવૃત્તિ થઈ ન હતી કે પૂરની કોઈ ખાસ અસર ધ્યાનમાં લેવામાં આવી ન હતી. અગાઉ પૂર નિવારણ અંગેની બેઠકો ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાતી હતી, પણ આ વખતની બેઠક છેક જૂનમાં યોજાઈ હતી અને તે શક્ય નહોતું કે માત્ર થોડા દિવસોમાં ૨૩ જિલ્લાઓમાં ફેલાયેલાં ૨,૮૦૦ કિ.મી. લંબાઈના નાળાં સાફ કરી શકાય.

પંજાબના સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાંના એક હોશિયારપુરમાં પોંગ ડેમ પાસે રહેતા ઉન્નતિ સહકારી સભાના સ્થાપક જ્યોતિ સ્વરૂપ કહે છે કે હિમાચલમાં ભારે વરસાદ પડી રહ્યો હતો. પોંગ ડેમ પર પાણીનું દબાણ સતત વધી રહ્યું હતું. પરંતુ ત્યાં એટલો બધો કાંપ હતો કે, પાણી છોડવાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. સરકાર દ્વારા પોંગ ડેમમાંથી કાદવ દૂર કરવાનું કામ ખૂબ જ મોડું શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ ૨૫ ઓગસ્ટ સુધીમાં ડેમ પર પાણીનું દબાણ એટલું વધી ગયું હતું કે ડેમમાંથી પાણી છોડવું પડ્યું હતું અને તેના કારણે બધું ડૂબી ગયું હતું. જો ડેમમાંથી કાંપ સમયસર દૂર કરવામાં આવ્યો હોત તો આટલો વિનાશ ન થયો હોત.

**ચોમાસામાં પર્વતો પરથી ધસી આવેલા પાણીને કારણે રણજીત સાગર, પોંગ અને ભાખરા નાંગલ ડેમમાંથી વધુ પાણી છોડાતા પંજાબના 1 હજારથી વધુ ગામોમાં પાણી ફરી વળ્યા,આ સાથે જ અહીં 2.21 લાખ હેકટરમાં ઉભેલો પાક સંપૂર્ણપણે નષ્ટ પામ્યો**

# તીર્થોમાં જઈને શ્રાદ્ધ કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે

હિંદુ ધર્મમાં ભાદરવા વદ એકમથી ભાદરવા વદ અમાસને પિતૃપક્ષ કહેવામાં આવે છે. આ પક્ષમાં પિતૃઓનું શ્રાદ્ધ, તર્પણ, મુક્તિ માટે વિધિ કે ક્રિયા કરીને તેમને અર્ધ્ય સમર્પિત કરવામાં આવે છે. જો કોઈ કારણસર પિતૃઓના આત્માને મુક્તિ પ્રદાન ન થઈ હોય અને પ્રેત યોનિમાં તે ભટક્યા કરતો હોય તો તેમની શાંતિ માટે વિશિષ્ટ એવું શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. વસુ, રુદ્ર અને આદિત્યને શ્રાદ્ધના દેવતા માનવામાં આવે છે. દરેક વ્યક્તિના ત્રણ પૂર્વજ પિતા, દાદા અને પરદાદાને ક્રમશઃ વસુ, રુદ્ર અને આદિત્ય સમાન માનવામાં આવે છે. શ્રાદ્ધ વખતે તેમને જ અન્ય પૂર્વજોના પ્રતિનિધિ સમજવામાં આવે છે. વિધિવિધાન મુજબ કરવામાં આવેલા શ્રાદ્ધ કર્મથી તેઓ તૃપ્ત થાય છે અને પોતાના વંશજને સપરિવાર સુખ-સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સંતાનપ્રાપ્તિના આશીર્વાદ આપે છે.

શ્રાદ્ધ કર્મમાં ઉચ્ચારાતા મંત્રો અને આહુતિઓને તેઓ અન્ય પિતૃઓ સુધી લઈ જાય છે. શ્રાદ્ધના નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એમ મુખ્ય ત્રણ પ્રકાર છે. આ સિવાય પણ અન્ય પ્રકાર છે. જેમ કે, વૃદ્ધ શ્રાદ્ધ, સપિંડિત શ્રાદ્ધ, પાર્વ શ્રાદ્ધ, ગોષ્ઠ શ્રાદ્ધ, શુદ્ધિ શ્રાદ્ધ, દૈવિક શ્રાદ્ધ, કર્માંગ શ્રાદ્ધ અને તૃષ્ટિ શ્રાદ્ધ. શ્રાદ્ધપક્ષમાં બ્રહ્મભોજન ઉપરાંત દાનનું પણ ઘણું મહત્ત્વ છે. પિતૃદોષથી પીડાતી વ્યક્તિ દાન દ્વારા દોષને દૂર કરી શકે છે. તેના માટે ગૌદાન, કાળા તલનું દાન, ભૂમિદાન, ચાંદીનું દાન, વસ્ત્રોનું દાન, ગોળ અને મીઠાનું દાન વગેરે. વ્યક્તિએ પોતાની શ્રદ્ધા અને સામર્થ્ય અનુસાર દાન કરવું જોઈએ. સમુદ્ર તથા સમુદ્રમાં મળનારી નદીઓના તટ પર, ગૌશાળામાં કે જ્યાં બળદ ન હોય, નદીઓનાં સંગમસ્થાન, ઉચ્ચ ગિરિશિખર, વનમાં લીંપેલી સ્વચ્છ મનોહર જગ્યા, ગાયના છાણથી લીપેલા ઘરમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કરવાથી પિતૃઓને સદ્ગતિ મળે છે અને શ્રાદ્ધ કરનારના મનોરથ પૂર્ણ થાય છે. વિષ્ણુ પુરાણ અનુસાર દરિદ્ર વ્યક્તિ માત્ર અન્ન, જંગલી સાગનાં પાન, ફળ, ઓછામાં ઓછી દક્ષિણા અને જો આટલું પણ ન હોય તો સાત અથવા આઠ તલ અંજલિમાં જળની સાથે લઈને બ્રાહ્મણને આપવું જોઈએ અથવા ગાયને આખો દિવસ ઘાસ ખવડાવવું જોઈએ. જો આવું કરવા પણ વ્યક્તિ અસમર્થ હોય તો તેણે પોતાના હાથ આકાશ તરફ ઉઠાવી દિગપાળો અને સૂર્યદેવને યાચના કરવી જોઈએ કે, `હે પ્રભુ! મેં હાથ હવામાં ફેલાવી દીધા છે. મારા પિતૃઓ મારી ભક્તિથી સંતુષ્ટ થાય.'

શ્રાદ્ધપક્ષમાં પિતૃઓની મૃત્યુ તિથિએ ખીર પૂરી બનાવીને



બ્રાહ્મણોને ખવડાવવાથી પિતૃઓ તૃપ્ત થાય છે.

## પિતૃતર્પણનાં તીર્થ

શ્રાદ્ધપક્ષ દરમિયાન અને તે સિવાય પણ લોકો પિતૃતર્પણ માટેનાં તીર્થસ્થળો પર જઈને શ્રાદ્ધ-તર્પણ કરે છે. આ સ્થળો પર શ્રાદ્ધ-તર્પણ કરવાથી પિતૃઓનો આત્મા જલદી તૃપ્ત થાય છે. ગુજરાતમાં ચાણોદ-કરનાળી, સિદ્ધપુર સહિત અનેક તીર્થો આવેલાં છે. ભારતભરમાં આવેલા પિતૃતર્પણ માટેનાં તીર્થસ્થળો વિશે જાણીએ.

## બ્રહ્મ કપાલ ઘાટ

બ્રહ્મ કપાલ ઘાટ ભગવાન બદ્રીનાથનાં ચરણોમાં વસેલું છે. આ સ્થળ અંગે એવું કહેવાય છે કે આ જગ્યાએ જે વ્યક્તિનું શ્રાદ્ધ કર્મ થાય છે તેને પ્રેત યોનિમાંથી તત્કાળ મુક્તિ મળી જાય છે અને તેને ભગવાન વિષ્ણુના પરમ ધામમાં સ્થાન મળે છે. બ્રહ્મ કપાલમાં અકાળ મૃત્યુ પામેલી વ્યક્તિનું શ્રાદ્ધ કરવામાં આવે તો તેના આત્માને શાંતિ અને મોક્ષ મળે છે. આ સ્થળ સાથે જોડાયેલી કથા અનુસાર મહાભારતના યુદ્ધમાં પાંડવોના મોટાભાગના પરિજનો મૃત્યુને પ્રાપ્ત થયા હતા. આવા અકાળ મૃત્યુને કારણે પ્રેતયોનિમાં ગયેલા પિતૃઓને મુક્તિ અપાવવા માટે પાંડવોએ બ્રહ્મ કપાલમાં જઈને શ્રાદ્ધ કરવાનો નિર્ણય કર્યો હતો. અન્ય એક કથા અનુસાર એકવાર બ્રહ્માજીનું એક મુખ જુઠ્ઠું બોલ્યું હતું, તેથી શિવજીએ ક્રોધિત થઈને બ્રહ્માજીનું તે મસ્તક કાપી નાંખ્યું. ત્યારબાદ બ્રહ્માજીનાં ચાર મસ્તક જ બચ્યાં. જ્યારે કપાયેલું મસ્તક શિવજીના હાથે ચોંટી ગયું. અનેક પ્રયત્નો કરવા છતાં પણ બ્રહ્મદોષને કારણે શિવજીના હાથથી તે મસ્તક અલગ ન થયું.

આવી જ સ્થિતિમાં શિવજીએ સંપૂર્ણ બ્રહ્માંડમાં વિચરણ કર્યું અને બદ્રીનાથ પાસે એક સમતલ શિલાખંડ પાસે પહોંચ્યા કે તરત જ બ્રહ્માજીનું મસ્તક હાથથી છૂટું પડી ગયું. ત્યારથી આ સ્થળનું નામ બ્રહ્મ કપાલ પડી ગયું. શિવજીએ પ્રસન્ન થઈને આ સ્થળને વરદાન આપ્યું કે આ સ્થળે જે વ્યક્તિ શ્રાદ્ધ કરશે તેને પ્રેત યોનિમાં ભટકવું નહીં પડે અને તેમના અનેક પેઢીઓના પિતૃઓને મોક્ષ મળશે.

## ત્ર્યંબકેશ્વર તથા હરિદ્વાર

ત્ર્યંબકેશ્વર ગૌતમ ઋષિની તપોભૂમિ છે. આ સ્થળ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાથી લગભગ 28 કિલોમીટર દૂર આવેલું છે. એવી માન્યતા છે કે ગૌતમ ઋષિએ શિવજીની તપસ્યા કરીને ગંગાજીને અવતરિત કરવાનું વરદાન માગ્યું હતું, જેના ફળસ્વરૂપ અહીં ગોદાવરીની ધારા પ્રવાહિત થઈ, તેથી જ ગોદાવરીને દક્ષિણ ભારતની ગંગા કહેવામાં આવે છે. રાજા ભગીરથે પોતાના પૂર્વજોની મુક્તિ માટે શિવજીની કઠોર તપસ્યા કરી જેના ફળસ્વરૂપ ગંગાજી પ્રગટ થયાં. હિમાલયના શિખરથી ઊતરીને પહેલીવાર ધરતી પર જ્યાં ગંગાની ધારા પ્રવાહિત થઈ એ સ્થળ હરિદ્વાર છે. તેને વૈકુંઠનું દ્વાર પણ કહેવામાં આવે છે, કારણ કે અહીંથી જ બદ્રીનાથની યાત્રાનો પ્રારંભ થાય છે. હરિદ્વાર ઉત્તરાખંડની ધરતી પર દિલ્હીથી આશરે 225 કિલોમીટર દૂર આવેલું છે. આ બંને જગ્યાએ કરવામાં આવેલું શ્રાદ્ધ અને પિંડદાન સીધું પિતૃઓ સુધી પહોંચે છે, જેથી પિતૃઓને મુક્તિ મળે છે અને ઉત્તમ લોકમાં સ્થાન મળે છે.

## હંસ કુંડ અને પ્રયાગ

હંસ કુંડ ઉત્તરાખંડમાં ભગવાન શિવના પાવનધામ કેદારનાથ પાસે આવેલો છે. આ સ્થળે પિતૃઓનું શ્રાદ્ધ-તર્પણ કરવાથી પિતૃઓને તત્કાળ પ્રેત યોનિમાંથી મુક્તિ મળે છે અને શિવલોકમાં સ્થાન મેળવે છે. ભગવાન શિવના ત્રિશૂળ પર સ્થિત પાવનનગરી કાશી પણ મુખ્ય શ્રાદ્ધ તીર્થોમાંનું એક છે. શાસ્ત્રો અનુસાર અહીં પ્રયાગ તટ પર કરવામાં આવેલું શ્રાદ્ધ કર્મ પિતૃઓને મુક્તિ પ્રદાન કરે છે. પ્રયાગમાં ત્રણ પવિત્ર નદીઓ ગંગા, યમુના તથા સરસ્વતીનો સંગમ થાય છે. પુરાણો અનુસાર અહીં અમૃત કળશમાંથી કેટલીક બુંદો છલકીને પડી હતી, તેથી આ સ્થળ અમૃતમય છે. એવું કહેવાય છે કે કાશીમાં જે વ્યક્તિનું મૃત્યુ થાય છે તેને શિવલોકમાં સ્થાન મળે છે, અહીં ગૌદાન, અન્નદાન, વસ્ત્રદાન તથા બ્રાહ્મણ ભોજન કરાવવાથી પિતૃઓ સંતુષ્ટ થઈને પોતાનાં સંતાનોને ઉન્નતિના આશીર્વાદ આપે છે






# દિલ્હી પોલીસ અને કેન્દ્રીય એજન્સીએ દ્વારા 5 આતંકીની ધરપકડ, IED બનાવાની સામગ્રી જપ્ત

## દિલ્હીમાંથી 2, મધ્યપ્રદેશ-હૈદરાબાદ-રાંચીમાંથી એક-એક આતંકવાદીની ધરપકડ કરાઇ

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસે વિવિધ રાજ્યોમાંથી પાંચ આતંકવાદીઓની ધરપકડ કરી છે. દિલ્હીમાંથી બે, મધ્યપ્રદેશમાંથી એક, હૈદરાબાદમાંથી એક અને રાંચીમાંથી એક આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે.

દિલ્હીથી મુંબઈ સુધી આતંકીઓ સામે સ્ટ્રાઇક કરવામાં આવી છે. જેમાં એક મોટા આતંકી હુમલાના ષડયંત્રને નાકામ કર્યુ છે. દિલ્હી પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓના સંયુક્ત અભિયાન દ્વારા આ કામગીરી કરવામાં આવી છે. દિલ્હી, મુંબઇસ અને ઝારખંડમાં આ ઓપરેશન શરૂ કરાયુ હતું જેમાં કૂલ 5 આતંકીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. જે ISIS મોડ્યુઅલથી પ્રેરિત હતુ અને દિલ્હીમાં કેમિકલ બોમ્બ દ્વારા મોટા હુમલાની ફિરકામાં હતા. પોલીસએ બુધવારે પહેલા 3 આતંકીઓની ધકપકડ કરી હતી જેમાંથી આફતાબ અને સુફિયાનને દિલ્હીથી પકડ્યા હતા. આ બંને મુંબઈના રહેનારા છે અને તેઓ પાસેથી હથિયાર અને આઈઈડી બનાવવાનો સામાન મળી આવ્યો હતો. જ્યારે ત્રીજો આતંકી અઝહર દાનિશને ઝારખંડના રાંચીમાંથી ઝડપ્યો હતો. તેના રહેણાંક સ્થાનેથી કેમિકલ તથા આઈઈડી બનાવવાનો સામાન મળી આવ્યો હતો. ઝારખંડની રાજધાની રાંચીના એક લોજમાંથી એક શંકાસ્પદ ISIS આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસે ઝારખંડ ATS અને રાંચી પોલીસ સાથે મળીને રાજધાની રાંચીમાં આતંકવાદી જોડાણોને લઈને દરોડા પાડ્યા છે.

# તેજસ-સુખોઈ બનાવનારી કંપની હવે ઈસરો માટે રોકેટ બનાવશે

**નવી દિલ્હી**

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે (HAL) ભારતના અંતરિક્ષ ક્ષેત્રમાં મોટું પગલું ભર્યું છે. 10 સપ્ટેમ્બર 2025એ બેંગ્લુરૂમાં HALએ ઈસરો, ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથરાઈઝેશન સેન્ટર અને ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડની સાથે સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)ની ટેક્નોલોજી ટ્રાન્સફર કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કરાર ભારતના અંતરિક્ષ કાર્યક્રમમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને વધારવા અને નાના ઉપગ્રહો માટે સસ્તી લોન્ચ સેવાઓ પ્રદાન કરવાની દિશામાં એક ઐતિહાસિક પગલું છે. તમને જણાવી દઈએ કે સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ ઈસરો દ્વારા વિકસિત ત્રણ ચરણ વાળું રોકેટ છે, જે 500 કિલોગ્રામથી ઓછા વજનવાળા નાના ઉપગ્રહોને પૃથ્વીની નીચલી કક્ષામાં લોન્ચ કરવા માટે બનાવવામાં આવ્યું છે. આ રોકેટ સસ્તું, ફાસ્ટ અને જરૂરિયાત મુજબ લોન્ચ કરવામાં સક્ષમ છે. SSLV નાના ઉપગ્રહો, સંદેશાવ્યવહાર, અર્થ ઓબ્ઝર્વેશન અને નેવિગેશન માટે ઉપગ્રહોને અંતરિક્ષમાં મોકલવા માટે આદર્શ છે.

# સિયાચેન પર હિમસ્ખલન : ગુજરાતી સહિત ત્રણ જવાન શહીદ, પાંચ ગુમ

**લેહ**

લદ્દાખના સિયાચેન ગ્લેશિયર પર હિમસ્ખલનની ઘટના સામે આવી હતી, જેમાં ભારતીય સૈન્યના ત્રણ જવાનો શહીદ થઈ ગયા છે જ્યારે પાંચ જવાનો ગુમ છે જેની શોધખોળ ચાલી રહી છે.

વિશ્વના સૌથી ઉંચા યુદ્ધ ક્ષેત્ર તરીકે ઓળખાતા સિયાચેનમાં -૬૦ ડિગ્રી તાપમાનમાં જવાનો દેશની સુરક્ષા કરી રહ્યા છે. જેમને હિમસ્ખલનની આફતનો સામનો કરવો પડયો હતો. જે ત્રણ જવાનો શહીદ થયા છે તેમાં ગુજરાતના એક જવાનનો પણ સમાવેશ થાય છે.

ત્રણેય જવાનો મહાર રેજીમેંટ સાથે જોડાયેલા હતા, એક જવાન ગુજરાત જ્યારે બીજો ઉત્તર પ્રદેશ અને ત્રીજો ઝારખંડનો રહેવાસી છે. જ્યારે પાંચ જેટલા જવાનો હિમસ્ખલન બાદ ફસાઈ ગયા હતા જેમને રેસ્ક્યૂ કરવા માટે મોટા પાયે ઓપરેશન શરૂ કરાયું હતું. સિયાચેનમાં ભુસ્ખલન કે હિમપ્રપાતની ઘટનાઓમાં અવાર નવાર જવાનો શહીદ થતા હોવાની ઘટનાઓ સામે આવતી રહી છે. જે ત્રણ જવાનો હાલ શહીદ થયા છે તેમાં બે અગ્નિવીરોનો પણ સમાવેશ થાય છે. હાલમાં રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. જ્યારે એક કેપ્ટનને બચાવાયા છે.

# ગોવા-હૈદરાબાદમાં 1200 કરોડના જમીન કૌભાંડનો પર્દાફાશ, 72 લાખ રોકડા- 7 લક્ઝુરિયસ ગાડી જપ્ત

## નકલી દસ્તાવેજોથી જમીનો પડાવી, બેંક ખાતા સીઝ, FD પણ જપ્ત કરાઇ

**ગોવા**

ગોવામાં જમીન પચાવી પાડવાનો એક મોટો મામલો સામે આવ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગોવા અને હૈદરાબાદમાં 13 સ્થળોએ દરોડા પાડ્યા અને આ કાર્યવાહી અંજુના અને આસગાંવ વિસ્તારની સોસાયટીની જમીન પર ગેરકાયદેસર કબજો કરવા સાથે સંબંધિત છે. તપાસમાં જાણવા મળ્યું છે કે યશવંત સાવંત અને તેમના સહયોગીઓએ જૂના નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને લગભગ 3.5 લાખ ચોરસ મીટર જમીન પોતાના નામે કરાવી લીધી હતી. આમાંથી કેટલીક જમીનો વેચી પણ દેવામાં આવી હતી, જેના દ્વારા કરોડો રૂપિયાની કમાણી થઈ હતી. આ જમીનોની કિંમત 1200 કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. ઈડીના દરોડા દરમિયાન ઈડીને 72 લાખ રૂપિયા રોકડા, 7 લક્ઝરી વાહનો (જેમ કે પોર્શ, BMW, રેન્જ રોવર, મર્સિડીઝ) મળી આવ્યા છે. આ સાથે આરોપીઓના અનેક બેન્ક ખાતા અને FD પણ જપ્ત કરવામાં આવી છે. ઈડીનું કહેવું છે કે તપાસ હજુ પણ ચાલુ છે અને તે ગોવામાં ફેલાયેલા જમીન હડપ કરવાના મોટા નેટવર્કનો ખુલાસો કરી શકે છે. અગાઉ, અન્ય એક કેસમાં ઈડીના પણજી ઝોનલ ઓફિસે 5 સપ્ટેમ્બરના રોજ ગોવામાં અનેક જગ્યાઓ પર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ શોધ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં 15 સાંસદોએ ક્રોસ વોટિંગ કર્યું, વિપક્ષ હવે ગદ્દારોની શોધખોળમાં

## ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ભાજપે પ્રતિ સાંસદ 15થી 20 કરોડ ખર્ચ્યા : TMC

**નવી દિલ્હી**

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં NDAના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનની જીત નિશ્ચિત જ હતી, પરંતુ વિપક્ષી INDIA ગઠબંધનને અસલી આંચકો પોતાના જ વોટબેંકમાં થયેલી સેંધથી લાગ્યો છે. તેમના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને માત્ર 300 વોટ મળ્યા, જ્યારે વિપક્ષી ગઠબંધને ઓછામાં ઓછા 315 વોટની ગણતરી કરી હતી.

વિપક્ષી નેતાઓને આશા હતી કે સુદર્શન રેડ્ડીને 315થી 324 સુધીના વોટ મળશે. પરંતુ પરિણામોએ દર્શાવ્યું કે ઓછામાં ઓછા 15 વોટ વિપક્ષી છાવણીમાંથી NDA તરફ વળ્યા છે. કેટલાક વોટ જાણીજોઈને ગેરકાયદેસર જાહેર કરાયા હોવાનું પણ કહેવાય છે. પરિણામો આવ્યા બાદ વિપક્ષી છાવણીમાં 'ગદ્દારો'ની શોધ શરૂ થઈ ગઈ છે.

આપ અને મહારાષ્ટ્રમાં શિવસેના (UBT) તથા NCP (શરદ પવાર) જૂથો પર સૌથી વધુ આંગળીઓ ઉઠી રહી છે. રાજસ્થાનથી એક સાંસદ અને તમિલનાડુમાંથી આવેલા વોટ પર પણ ચર્ચા ચાલી રહી છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પાર્ટી વ્હિપ લાગુ થતો નથી, તેથી નેતાઓ માટે ક્રોસ-વોટિંગ કરવું સરળ બની ગયું. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનની જીત પર વિપક્ષે પ્રશ્નો ઊભા કર્યા છે. ભાજપ પર પ્રહાર કરતા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાષ્ટ્રીય મહાસચિવે દાવો કર્યો હતો કે, ભાજપે દરેક વોટ ખરીદવા માટે પ્રતિ સાંસદ 15થી 20 કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

# પટણામાં હોટલમાં ઘૂસી આરજેડી નેતાની ગોળી મારીને હત્યા કરાઇ

**પટના**

બિહારની રાજધાની પટણામાં કેટલાક આરોપીઓએ મંગળવારે (9 સપ્ટેમ્બર) સાંજે આરજેડી નેતા અને પ્રોપર્ટી ડીલર રાજકુમાર રાય ઉર્ફે આલા રાયની ગોળી મારીને હત્યા કરી દીધી. આ ઘટના ચિત્રગુપ્ત નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, રાજકુમાર રાય તેમની કારમાં ઘર પાસે પહોંચ્યા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો અને અંધાધૂંધ ગોળીબાર કરાયો. ગોળી વાગ્યા બાદ, રાજકુમાર રાય પોતાનો જીવ બચાવવા માટે નજીકની એક હોટલમાં ઘૂસી ગયા, પરંતુ હત્યારાઓએ તેમનો પીછો કર્યો અને હોટલમાં અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો. એક ગોળી હોટલના ફ્રીજમાં પણ વાગી, જેનાથી તેનો કાચ તૂટી ગયો.

ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઈજાગ્રસ્ત રાજકુમાર રાયને તાત્કાલિક પીએમસીએચ લઈ જવામાં આવ્યા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસને ઘટનાસ્થળેથી 6 ગોળી મળી આવી છે. પટણા પોલીસે જણાવ્યું કે, મૃતક રાજકુમાર રાય એક રાજકીય પક્ષ સાથે સંકળાયેલો હતો અને પ્રોપર્ટી ડિલીંગનું કામ કરતા હતા.

# UPમાં મોટી દુર્ઘટના, હરદોઈથી લખનઉ આવતી બસ પલટતા 5 લોકોના મોત, 10 ઈજાગ્રસ્ત

**ભોપાલ**

હરદોઈથી લખનઉ આવી રહેલી એક સરકારી બસે કાબુ ગુમાવ્યો અને પલટી મારી ગઈ હતી. જેથી ઘણા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા, અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, આ ઘટનામાં ઓછામાં ઓછા 5 લોકોના મોત થયા છે. મુખ્યમંત્રીએ ઘટનાની નોંધ લીધી અને ઝડપી રાહત અને બચાવ કામગીરી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો હતો.સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, ગુરુવારે સાંજે લખનઉમાં કાબુ ગુમાવ્યા બાદ એક ઝડપી રોડવેઝ બસ પલટી ગઈ અને તેમાં ઓછામાં ઓછા 5 લોકોના મોત થયા જ્યારે ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની માહિતી મળતાં પોલીસ અને સ્થાનિક લોકો બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

# નેપાળ હિંસાની ભારતમાં અસર, કોંગ્રેસના કાર્યાલયમાં તોડફોડ, આગચંપી બાદ તણાવ

## સોશિયલ મીડિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધનો વિરોધ

**દાર્જુલા**

નેપાળ હિંસાની જ્વાળાઓ હવે ભારતીય સરહદ સુધી પહોંચી ગઈ છે. બુધવારે ઝુલાઘાટ અને ધારચુલાને અડીને આવેલા નેપાળી વિસ્તારો દાર્ચુલા અને બૈતાડીમાં પણ દેખાવ થયા. દાર્ચુલામાં દેખાવકારોએ કોંગ્રેસ અને એમાલેના કાર્યાલયોમાં તોડફોડ કરી. આ દરમિયાન આગચંપી પણ કરવામાં આવી હતી જેના લીધે વિસ્તારમાં તણાવ ફેલાયો હતો.

ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર પ્રતિબંધ સામે વિરોધની ચિંગારી સાથે મંગળવારે બીજા દિવસે પણ નેપાળ સળગતું રહ્યું. ઝુલાઘાટ આંતરરાષ્ટ્રીય પુલથી લગભગ 25 કિમી દૂર બૈતાડીના સાહિલેક બજારમાં સન્નાટો છવાઈ ગયો હતો. અહીંના યુવાનોએ સોશિયલ મીડિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધનો વિરોધ કર્યો. બૈતાડીના એક સ્થાનિકે જણાવ્યું હતું કે દેખાવ દરમિયાન દેખાવકારોએ બજાર બંધ કરાવ્યું હતું. તેમણે બજારમાં સરઘસ કાઢીને સરકાર સામે ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

# બિહારને ચૂંટણી પહેલા લ્હાણી: 4 લેન હાઈવે અને ડબલ ટ્રેક રેલ લાઇનને સરકારની મંજૂરી

**પટના**

ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે બિહાર અને પાડોશી રાજ્યોમાં કનેક્ટિવિટી અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે 7,616 કરોડ રૂપિયાના બે મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ મંજૂરીઓ સાથે જ મોદી સરકાર બિહારને અત્યાર સુધીમાં 11 લાખ કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી ચૂકી છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, 3,169 કરોડ રૂપિયાના ખર્ચે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત 4,447 કરોડ રૂપિયાના ખર્ચથી બક્સર-ભાગલપુર હાઈ-સ્પીડ કોરિડોરના ફોર-લેનને મોકામા-મુંગેર ખંડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

# સરકારનું નાણાકીય મેનેજમેન્ટ કંગાળ : CAG

## આવક કરતાં ખર્ચ વધારે, નાણાંકીય શિસ્તના પાલનમાં ગુજરાત સરકારની સંખ્યાબંધ નબળાઇઓ

**ગાંધીનગર**

ગુજરાત સરકારનું નાણાંકીય મેનેજમેન્ટ કંગાળ હોવાનું અવલોકન બુધવારે ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. આ સાથે જ અંદાજપત્રના ખર્ચના હિસાબોનું બરાબર મેનેજમેન્ટ ન થતું હોવાનું જણાવવામાં આવ્યું છે. તેમ જ 2023-24ના વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા હિસાબોની ગુણવત્તા પણ કંગાળ હોવાનું અવલોકન કરવામાં આવ્યું છે. કેગના અહેવાલમાં નાણાંકીય શિસ્તનું પાલન કરવામાં ગુજરાત સરકારની સંખ્યાબંધ નબળાઈઓ પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું છે. ગુજરાત સરકારની મહેસૂલી આવક 11.71 ટકાના વધારા સાથે રૂા. 2,22,763 કરોડની થઈ છે. તેની સામે કુલ ખર્ચ રૂા. 2,47,632 કરોડનો થયો છે. આમ આવક કરતાં ખર્ચ ખાસ્સો વધારે છે.

સરકાર 2020-21ના વર્ષના મહેસૂલી પુરાંત લક્ષ્યાંકોને પાર કરવામાં નિષ્ફળ રહી છે. બજેટમાં રૂા. 7479.64 કરોડની બતાવેલી પુરાંત પણ વાસ્તવિક પુરાંત કરતાં વધારે હોવાનું જણાય છે.

### ટ્રાફિક દંડની રકમમાંથી 148.80 કરોડ ગાયબ ?

ગુજરાત સરકારે ટ્રાફિક નિયમોના ભંગ બદલ વસૂલેલા દંડની સંપૂર્ણ રકમ એટલે કે 100% 'ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ ફંડ'માં જમા કરાવવાની જોગવાઈ હોવા છતાં માત્ર 87% રકમ જ ટ્રાન્સફર કરવામાં આવી છે. આ ચોંકાવનારો ખુલાસો CAGના ઓડિટ રિપોર્ટમાં થયો છે. આ રિપોર્ટ મુજબ, કુલ રૂ. 148.80 કરોડની રકમ ટ્રાન્સફર થઈ નથી. CAGના વાર્ષિક નાણાકીય ઓડિટ રિપોર્ટમાં 2012-13 થી 2023-24 સુધીના સમયગાળાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

# સેવન્થ ડે જેવી ઘટના નહીં થાય તે જોવાની ફરજ સરકારની : હાઈકોર્ટ

**અમદાવાદ**

સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કૂલમાં થોડા દિવસ પહેલા જ એક વિદ્યાર્થી દ્વારા સગીરની હત્યાના વિવાદમાં સેવન્થ ડે સ્કૂલને અમદાવાદ શહેર ડીઈઓ તરફથી ફટકારવામાં આવેલી કારણદર્શક નોટિસ અને તેની પાસેથી માંગવામાં આવેલા દસ્તાવેજો સહિતની કાર્યવાહીને પડકારતી વિવાદીત સેવન્થ ડે સ્કૂલ તરફથી ગુજરાત હાઇકોર્ટમાં કરાયેલી બે અલગ-અલગ રિટ અરજીઓ પહેલી જ સુનાવણીમાં જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે આકરા વલણ સાથે ફગાવી દીધી છે.

હાઈકોર્ટે સ્કૂલને કોઈપણ રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. જસ્ટિસ નિખિલ કેરીયલે બહુ માર્મિક ટકોર કરતાં જણાવ્યું કે, સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીની હત્યાનો બનાવ લોકોને હચમચાવી નાંખતો છે. સરકારની લોકો માટે જવાબદારી, ખાસ કરીને વાલીઓને જવાબદાર હોય છે. સ્કૂલોમાં ફરી આ પ્રકારની કોઇ ઘટના ના બને તે જોવાનું કામ અને ફરજ સરકારના છે.

હાઈકોર્ટે સેવન્થ ડે સ્કૂલની બંને અરજીઓ ફગાવતાં જણાવ્યું કે, શાળાને દસ્તાવેજો આપવામાં વાંધો ના હોવો જોઈએ, તેમણે ઉલ્ટાનું તપાસમાં સાથ સહકાર આપવો જોઈએ.

# વડોદરામાં દિપેન મર્ડર કેસનો આરોપી કોર્ટ કેન્ટીનમાંથી ફરાર

**વડોદરા**

વડોદરાના હરણી નજીક દરજીપુરા ખાતે પ્રેમ પ્રકરણમાં આડખીલીરૂપ બનતા મિત્ર દિપેન પટેલની ઘાતકી હત્યા કરવાના ચકચારી બનાવમાં પકડાયેલા બે ભાઈઓ પૈકીનો મુખ્ય આરોપી હાર્દિક પ્રજાપતિ આજે બપોરે કોર્ટની કેન્ટીનમાંથી ફરાર થઈ જતાં પોલીસનું નાક કપાયું છે.

દરજીપુરા ખાતે ભાડાના મકાનમાં રહેતો અને આરટીઓ એજન્ટ તરીકે કામ કરતો હાર્દિક પ્રજાપતિ એક યુવતીના પ્રેમમાં હોવાથી આરટીઓમાં નંબર પ્લેટ લગાવવાની એજન્સી ધરાવતા દિપેન પટેલે તેને અટકાવ્યો હતો. જેથી ગઈ તા.૫મી મે એ હાર્દિકે દિપેનની છળ પૂર્વક હત્યા કરી લાશ હાલોલની કેનાલમાં ફેંકી દીધી હતી.

પાંચ દિવસ પછી દિપેનનો મૃતદેહ મળી આવતાં સમગ્ર બનાવ પરથી ભેદ ઉકેલાયો હતો અને હરણી પોલીસે દિપેનની હત્યા કરનારા હાર્દિક કૈલાસભાઈ પ્રજાપતિ તેમજ તેને મદદરૂપ થયેલા ભાઈ હિતેશ પ્રજાપતિ (બંને રહે.મંદિરવાળું ફળિયું,દરજીપુરા મૂળ ભાવનગર)ની ધરપકડ કરી હતી.

# 6 વર્ષમાં 280 બાંધકામ અકસ્માત, 313 મોત

## સાત મ્યુનિસિપલ કોર્પોરેશને નથી આપ્યો રિપોર્ટ

**ગાંધીનગર**

ગુજરાતના મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રના કામદારોના કલ્યાણ અંગેના ભારત સરકારના કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના માર્ચ 2022ના પૂરા થતા વર્ષ માટેના રિપોર્ટ મુજબ સરકારના બાંધકામ ક્ષેત્રના કામદારોના કલ્યાણ બોર્ડે કલ્યાણ ભંડોળનું જ ગઠન કર્યુ ન હતું. આ સિવાય સરકારે જૂન 2011થી સલાહકાર સમિતિનું પણ ગઠન કર્યુ ન હતું. કેગના રિપોર્ટ મુજબ સાઠ વર્ષની ઉંમર પૂરી કરનારા લાભાર્થીને વૃદ્ધાવસ્થા પેન્શન આપવુ બોર્ડનું મુખ્ય કામોનું એક છતાં 2019થી વૃદ્ધાવસ્થા પેન્શન યોજના સ્થગિત રાખવામા આવી હતી. 2017 થી 2022 સુધીના છ વર્ષમાં રાજ્યમાં જુદી જુદી 280 બાંધકામ સાઈટો પર અકસ્માતની ઘટના બની હતી જ્યારે આ ઘટનાઓમાં 313 કામદારોના મોત થયા હતા. કેગના રિપોર્ટ મુજબ, બોર્ડ કે રાજ્ય સરકાર દ્વારા 2017થી 2022 સુધીમાં કુલ 31 કલ્યાણકારી યોજનાઓમાંથી 13 કલ્યાણકારી યોજનાઓ (42 ટકા) બંધ અથવા સ્થગિત કરી દેવાઈ હતી. સાઠ વર્ષની ઉંમર પૂરી કરનાર લાભાર્થીઓને વૃદ્ધાવસ્થા પેન્શન આપવુ એ બોર્ડના મુખ્ય કામોનું એક છતાં પણ મે 2019થી પેન્શન યોજના સ્થગિત રાખવામા આવી હતી.

જ્યારે 2017થી 2022 દરમિયાન શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ રાજ્યના નવ જિલ્લામાં વિસ્તારવામાં આવ્યો હતો. બાકીના 24 જિલ્લામાં યોજના ન હતી. જૂન 2024ના અંત સુધીમાં 19 જિલ્લાઓમાં યોજના વિસ્તારવામા આવી હતી. નોંધાયેલા કામદારોને પોતાનું મકાન લેવા માટે મદદ કરવા બોર્ડની મુખ્ય બે યોજનાઓ છે. જેમાં 2017 થી 2022 દરમિયાન માત્ર 37 લાભાર્થીને જ આવાસ યોજના હેઠળ લાભ મળ્યો હતો.

# વિદેશ જવાની ઘેલછામાં વિસનગરનો યુવક છેતરાયો, ન્યૂઝીલેન્ડના નકલી વિઝા પધરાવાયા

## બે ઠગબાજોએ 23 લાખ પડાવી લીધા હોવાની પોલીસ ફરિયાદ

**મહેસાણા**

વિદેશ જવાના ઘેલછામાં લોકો ઘણી વખત છેતરપિંડીનો ભોગ બનતા હોવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે મહેસાણા વિઝા કૌભાંડ સામે આવ્યું છે. જેમાં વિસનગરના એક યુવક સાથે ન્યૂઝીલેન્ડના વિઝા આપવાના બહાને બે શખ્સે લાખોની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મહેસાણાના વિસનગરના એક યુવક સાથે ન્યૂઝીલેન્ડના વર્ક પરમીટના બહાને રૂ.23.50 લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જેમાં વિઝા હબ નામની ઓફિસમાં પટેલ બ્રધર્સે દ્વારા કૌભાંડ આચર્યું હોવા મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, દીક્ષિત પટેલ અને વિવેક પટેલ નામના બે શખ્સો દ્વારા યુવકને વિદેશના વર્ક પરમીટ વિઝા આપવાનું કહીને ખોટા વિઝા આપવામાં આવ્યા હતા. જેની જાણ યુવકને થતાં તેને આપેલા લાખો રૂપિયા પરત માંગતી આરોપીઓએ પૈસા પરત આપવાનો ઈનકાર કર્યો હતો. સમગ્ર મામલે વિસનગર પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

# MS યુનિ.માં ડિગ્રી વિવાદ : પ્રોફેસરના આક્ષેપ બાદ ભૂતપૂર્વ વીસી દ્વારા માનહાનિની ફરિયાદ

**વડોદરા**

એમ.એસ.યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડો.વિજય શ્રીવાસ્તવની પીએચડી ડિગ્રી બોગસ હોવાનો આક્ષેપ કરનાર પ્રોફેસર સતિષ પાઠક સામે ડો.શ્રીવાસ્તવે અમદાવાદના સોલા પોલીસ મથકમાં માનહાનિની ફરિયાદ નોંધાવી છે. ડો.શ્રીવાસ્તવનું કહેવું છે કે, મારી પીએચડી ડિગ્રી અસલી હોવાનું બુંદેલખંડ યુનિવર્સિટીએ વેરિફાય કર્યું છે.

એ પછી હવે પ્રો.પાઠકે ડો.શ્રીવાસ્તવે ખોટો બાયોડેટા રજૂ કરીને યુનિવર્સિટીમાં જે તે સમયે વાઈસ ચાન્સેલર તરીકે નોકરી મેળવીને યુનિવર્સિટી સાથે છેતરપિંડી આચરી હોવાનો આરોપ મૂકીને સયાજીગંજ પોલીસ મથકમાં અરજી કરી છે.આ મામલામાં તેમણે ડો.શ્રીવાસ્તવ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવે તેવી માગ કરી છે.

પ્રો.પાઠકનું કહેવું છે કે, ૨૦૨૧માં ડો.શ્રીવાસ્તવે વાઈસ ચાન્સેલર બનવા માટે જે બાયોડેટા રજૂ કર્યો હતો તેમાં પોતાના પ્રોફેસર તરીકેના અનુભવની ખોટી જાણકારી આપી હતી.બાયોડેટાની સાથે જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા નહોતા.ઉપરાંત બાયોડેટામાં ડો.શ્રીવાસ્તવે કામધેનુ યુનિવર્સિટી, પંડિત દિન દયાલ ઉપાધ્યાય યુનિવર્સિટી તથા ભરુચની એસવીએમઆઈટી કોલેજમાં પોતાના કાર્યકાળ અંગે જે જાણકારી આપી છે તે પણ ગેરમાર્ગે દોરનારી છે.

# ગાંધીનગર નજીક નર્મદા કેનાલમાં દંપતીના મૃતદેહ મળ્યા, પુત્ર હજી પણ ગુમ

**ગાંધીનગર**

નાના ચિલોડા વિસ્તારના કમલેશ પટેલ અને તેમની પત્ની રીટાબહેનનો મૃતદેહ અડાલજ નર્મદા કેનાલમાંથી મળ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, દંપતીને પાર્થ પટેલ નામનો 25 વર્ષીય દીકરો છે, જે 8 સપ્ટેમ્બરે સવારે ઘરેથી બોલેરો ગાડી લઈને ધંધા અર્થે નીકળ્યો હતો. આ પછીથી એનો સંપર્ક તૂટી ગયો હતો અને પાર્થનો મોબાઈલ બંધ આવી રહ્યો હતો. જ્યારે પાર્થની ગાડી કલોલના નંદાસણ રોડ પર એક હોટલ પાસે બિનવારસી હાલતમાં મળી આવી હતી. બીજી તરફ, દંપતી પણ એજ દિવસે સાંજે ગુમ થયા હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે પાર્થની પત્નીએ નરોડા પોલીસ સ્ટેશનને જાણ કરી હતી.

# સાવજ સંકટમાં, 2 વર્ષમાં 307માંથી 256 સિંહોનાં કમોત

## 2 વર્ષમાં માત્ર 51 સિંહોના જ કુદરતી મોત થયા : કરોડોનું આંધણ છતાં સૌથી વધુ મોત બીમારીથી

**જૂનાગઢ**

એશિયાના ઘરેણા સમાન ગીરના સિંહોની કેવી દયનીય હાલત છે તેનો ચિંતાજનક આંકડો સામે આવ્યો છે. 1 ઓગસ્ટ 2023થી બે વર્ષ દરમ્યાન કુલ ૩૦૭ સિંહોના મોત થયા છે તેમાંથી માત્ર 51 સિંહોના જ કુદરતી મોત થયા છે, જ્યારે ૨૫૬ સિંહોના કમોતનો સત્તાવાર ઘટસ્ફોટ થયો છે. વિધાનસભાના સત્રમાં ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નમાં વનમંત્રીએ જવાબ રજૂ કર્યો છે. સ્થાનિક અધિકારીઓ દર વખતે બિમારી મુદ્દે કોઈ ગંભીર રોગ ન હોવાના દાવાઓ કરી લુલો બચાવ કરે છે પરંતુ સૌથી વધુ સિંહોના કમોત બિમારી સબબ થયા હોવાના આંકડા સામે આવ્યા છે. જે આંકડો જાહેર થયો છે તે મુજબ આગલા વર્ષે 60 અને



ચાલુ વર્ષે 81 સિંહોના બિમારીથી મોત થયા છે. બિમારી બાદ સૌથી વધુ મોત આંતરીક લડાઈના કારણે થયા છે. ત્યારબાદ ખુલ્લા કુવા સિંહો માટે મોત બની ઝળુંબી રહ્યા છે. બે વર્ષમાં કુવામાં પડવાથી 20 સિંહોના મોત થયા છે અને પાણીમાં ડુબી જવાના કારણે 9 સિંહોના મોત થયા છે.

સરકાર દ્વારા બે વર્ષમાં અકુદરતી મૃત્યુંના કિસ્સામાં તકેદારી માટે 37.36 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વનતંત્રએ સિંહોને તુરંત સારવાર મળી રહે તે માટે ઠેકઠેકાણે હોસ્પિટલો ખડકી દીધી છે. અભયારણ્ય વિસ્તારમાં જાહેર માર્ગ પર સ્પિડ બ્રેકરો મુકવામાં આવ્યા છે. નાઈટ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું, પોલીસ, વનતંત્ર અને પીજીવીસીએલનું પેટ્રોલિંગ કરવામાં આવ્યું, ખુલ્લા કુવાઓમાં બાંધવામાં આવ્યા, અધ્યતન એમ્બ્યુલન્સ, રેડીયો કોલરીંગ, વેક્સિનેશન, રહેઠાણ સુધારણા કામગીરી સહિતના અનેક કામ કરવામાં આવ્યા હોવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. આટઆટલા દાવાઓ છતાં પણ સિંહોના અકુદરતી મોત અટકાવવામાં વનતંત્ર અને સરકારને સફળતા મળતી નથી.

# દેશભરમાં એક સાથે થશે SIR, ચૂંટણી પંચ ટુંક સમયમાં જાહેર કરશે તારીખો

## મુખ્ય ચૂંટણી અધિકારીઓને રાજ્યોની મતદાર યાદીઓ તૈયાર રાખવાનો નિર્દેશ

**નવી દિલ્હી**

બિહાર બાદ ભારતીય ચૂંટણી પંચ (ECI) ટૂંક સમયમાં દેશભરમાં એકસાથે મતદાર યાદીનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કરવા જઈ રહ્યું છે. ચૂંટણી પંચે બુધવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને SIR માટેની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવા જણાવ્યું હતું. ચૂંટણી પંચના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દેશભરમાં એકસાથે SIRની




પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે તેની તારીખો ટૂંક સમયમાં ઔપચારિક રીતે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારે બુધવારે નવી દિલ્હીમાં ઈન્ડિયન ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM) ખાતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓના પરિષદમાં SIRની તૈયારીઓની સમીક્ષા કરી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર કુમારે તમામ રાજ્યોને બિહારમાં SIR ચલાવવામાં આવતા પડકારોને ધ્યાનમાં રાખીને તૈયારી કરવા જણાવ્યું છે.

# ભારત અને મોરિશિયસ ટૂંક સમયમાં લોકલ કરન્સીમાં વેપાર કરી શકશે

## બંને દેશો વચ્ચે આર્થિક સંબંધો ગાઢ બનશે : મોદી

**નવી દિલ્હી**

ભારત અને મોરિશિયસ ટૂંકસમયમાં લોકલ કરન્સી (સ્થાનિક ચલણ) માં વેપાર કરી શકશે. બંને દેશો વચ્ચે આર્થિક અને નાણાકીય સંબંધોને વધુ ગાઢ બનાવતા આ પગલું લેવામાં આવ્યું હોવાનું વડાપ્રધાન મોદીએ જણાવ્યું છે. વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરિશિયસના વડાપ્રધાન ડો. નવીનચંદ્ર રામગુલામ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક કરી હતી. જેમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મામલે વિવિધ ચર્ચા થઈ હતી. બંને દેશોએ પોતાના સ્થાનિક ચલણમાં વેપારને મંજૂરી આપવા સહમતિ દર્શાવી હતી. બંને દેશોના વડાએ ચાગોસ કરાર સંપન્ન થવા પર શુભકામના પાઠવી હતી. મોરિશિયસ વડાપ્રધાન નવિનચંદ્ર રામગુલામ ભારતની મુલાકાતે છે. વારાણસીમાં તેમનું ભવ્ય સ્વાગત થયુ હતું. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ગતવર્ષે મોરિશિયસમાં યુપીઆઈ અને રૂપે કાર્ડ સર્વિસ શરૂ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે બંને દેશોના નાગરિકો અને વેપારીઓ સરળતાથી સ્થાનિક ચલણમાં જ ટ્રાન્ઝેક્શન કરી શકશે.

# ઉત્તરપ્રદેશના ગાજીપુરમાં લાઠીચાર્જમાં ઘાયલ થયેલા ભાજપ કાર્યકરનું મોત

**ગાજીપુર**

ઉત્તર પ્રદેશના ગાજીપુર જિલ્લાના નોનહરા વિસ્તારમાં પોલીસના લાઠીચાર્જ દરમિયાન ઘાયલ થયેલા ભાજપના કાર્યકર્તા સિયારામ ઉપાધ્યાયનું ગુરુવારે મોત થઈ ગયું. આ ઘટનાએ સ્થાનિક ગ્રામીણો અને ભાજપ કાર્યકર્તાઓમાં ગુસ્સાની લહેર ફેલાઈ ગઈ છે. મૃતકના પરિવાર અને સમર્થકોએ દોષિત પોલીસકર્મીઓ વિરુદ્ધ હત્યાનો કેસ ચલાવવા અને કડક કાર્યવાહીની માગ કરી છે. ૯ સપ્ટેમ્બરની રાતે નોનહરા વિસ્તારમાં ભાજપના કાર્યકર્તા પોતાની વિવિધ માગણીને લઈને શાંતિપૂર્ણ રીતે ધરણાં કરી રહ્યા હતા. આરોપ છે કે અડધી રાતે પોલીસે લાઈટ બંધ કરી દીધી અને પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ શરુ કરી દીધો. આ દરમિયાન કેટલાય કાર્યકર્તાઓ ઘાયલ થઈ ગયા, જેમાં સિયારામ ઉપાધ્યાય પણ સામેલ હતા. સિયારામ, જે શારીરિક રીતે દિવ્યાંગ હતા, લાઠીચાર્જ દરમિયાન તે ભાગી શક્યા નહીં અને જમીન પર પડી ગયા. આરોપ છે કે પોલીસે તેમને બરાબરના માર્યા હતા. ગુરુવાર સવારે તેની હાલત ખરાબ થઈ ગઈ અને તેનું મોત થઈ ગયું હતું.

# બે વર્ષમાં ચીન સરહદેથી ભારતમાં રૂપિયા ૮૦૦ કરોડના સોનાની તસ્કરી, 3 નાગરિકની ધરપકડ

## 10 લોકોની અટકાયત કરાઈ, ચીનથી ઘૂસાડેલું સોનું લદ્દાખથી દિલ્હી લવાતું હતું

**નવી દિલ્હી**

ભારત અને ચીન વચ્ચેની સરહદ એલએસી પર સોનાની તસ્કરીના રેકેટનો ખુલાસો થયો છે. આ રેકેટની તપાસ કરી રહેલી કેન્દ્રીય એજન્સી ઈડીએ કહ્યું છે કે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન ચીન, તિબેટના નાગરિકો અને કેટલાક સ્થાનિક લોકોએ રૂપિયા ૮૦૦ કરોડના એક હજાર કિલો સોનાની તસ્કરી કરી છે.

કેન્દ્રીય એજન્સી ઈડીએ એક



નિવેદનમાં જણાવ્યું છે કે તે આ ક્રિમિનલ પ્રવૃત્તિમાં ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ કાયદો એટલે કે ફેમા હેઠળ કાર્યવાહી કરી રહી છે. ગયા વર્ષે જુલાઈ મહિનામાં આઈટીબીપીના જવાનોએ ૧૦૮ કિલો વિદેશી સોનાના બાર જપ્ત કર્યા હતા. જે બાદથી ઈડી દ્વારા આ સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી હતી. બોર્ડર ગાર્ડિંગ ફોર્સના જવાનોએ ત્રણ સ્થાનિકોની આ સોના સાથે ધરપકડ કરી હતી. ઈડીએ જણાવ્યું હતું કે મંગળવારે એનસીઆર અને લદ્દાખમાં આ મામલે દરોડા પાડવામાં આવ્યા હતા અને તપાસ કરાઈ હતી. ડીઆરઆઈએ પણ આ કેસની તપાસ કરી હતી.

# ગુજરાત સરકાર પંજાબના પૂરગ્રસ્ત લોકોને જીવનજરૂરી ચીજવસ્તુઓની સહાય મોકલશે

## ટ્રેન મારફતે શુધ્ધ પીવાનું પાણી, ખાદ્ય સામગ્રી, કપડાં, દવાઓ સહિતની વસ્તુ મોકલાશે

**અમૃતસર**

પંજાબમાં આવેલા ભયાનક પૂરને કારણે સર્જાયેલી માનવસર્જિત આપત્તિને ધ્યાનમાં રાખીને, ગુજરાત સરકારે માનવતાના ધોરણે મદદ કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાત સરકાર પંજાબના પૂરગ્રસ્ત લોકોને જીવનજરૂરી ચીજવસ્તુઓની સહાય મોકલશે. આ સહાય ગાંધીનગર રેલવે સ્ટેશનથી ખાસ ટ્રેન મારફતે પંજાબ મોકલવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતે આ સહાય સામગ્રીને રવાના કરાવશે, જે ગુજરાતની સંવેદનશીલતા અને અન્ય રાજ્યો પ્રત્યેની ભાઈચારાની ભાવના દર્શાવે છે. આ સહાયમાં મુખ્યત્વે શુધ્ધ પીવાનું પાણી, ખાદ્ય સામગ્રી, કપડાં, દવાઓ અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે, જે પૂરથી પ્રભાવિત થયેલા હજારો પરિવારો માટે અત્યંત જરૂરી છે.

પંજાબ અને હિમાચલ પ્રદેશમાં પૂરની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, PM નરેન્દ્ર મોદી આજે આ બંને રાજ્યોની મુલાકાત લેવાના છે. તેઓ પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કરશે, જેથી નુકસાનનો અંદાજ મેળવી શકાય. PM હિમાચલ પ્રદેશના કાંગડા અને પંજાબના ગુરદાસપુરમાં પૂરગ્રસ્ત લોકો સાથે મુલાકાત કરશે અને તેમની પરિસ્થિતિ વિશે માહિતી મેળવશે. આ મુલાકાત દરમિયાન, તેઓ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક પણ કરશે, જેમાં રાહત અને બચાવ કાર્યને વધુ વેગ આપવા અને અસરગ્રસ્તોને તાત્કાલિક મદદ પૂરી પાડવા અંગે ચર્ચા કરવામાં આવશે.

# છત્તીસગઢમાં 10 નક્સલીઓના મોત એક કરોડનો ઈનામી મનોજ પણ ઠાર

**રાયપુર**



સુરક્ષાદળોએ છત્તીસગઢના ગરિયાબંધમાં સુરક્ષાદળોએ મોટી કાર્યવાહી કરી છે. અથડામણમાં મનોજ ઉર્ફે બાલકૃષ્ણ સહિત ૧૦ નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા છે. નક્સલવાદ વિરુદ્ધ લડતમાં આ મોટી સફળતા માનવામાં આવી રહ્યા છે. ગાઢ જંગલની વચ્ચે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું, જોકે હજુ પણ અથડામણ ચાલી રહી છે.

રાયપુર રેન્જના IG અમરેશ મિશ્રાએ કહ્યું કે હજુ પણ અથડામણ ચાલી રહી છે અને કેટલાક નક્સલીઓ માર્યા ગયા હોવાની સૂચના છે. વિસ્તૃત માહિતી બાદમાં આપવામાં આવશે.

નોંધનીય છે કે મનોજ ઉર્ફે બાલકૃષ્ણ પર અત્યંત ગંભીર આરોપો હેઠળ કેસ નોંધાયેલા હતા. તે નક્સલી સંગઠનનો મોટો નેતા ગણાતો, તેના પર હત્યા, લૂંટ અને પોલીસ પર હુમલા કરવાના ગુના નોંધાયેલા હતા. તેના પર એક કરોડ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

# ભારતીય સેનાના વડાને કેન્દ્ર સરકારની લીલીઝંડી, પ્રાદેશિક સેનાને બોલવવાની છૂટ અપાઈ

**નવી દિલ્હી**

સરહદે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ છે, એવામાં ભારતીય સેનાના વડાને કેન્દ્ર સરકારે વધુ સત્તા સોંપી છે અને પ્રાદેશિક સેનાને બોલાવવાની છૂટ આપી દીધી છે. પ્રાદેશિક સેનામાં હાલ ૪૦ હજારથી વધુ જવાનો છે. જે યુદ્ધ થાય તો સેનાને મદદરૂપ થઈ શકશે. કેન્દ્ર સરકારે પ્રાદેશિક સેનાના અધિકારીઓથી લઈને તમામ કર્મચારીઓને સેનાની મદદ માટે બોલાવવાની સેનાના વડાને છૂટ આપી છે. આ પ્રાદેશિક આર્મીમાં ૩૨ બટાલિયન છે જેમાંથી ૧૪ને હાલ સક્રિય કરાઈ છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયના સૈન્ય બાબતોના વિભાગ દ્વારા એક નોટિફિકેશન બહાર પડાયું હતું, જેમાં જણાવાયું છે કે સેનાના વડાને પ્રાદેશિક સેનાને બોલાવવાની છૂટ અપાઈ છે.

# ભારતીય નૌસેનાને મળ્યું મેડ ઇન ઇન્ડિયા 3ડી એર સર્વેલન્સ રડાર

**નવી દિલ્હી**

ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL)એ ગુરુવારે ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ પર સ્પેનિશ કંપની ઈન્દ્રા પાસેથી ટેકનોલોજી ટ્રાન્સફરની મદદથી બનેલ પ્રથમ સ્વદેશી 3D-ASR-Lanza-N કાર્યરત કર્યું. TASL એડવાન્સ્ડ નેવલ 3D એર સર્વેલન્સ રડાર બનાવનારી પ્રથમ ભારતીય કંપની બની છે. આ સિદ્ધિને ભારતની સંરક્ષણ સ્વનિર્ભરતાની શોધમાં એક મહત્વપૂર્ણ કડી માનવામાં આવે છે. આ સિસ્ટમ સ્થાનિક રીતે એસેમ્બલ અને સંકલિત કરવામાં આવી છે. રડાર ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ પર સ્થાપિત કરાયું છે. આ પહેલી વાર છે જ્યારે સ્પેનની બહાર લાન્ઝા-એન રડારનો ઉપયોગ કરવામાં આવશે.3D એર સર્વેલન્સ રડાર લાન્ઝા-એન એક અત્યાધુનિક નૌસેના રડાર સિસ્ટમ છે, જેને લાંબા અંતરની હવાઈ દેખરેખ અને મિસાઈલ સંરક્ષણ માટે વિશ્વના સૌથી અદ્યતન રડારોમાંનું એક માનવામાં આવે છે. રડારને આ ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજની તમામ સિસ્ટમો સાથે એકીકૃત રીતે સંકલિત કરવામાં આવ્યું છે. રડાર તેના ઈન્ડક્શન પહેલાં વ્યાપક દરિયાઈ પરીક્ષણોમાંથી પસાર થયું છે.

# સોનિયા ગાંધીને કોર્ટમાંથી મળી રાહત, મતદાન અધિકાર મામલે ચુકાદો સુરક્ષિત

**નવી દિલ્હી**

ભારતીય નાગરિક બનતા પહેલા મતદાર બનવાના આરોપોને લઈને સોનિયા ગાંધી વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી પર દિલ્હીની એક કોર્ટે પોતાનો આદેશ અનામત રાખ્યો છે. જેમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે, કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધીનું નામ ભારતીય નાગરિક બન્યાના ત્રણ વર્ષ પહેલા મતદાર યાદીમાં નોંધાયેલું હતું. ચૂંટણી પંચ અને ભાજપ વિરુદ્ધ વોટ ચોરીનો આરોપ લગાવતી કોંગ્રેસ પર આ મુદ્દા પર શાસક પક્ષ હુમલો કરી રહ્યો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દિલ્હીની એક કોર્ટમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે બુધવારે સોનિયા ગાંધી વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી પર કહ્યું, 'હું આદેશ અનામત રાખું છું'.

# ફ્રાન્સમાં 1 લાખ આંદોલનકારી રસ્તા પર ઉતર્યા, આગચંપી - તોડફોડ

## રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો, મેક્રોન માટે મુશ્કેલ સમય, પેરિસમાં છ હજાર સૈનિકોની તૈનાત કરી દેવાયા, ટીયર ગેસ છોડાયા

**પેરિસ**

યુરોપિયન દેશ ફ્રાન્સમાં વધુ એક રાષ્ટ્રવ્યાપી વિરોધ શરૂ થયો છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની નીતિઓ સામે ફ્રાન્સના લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા છે અને આ વિરોધને 'બ્લોક એવરીથિંગ' નામ આપવામાં આવ્યું છે. એક તરફ, મેક્રોને ગઈકાલે સેબેસ્ટિયન લેકોર્નુને ફ્રાન્સના નવા વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા હતા, તો બીજી તરફ, તેમણે કાર્યભાર સંભાળતાની સાથે જ લોકોએ મોટા પાયે વિરોધ શરૂ કરી દીધો હતો. ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ મેક્રોન વિરુદ્ધના આ વિરોધને કારણે, રસ્તાઓ પર ટ્રાફિક જામ થઈ ગયો છે અને થોડા કલાકોમાં પોલીસે 200 થી વધુ લોકોની ધરપકડ કરી છે. શાળાઓ અને ઓફિસોમાં હડતાળ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. વિરોધને કારણે, જાહેર પરિવહન, શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોમાં કામકાજ ખોરવાઈ ગયું છે. 'બ્લોક એવરીથિંગ' વિરોધનું નેતૃત્વ વિપક્ષી ડાબેરી જૂથ દ્વારા કરવામાં આવી રહ્યું છે,

'બ્લોક એવરીથિંગ' વિરોધનું નેતૃત્વ વિપક્ષી ડાબેરી જૂથ દ્વારા



કરવામાં આવી રહ્યું છે, જે મેક્રોનની નીતિઓનો ટીકાકાર રહ્યું છે. આ વિરોધ નવા ચૂંટાયેલા પીએમ લેકોર્નુ માટે લિટમસ ટેસ્ટ સાબિત થઈ શકે છે, જે મેક્રોનની નજીક છે અને છેલ્લા ત્રણ વર્ષથી ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન તરીકે કાર્યરત છે.

મંગળવારે મોડી રાત્રે મેક્રોને લેકોર્નુને વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા, કારણ કે તેમના પુરોગામી ફ્રાન્કોઈસ બાયરોએ સંસદમાં વિશ્વાસ મત ગુમાવ્યો હતો, જેના કારણે તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. બાયરો અને લેકોર્નુ વચ્ચે સત્તાવાર રીતે સત્તા સોંપણી બુધવારે થઈ હતી. પરંતુ તે દરમિયાન ફ્રાન્સમાં અરાજકતા શરૂ થઈ ગઈ. લોકોના ટોળા માસ્ક પહેરીને રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. પોલીસે વિરોધીઓને રોકવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો ગૃહમંત્રી બ્રુનો રિટેલોએ બુધવારે જણાવ્યું હતું કે બોર્ડેક્સમાં લગભગ 50 માસ્ક પહેરેલા લોકોએ નાકાબંધી શરૂ કરી હતી અને કેટલીક જગ્યાએ આગચંપી પણ કરવામાં આવી હતી. દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સમાં ટુલૂઝ અને ઓચ વચ્ચે ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો. રિટેલોએ જણાવ્યું હતું કે પેરિસમાં પણ કેટલાક પ્રદર્શનો થયા છે. પેરિસ પોલીસે કહ્યું કે સવારના વિરોધ પ્રદર્શનમાં 75 લોકોની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ તેમણે આ ધરપકડોનું કારણ શું હતું તે જણાવ્યું નથી.

# મેક્સિકોમાં ટ્રેને ડબલ ડેકર બસને અડફેટે લેતાં 10ના મોત, 40 ઈજાગ્રસ્ત

**મેક્સિકો સિટી**

મેક્સિકોમાં એક ટ્રેને ડબલ ડેકર બસને અડફેટે લીધી હતી, આ ઘટનામાં આશરે 10 લોકોના મોત નિપજ્યા છે જ્યારે 40થી વધુ લોકો ઘાયલ થયા છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં સ્પષ્ટ દેખાય છે કે કેવી રીતે ટ્રેને બસને ન માત્ર ઢસડી સાથે તેના બે ફાટા કરી નાખ્યા હતા. આ સમગ્ર ઘટના એક સિગ્નલ પર બની હતી, આ સિગ્નલ પરથી ટ્રેન પસાર થવાની હોવાથી તમામ વાહનો થંભી ગયા હતા. જોકે એક પેસેંજર બસનો ડ્રાઈવર ભાન ભુલી ગયો હોય તેમ બસને સિગ્નલ ક્રોસ કરીને આગળ લઈ જવા માગતો હતો, પરંતુ પુર ઝડપથી આવી રહેલી ટ્રેને આ બસને ટક્કર મારી હતી અને પોતાની સાથે ઢસડી ગઈ હતી. આ સમગ્ર ઘટના સ્થળ પર લગાવાયેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ ઘટના બાદ મેક્સિકોમાં રેલવે ક્રોસિંગમાં પુરતી વ્યવસ્થાના અભાવને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટના બાદ સ્થાનિક પોલીસ, રેસ્ક્યૂ ટીમ અને એમ્બ્યુલંસ સ્થળ પર પહોંચ્યા હતા. આ ઘટનામાં દસ જેટલા લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૪૦થી વધુ ઘાયલો રેસ્ક્યૂ કરાયા હતા.

# US અંતરિક્ષ કાર્યક્રમોમાં કામ નહીં કરી શકે ચીની નાગરિક, ટ્રમ્પના વિરોધથી નાસાએ લગાવી રોક

## રાષ્ટ્રપતિ ટ્રમ્પની વિરુદ્ધ ચીન દ્વારા વધી રહેલી ટિપ્પણીઓના કારણે નિર્ણય લીધો

**વોશિંગ્ટન**

નાસામાં ચીની નાગરિકો કોન્ટ્રાક્ટર તરીકે કામ કરવાની અથવા સંશોધનમાં યોગદાન આપતા વિદ્યાર્થીઓ તરીકે કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.પરંતુ તેમને સ્ટાફના રૂપમાં કામ કરવાની અનુમતિ નહોતી. પરંતુ હવે તેમને અચાનક આઈટી સિસ્ટમથી બહાર કરી દેવામાં આવ્યા છે. ચીન અને અમેરિકા વચ્ચે ટેરિફને લઈને ચાલી રહેલી તણાવની સ્થિતિ વચ્ચે નાસાએ એક મોટો નિર્ણય લીધો છે. નાસાએ વિધિવત નાગરિક વિઝા ધરાવતા ચીની નાગરિકોને પોતાના અંતરિક્ષ કાર્યક્રમોમાં સામેલ થવાથી રોકી દીધા છે. હવે ચીની નાગરિક કોઈપણ રીતે નાસામાં કામ નહીં કરી શકે. માનવામાં આવી રહ્યું છે કે નાસાએ આ નિર્ણય રાષ્ટ્રપતિ ટ્રમ્પની વિરુધ ચીન દ્વારા વધી રહેલી ટિપ્પણીઓના કારણે નિર્ણય લીધો છે. નાસાની પ્રેસ સચિવ બેથની સ્ટીવન્સના જણાવ્યા અનુસાર નાસાએ ચીની નાગરિકોને લઈને આંતરિક પગલાં લીધાં છે. તેમાં અમારા કાર્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમારી સુવિધાઓ, સામગ્રી અને નેટવર્ક સુધીના શારીરિક અને સાઈબર સુરક્ષા પ્રવેશને મર્યાદિત કરવાનો સમાવેશ થાય છે. નાસામાં ચીની નાગરિકોને કોન્ટ્રાક્ટરો કે સંશોધનમાં યોગદાન આપતા વિદ્યાર્થીઓ તરીકે કામ કરવાની પરવાનગી હતી, તેમને સ્ટાફ તરીકે કામ કરવાની પરવાનગી નહોતી.

# આતંકીઓને શરણ આપનારા દેશોથી કંઈ નથી શીખવું : UNHRCમાં પાક.ને ભારતે તતડાવ્યું

**જીનીવા**

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ભારતે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. ભારતે સ્પષ્ટ કહી દીધું કે, તેને એવા દેશ પાસેથી કોઈ પાઠ શીખવાની કોઈ જરૂર નથી જે પોતે આતંકવાદીઓને આશ્રય અને ભંડોળ પૂરું પાડીને વિશ્વની સુરક્ષા માટે જોખમ ઊભુ કરે છે.

જીનીવામાં ભારતના સ્થાયી મિશનના કાઉન્સેલર ક્ષિતિજ ત્યાગીએ કહ્યું હતું કે, 'અમારે ફરી મજબૂરીવશ એવા દેશની ઉશ્કેરણીજનક વાતોનો જવાબ આપવો પડ્યો છે, જેના નેતાઓએ હાલમાં જ ખુદ પાકિસ્તાનને 'ડમ્પ ટ્રક' કહ્યુ



હતું. કદાચ આ એવા દેશ માટે યોગ્ય ઉદાહરણ છે જે આ પ્લેટફોર્મ પર જૂઠાણા અને જૂના પ્રોપોગેન્ડાનું વારંવાર પુનરાવર્તન કરે છે.'ત્યાગીએ આ વર્ષે એપ્રિલમાં થયેલા પહલગામ હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'આપણે 9/11 ને ભૂલવું ન જોઈએ, જેની વર્ષગાંઠ દુનિયા કાલે ઉજવી રહી છે. એ પણ યાદ રાખવું જોઈએ કે, જે દેશે તેના માસ્ટરમાઈન્ડ (ઓસામા બિન લાદેન) ને આશ્રય આપ્યો હતો, તેણે પાછળથી તેને શહીદ કહ્યો હતો.' આતંકવાદી હુમલા વિશે વાત કરતા તેમણે કહ્યું કે, પુલવામા, ઉરી, પઠાણકોટ, મુંબઈ... આ યાદી ક્યારેય ખમત જ થતી નથી. આમ છતાં, પાકિસ્તાન અહીં આવે છે અને નૈતિક હોવાનો ડોળ કરે છે, જ્યારે હકીકતમાં તે એવા નેટવર્ક્સને ભંડોળ અને આશ્રય આપે છે જે વૈશ્વિક સુરક્ષાને જોખમમાં મૂકે છે. દુનિયા આ નાટકને ખૂબ સારી રીતે સમજે છે. પહલગામ હુમલા પર ભારતની ચોક્કસ અને પ્રમાણસર કાર્યવાહી એ પુરાવો છે કે અમે ભૂલીશું નહીં.'

# યુનિવર્સિટીમાં ડિબેટ દરમિયાન ટ્રમ્પના ખાસ ચાર્લી કર્કની ગોળી મારી હત્યા કરાઈ

**વોશિંગ્ટન**

કન્ઝર્વેટિવ યુથ ગ્રુપ 'ટર્નિંગ પોઈન્ટ યુએસએ'ના સીઈઓ અને કો-ફાઉન્ડર ચાર્લી કર્કની બુધવારે (10 સપ્ટેમ્બર) યૂટા વેલી યુનિવર્સિટીમાં એક ડિબેટ ઈવેન્ટ દરમિયાન ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. ચાર્લી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ખૂબ નજીકનો માણસ હતો. ખુદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેના મોતની જાણકારી આપી હતી. ટ્રમ્પે ચાર્લીના સન્માનમાં દેશના તમામ રાષ્ટ્રીય ધ્વને અડધી કાઠીએ ફરકાવવાનો આદેશ આપ્યો છે.

ટર્નિંગ પોઈન્ટ દ્વારા આયોજિત ચર્ચામાં ડિબેટ દરમિયાન જ્યારે કર્ક બોલી રહ્યો હતો, ત્યારે તેના પર ગોળીબાર કરવામાં આવ્યો. એસોસિએટેડ પ્રેસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કર્કને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક શંકાસ્પદની અટકાયત કરવામાં આવી છે પરંતુ, હજુ સુધી તેની ઓળખ થઈ શકી નથી. કેટલાક લોકોએ યુનિવર્સિટીમાં કર્કની હાજરીનો વિરોધ પણ કર્યો હતો. યુનિવર્સિટી વહીવટીતંત્રએ તેના કાર્યક્રમ રદ કરવાની માંગ કરતી એક ઓનલાઈન અરજી મળી હતી. જેના પર લગભગ 1,000 સહીઓ હતી.

# રશિયાનાં 10થી વધુ ડ્રોન પોલેન્ડમાં ઘૂસ્યાં, તમામ ડ્રોન તોડી પડાયાનો લશ્કરનો દાવો

**મોસ્કો**

'નાટો'ના સભ્ય રાષ્ટ્ર પોલેન્ડના જણાવ્યા મુજબ, બુધવારે વહેલી સવારે રશિયાના 10થી ડ્રોન પોલેન્ડની સરહદમાં ઘૂસી આવ્યા હતા. સૈન્ય સાબદું હોવાના કારણે આ તમામ ઘૂસણખોર ડ્રોનને તોડી પડાયા હોવાનો દાવો પોલેન્ડ દ્વારા કરાયો છે. પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, ગત રાત્રિએ અનેક રશિયન ડ્રોને પોલિશ એરસ્પેસનો ભંગ કર્યો હતો. દેશ માટે સીધું જોખમ ઊભું કરી રહેલા ડ્રોનને તોડી પડાયા હતા. મંગળવારની રાત્રે અને બુધવારે વહેલી સવારે પોલિશ સેના એલર્ટ મોડમાં રહી હતી. સંરક્ષણ મંત્રી વાલ્ડીસ્લો કોસિનિઆક-કેમીઝની એક્સ પોસ્ટમાં જણાવાયું હતું કે, 10થી વધુ ડ્રોન પોલિશ સરહદમાં ઘૂસ્યા હતા અને તમામને તોડી પડાયા હતા.

# 9/11ની 24મી વરસીએ 3,000થી વધુ દિવંગતોને USએ 'પ્રકાશ અંજલિ' આપી

**ન્યૂયોર્ક**

સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧, વિશ્વ પ્રસિદ્ધ 'વર્લ્ડ ટ્રેડ સેન્ટર'ના ટિવન ટાવર્સ ઉપર ઓસામા-બિન- લાદેનના અનુયાયીઓએ વિમાનો અથડાવી બંને ટાવર્સને જમીન દોસ્ત કર્યા, જેમાં ૩૦૦૦થી વધુ લોકોના નિધન થયા. આવા તેની ૨૪મી વરસીએ, સેંકડો અમેરિકનોએ તે સ્થળ પાસે પુષ્પાંજલિઓ તો મુકી હતી, પરંતુ રાત્રે ઝળહળતા પ્રકાશ ધોધ છોડી દિવંગતોને સાચા અર્થમાં પ્રકાશાંજલિ અર્પી હતી.

આ અસામાન્ય રાક્ષસી ઘટના અંગે બેનઝીર ભૂટ્ટોએ કહ્યું હતુ કે આ ઘટના



વિશ્વ રાજકારણને તદ્દન જુદો જ વળાંક આપી દેશે.

હવે ૯/૧૧ મેમોરિયલ મ્યુઝિયમ રચવામાં આવ્યું છે, તેમાં પ્રમુખ બેથ હીલમાને કહ્યું હતું કે, પ્રકાશ દ્વારા અપાયેલી શ્રધ્ધાંજલિ અર્પી છે. આ ટ્રિબ્યુટ-ઈન-લાઈટ તે આશરે ૩૦૦૦ દિવંગતોની સ્મૃતિની નિશાની છે.

# પાકિસ્તાન પોતાના જ લાખો નાગરિકોની જાસૂસી કરે છે: એમેનેસ્ટી ઈન્ટરનેશનલ

**લંડન**

પાકિસ્તાની સત્તાવાળાઓ પત્રકારો અને અગ્રણી રાજકારણીઓ સહિત લાખો સામાન્ય નાગરિકો પર સામૂહિક જાપ્તો રાખે છે અને વિદેશી ખાનગી કંપનીઓના ઉપકરણો દ્વારા તેમના નાગરિકોની તમામ ઓનલાઈન પ્રવૃત્તિઓ પર બારીક નજર રાખે છે તેમ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે શેડોઝ ઓફ કન્ટ્રોલ: સેન્સરશિપ એન્ડ માસ સર્વિલિયન્સ ઈન પાકિસ્તાનમાં જણાવ્યું છે. રસપ્રદ બાબત એ છે કે નાગરિકો પર જાસૂસી કરવાની પ્રણાલિ સ્થાપિત કરવા માટે પાકિસ્તાની લશ્કરે ચીની અને પશ્ચિમના દેશોની એમ બંને ટેકનોલોજીઓનો બહોળો ઉપયોગ કર્યો છે. પાકિસ્તાનની શક્તિશાળી ગેરકાયદે સામૂહિક જાસૂસીનું કામ જર્મની, ફ્રાન્સ, યુએઈ, ચીન, કેનેડા અને યુએસની કંપનીઓ વચ્ચે પ્રવર્તતી કડીઓને કારણે સરળ બની રહ્યું છે.

# ભારત-પાકિસ્તાન મેચ રદ કરાવવા સુપ્રીમમાં અરજી

## રાષ્ટ્રની ગરિમા મનોરંજન કરતાં વધુ મહત્ત્વપૂર્ણ : રવિવારે ભારત-પાક. વચ્ચે રોમાંચક મુકાબલો થશે



એશિયા કપ 2025 અંતર્ગત 14મી સપ્ટેમ્બરે દુબઈમાં યોજાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટી20 ક્રિકેટ મેચ રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિત અરજી (PIL) દાખલ કરવામાં આવી છે. ઉર્વશી જૈનના નેતૃત્વમાં કાયદાના ચાર વિદ્યાર્થીઓ દ્વારા આ અરજી દાખલ કરાઈ હતી. જો કે, સુપ્રીમ કોર્ટે ગુરૂવારે (11મી સપ્ટેમ્બર) ભારત-પાકિસ્તાન ટી20 મેચ રદ કરવા મામલે સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું કે, 'મેચ થવા દો, અમે તેને રોકીશું નહીં.' સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં જણાવાયું છે કે, ક્રિકેટને રાષ્ટ્રીય હિતો, નાગરિકોના જીવન કે સશસ્ત્ર દળોના બલિદાનથી ઉપર રાખી શકાય નહીં. આ મેચ સૈનિકો અને શહીદોના પરિવારોની ભાવનાઓનું અપમાન કરશે. આ ઉપરાંત અરજીમાં એવી પણ માગ કરવામાં આવી છે કે રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, 2025 તાત્કાલિક લાગુ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવી શકાય.

ભારત અને પાકિસ્તાન 14મી સપ્ટેમ્બરે 2025ના એશિયા કપ માટે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં આમને-સામને થશે. આ અરજી એડવોકેટ્સ સ્નેહા રાની, અભિષેક વર્મા અને મોહમ્મદ અનસ ચૌધરી દ્વારા દાખલ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, 'દેશો વચ્ચે ક્રિકેટનો હેતુ સંવાદિતા અને મિત્રતા દર્શાવવાનો છે.

## ટીમ ઇન્ડિયાએ UAEને નવ વિકેટે કચડયું

ટીમ ઈન્ડિયાએ એશિયા કપની વિજયી શરૂઆત કરી છે. ભારતીય ક્રિકેટ ટીમે અપેક્ષા મૂજબ જ સંયુક્ત આરબ અમિરાતની ટીમને માત્ર ૫૭ રનમાં ઓલઆઉટ કરીને વિજય માટેના ૫૮ રનના ટાર્ગેટને ૪.૩ ઓવરમાં એક વિકેટના ભોગે ૬૦ રન બનાવીને જીત મેળવી હતી. ભારત માટે ઓપનર અભિષેક શર્મા (૩૦) અને શુભમન ગિલ (અણનમ ૨૦ રન)એ આક્રમક શરૂઆત કરી હતી.

આ પહેલા ટીમ ઈન્ડિયાના સુકાની સૂર્યકુમાર યાદવે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કરતા યુએઈને બેટિંગ માટે આમંત્રણ આપ્યુ હતું અને ભારતીય સ્પિનર્સના તરખાટ સામે સમગ્ર ટીમ કંગાળ પ્રદર્શન કરતા ૧૩.૧ ઓવરમાં માત્ર ૫૭ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ભારત માટે કુલદીપ યાદવે ૨.૧ ઓવરમાં માત્ર સાત રન આપીને ચાર વિકેટ ઝડપી હતી જ્યારે શિવમ દુબેએ ૨ ઓવરમાં ચાર રન આપીને ૩ વિકેટ ખેરવી હતી. બુમરાહ, અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીને એક-એક વિકેટ મળી હતી. યુએઈ માટે ઓપનર આલિશાન શરાફુએ સૌથી વધારે ૨૨ રન કર્યા હતા.

## અફઘાનિસ્તાને હોંગકોંગને ૯૪ રને હરાવ્યું, સિદીકુલ્લાહ ૭૩ નાબાદ

અબુધાબી । એશિયા કપની પહેલી મેચથી બહુરાષ્ટ્રીય ટૂર્નામેન્ટની શરૂઆત થઈ ગઈ છે. અબુધાબીમાં પ્રથમ મેચ અફઘાનિસ્તાન અને હોંગકોંગ વચ્ચે રમાઈ હતી. જેમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૧૮૮ રન બનાવ્યા હતા. આમ હોંગકોંગને ૧૮૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં હોંગકોંગની ટીમ ૯૪ રન બનાવી શકી હતી. એશિયા કપની પહેલી મેચમાં અફઘાનિસ્તાને હોંગકોંગને ૯૪ રને હરાવી જીતથી શરૂઆત કરી હતી. પ્રથમ બેટિંગમાં ઉતનાર અફઘાનિસ્તાનની શરૂઆત સારી રહી નહોતી, તેણે ચોથી ઓવરમાં માત્ર ૨૬ રનમાં રહમતુલ્લા ગુર્બાઝ અને ઈબ્રાહિમ ઝાડ્રાનની વિકેટ ગુમાવી હતી. મોહમ્મદ નબી ૩૩ રન બનાવીને આઉટ થઈ ગયો હતો

## બાંગ્લાદેશે હોંગકોંગને ૭ વિકેટે હરાવી જીતથી શરૂઆત કરી

એશિયા કપમાં આજે ત્રીજો મુકાબલો ગ્રૂપ બીની બાંગ્લાદેશ અને હોંગકોંગની ટીમ વચ્ચે રમાયો હતો. બાંગ્લાદેશના કેપ્ટન લિટન દાસે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. હોંગકોંગે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૪૩ રન બનાવ્યા હતા અને બાંગ્લાદેશને ૧૪૪નો ટાર્ગેટ આપ્યો હતો જે બાંગ્લાદેશે ત્રણ વિકેટના ભોગે ૧૪૪ રન બનાવી સિરીઝની શરૂઆત જીતથી કરી હતી. આ મેચમાં હોંગકોંગની ટીમ પોતાની પહેલી જીત હાંસલ કરવા માટે ઉતરી હતી. આ અગાઉ મંગળવારે અફઘાનિસ્તાન સામે તે ખરાબ રીતે હારી હતી. હોંગકોંગે પોતાની પહેલી વિકેટ સાત રનમાં જ ગુમાવી દીધી હતી. તસ્કિન અહમદે રમતની બીજી ઓવરના ત્રીજા બોલ પર અંશુમાન રથને વિકેટકીપર લિટન દાસના હાથમાં કેચ કરાવ્યો.

# ટી-૨૦ ક્રિકેટમાં અભિષેક શર્મા-તિલક વર્મા દુનિયાના ટોપ-૨ બેટ્સમેન બન્યા

### પાક. બોલર્સે પણ ICC રેન્કિંગમાં લાંબો કૂદકો લગાવ્યો

**દુબઇ**



આઈસીસી ટી-૨૦ રેન્કિંગમાં બેટ્સમેનોના રેન્કિંગમાં ભારતના અભિષેક શર્માએ નંબર એક સ્થાન પર પોતાનું વર્ચસ્વ જમાવી રાખ્યું છે જ્યારે તિલક વર્મા બીજા સ્થાને છે. ઈંગ્લેન્ડનો ફિલ સૉલ્ટ ત્રીજા સ્થાને છે. જ્યારે ઈંગ્લેન્ડનો પૂર્વ સુકાની જોસ બટલર આ યાદીમાં ચોથા અને ટ્રેવિસ હેડ પાંચમા સ્થાને છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવને રેન્કિંગમાં છઠ્ઠું સ્થાન મળ્યું છે. આઈસીસી ટી-૨૦ બોલર્સ રેન્કિંગમાં પાકિસ્તાની ઝપી બોલર શાહીન આફરીદી ચાર સ્થાન ઉપર ચડીને ૨૨માં નંબરે પહોંચી ગયો છે જ્યારે લેગ સ્પિનર અબરાર એહમદ ૨૭માં સ્થાને પહંચી ગયો છે. મોહમ્મદ નવાઝે ટી-૨૦ બોલર્શની યાદીમાં ૧૩ સ્થાનનો કુદકો લગાવીને ૩૦મું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ યાદીમાં ન્યૂઝીલેન્ડનો ઝડપી બોલર જેકબ ડફી ટોચના સ્થાને છે. ઝિમ્બાબ્વેનો પૂર્વ સુકાની અને અનુભવી ખેલાડી સિકંદર રઝા શ્રીલંકા સામેના પોતાના શાનદાર પ્રદર્શનના જોરે ટી-૨૦ ઓલરાઉન્ડર્સની યોદીમાં ચોથા સ્થાને પહોંચી ગયો છે.

# નૂપુર-પૂજાએ બોક્સિંગ ચેમ્પિ.માં મેડલ પાક્કો કર્યો, નિકહત બહાર

### ૫૦ કિગ્રા કેટેગરીમાં ભારતનો જદુમણી સિંહ એકલો રેસમાં



નવી દિલ્હી : ભારતની અનુભવી બોક્સર પૂજા રાનીએ પોલેન્ડની એમિલિયા કોટેરસ્કાને હરાવીને મહિલાઓના ૮૦ કિગ્રા વર્ગની સેમિફાઈનલમાં પ્રવેશ કરીને વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં પોતાનો પહેલો મેડલ પાક્કો કર્યો હતો. આ પ્રકારે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતના ત્રણ મેડલ પાક્કા થઈ ગયા છે. પૂજા પહેલા બે વારની એશિયન ચેમ્પિયન જેસ્મીન લેમ્બોરિયા (૫૭ કિગ્રા) અને નૂપુર શેરોન (૮૦ કિગ્રા)એ પણ સેમિફાઈનલમાં પહોંચીને બે મેડલ પાક્કા કર્યા હતા. પહેલા રાઉન્ડમાં બાય મેળવનાર પૂજાએ પોતાના અનુભવના જોરે બુધવારે મોડી રાત્રે રમાયેલી ક્વાર્ટર ફાઈનલમાં કોટેરસ્કાને ૩-૨થી હરાવી હતી. ૮૦ કિગ્રા વર્ગ કેટેગરી ઓલિમ્પિકમાં સામેલ નથી અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં આ કેટેગરીમાં ૧૨ બોક્સર ભાગ લઈ રહ્યા છે. દરમિયાન ભારતના પુરુષ બોક્સર્સનું પ્રદર્શનું નિરાશાજનક રહ્યું છે.

# વર્ષ ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ અમદાવાદમાં રમાઈ શકે

### ભારત-શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં આયોજન



મુંબઈ : ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં રમાનારા ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ શકે છે. ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ પણ આ જ સ્ટેડિયમમાં રમાઈ હતી. જોકે, પાકિસ્તાન ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં આવે તો ફાઈનલ કોલંબોમાં રમાશે. પાકિસ્તાને રાજદ્વારી તંગદિલીને કારણે ભારત આવવાનો ઈનકાર કર્યો છે. ભારત પણ આ વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન નહોતું ગયું. ચેમ્પિયન્સ ટ્રોફીની ભારતની મેચો દુબઈમાં રમાઈ હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપની મેચો ભારતમાં પાંચ વેન્યૂ પર અને શ્રીલંકામાં બે વેન્યૂ પર રમાશે. જોકે વેન્યૂનું ફાઈનલ લિસ્ટ હજુ કન્ફર્મ નથી.

# ઈટાલીના સિનરને હરાવી સ્પેનના અલ્કારેઝે યુએસ ઓપનનો સિંગલ ખિતાબ જીતી લીધો

### ફાઇનલમાં સિનર અને અલ્કારેઝની વચ્ચે રોમાંચક મુકાબલો થયો



ન્યૂયોર્ક : યુએસ ઓપન ૨૦૨૫ના ફાઈનલ મુકાબલામાં વિશ્વના નંબર એક ખેલાડી યાનિક સિનર અને એટીપી રેન્કિંગમાં નંબર બે ખેલાડી કાર્લોસ અલ્કારેઝની વચ્ચે જબરજસ્ત મુકાબલો થયો હતો. ન્યૂયોર્કમાં રમાયેલી આ મેચમાં અલ્કારેઝે શાનદાર શરૂઆત કરતાં પહેલાં સેટમાં સિનરને ૬-૨થી પરાસ્ત કર્યો હતો. જો કે તે પછી સિનરે કમબેક કર્યું હતું. તેણે બીજા સેટને અલ્કારેઝને ચોંકાવતાં ૬-૩થી જીતી લીધો હતો. ત્રીજા સેટમાં પણ બન્નેની વચ્ચે લાંબી રેલીઓની સાથે બરાબરની ટક્કર થઈ હતી પણ તેમ છતાં અલ્કારેઝે આ સેટમાં ફક્ત એક ગેમ ગુમાવી અને સેટને ૬-૧થી જીતી લીધો હતો. ચોથા સેટમાં સિનરે કમ બેક કરવાનો ભરપૂર પ્રયાસ કર્યો પણ અંતમાં અલ્કારેઝે તેને ૬-૪થી પરાસ્ત કરીને મુકાબલો જીતી લીધો હતો. આ મેચની ખાસ બાબત એ છે કે આ ફાઈનલમાં અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ આ રસાકસીભરી મેચના સાક્ષી બન્યા હતાં. તેમણે એક લકઝરી બોક્સમાં બેસીને આ મેચનો આનંદ લીધો હતો.

## નેટવર્કિંગ, ડિનર, મુખ્ય ભાષણો અને રાઉન્ડ ટેબલ ચર્ચા જેવા કાર્યક્રમો યોજાયા

# CHCC દ્વારા ગુએલ્ફ યુનિવર્સિટી ખાતે સ્મોલ બિઝનેસ મીટઅપ










### રોયલ સિટી ઓફ ગુએલ્ફમાં નેટવર્કિંગ અને સહયોગ માટે 100થી વધુ હિન્દુ વ્યાપારી નેતાઓ ભેગા થયા

ગુએલ્ફ : કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC)- સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરે ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુએલ્ફ યુનિવર્સિટીના ધ આર્બોરેટમ ખાતે તેની પહેલી સ્મોલ બિઝનેસ મીટઅપનું આયોજન કર્યું હતું. જેમાં બર્લિંગ્ટન, હેમિલ્ટન, ગુએલ્ફ, કિચનર, કેમ્બ્રિજ, લંડન, વિન્ડસર, ક્લિન્ટન અને અન્ય દક્ષિણ પશ્ચિમ ઓન્ટેરિયો નગરો અને શહેરોના ૧૦૦થી વધુ હિન્દુ બિઝનેસ પ્રોફેશનલ્સ ભેગા થયા હતા. આ વાઈબ્રન્ટ ઈવેન્ટ ઉદ્યોગસાહસિકતા, નેટવર્કિંગ અને સમુદાય સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક સીમાચિહ્નરૂપ બની હતી, જે ૨૦૨૩માં ગુએલ્ફમાં તેની પ્રથમ ઈવેન્ટથી શરૂ થયેલી CHCC ની સફરને ચાલુ રાખે છે.

આ મીટઅપમાં નેટવર્કિંગ, ડિનર, મુખ્ય ભાષણો અને રાઉન્ડ ટેબલ ચર્ચાનો સમાવેશ થતો હતો, જેનું નિષ્ણાત રીતે સંચાલન કૌશિક પટેલ અને ધ્રુવ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ ભદ્રેશ પટેલે ગેલેક્સી ફાઈન હોમ્સ, એફિનિટી મોરગેજ, ધ ઈન્ડિયન સુપરમાર્કેટ અને સચિન પટેલ અને અન્ય લોકો તેમજ સમર્પિત સ્વયંસેવકો સહિતના પ્રાયોજકોના અમૂલ્ય યોગદાનનો સ્વીકાર કર્યો હતો. તેમણે સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરની નેતૃત્વ ટીમનો પરિચય કરાવ્યો અને CHCCના રાષ્ટ્રીય ડિરેક્ટરો અને અધિકારીઓનું ઔપચારિક ફૂલોના પ્રસ્તુતિ સાથે સ્વાગત કર્યું હતુ. CHCCના સેક્રેટરી ડો. રાકેશ કંટારિયાએ આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હતી. જેમાં બ્રામ્પટનમાં નાના વ્યવસાય મીટઅપ અને 10 ઓક્ટોબર, 2025 ના રોજ વાર્ષિક ધનતેરસ ગાલાનો સમાવેશ થાય છે. જેમાં લગભગ 1,000 લોકો હાજર રહેવાની અપેક્ષા છે. CHCCના પ્રમુખ કુશાગ્ર શર્માએ કેનેડામાં ત્રણ ચેપ્ટર અને આશરે 350 આજીવન સભ્યો સાથે સમૃદ્ધિ અને એકતા લાવવા માટે વિવિધ પૃષ્ઠભૂમિઓમાંથી કેનેડિયન હિન્દુઓને એક કરવાના સંગઠનના મિશન પર પ્રકાશ પાડ્યો હતો. ફ્લેમ્બોરો-ગ્લેનબ્રુક-બ્રાન્ટ નોર્થના સાંસદ ડેન મુઈસે સ્ટાર્ટઅપ્સ માટે ફેડરલ સંસાધનો અને કેનેડા-ભારત વેપાર સંબંધોને મજબૂત બનાવવાના મહત્વ ઉપર પ્રકાશ પાડ્યો હતો. ઝેબિયાના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તુષાર જોગલેકરે નાના વ્યવસાયો માટે ટેકનોલોજીની પરિવર્તનશીલ સંભાવના પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ એક જીવંત રાઉન્ડ ટેબલ સાથે સમાપ્ત થયો હતો.

જ્યાં ઉપસ્થિતોએ આંતરદૃષ્ટિ અને ઉકેલો શેર કર્યા, નવા જોડાણોને પ્રોત્સાહન આપ્યું હતુ. CHCC સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરના પ્રમુખ ભદ્રેશ પટેલે જણાવ્યું. "અમે આટલો ઉત્સાહ જોઈને રોમાંચિત છીએ અને આ ગતિને આગળ વધારવા માટે આતુર છીએ. ચેપ્ટર સેક્રેટરી ગૌરવ શીલે ઉપસ્થિત લોકોની ઉર્જા અને નવા સભ્યોનો આભાર માન્યો હતો. CHCC સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરનું નેતૃત્વ પ્રમુખ ભદ્રેશ પટેલ અને તેમની ટીમના સભ્યો સચિન પટેલ, ધર્મેશ પટેલ, ગૌરવ શીલ, હરેન ત્રિવેદી, કૌશિક પટેલ, સંજય ગુપ્તા, શીતલ શાહ અને સ્વયંસેવકો ધીરેન ત્રિવેદી, નીલેશ પટેલ, ધ્રુવ શાહ અને યુવાનોના ઉગ્ર પ્રયાસોથી થયું હતું.




### સાંસદ ડોમિનિક ઓ'રોર્કએ સમુદાયની ઉદ્યોગસાહસિક ભાવના અને સાંસ્કૃતિક યોગદાનની પ્રશંસા કરી

આ કાર્યક્રમમાં વિશિષ્ટ મહેમાન અને વક્તાઓમાં ગુએલ્ફના સાંસદ ડોમિનિક ઓ'રોર્કએ હાજરી આપી હિન્દુ સમુદાયની ઉદ્યોગસાહસિક ભાવના અને સાંસ્કૃતિક યોગદાનની પ્રશંસા કરી હતી. આ સાથે જ તેમણે 2023થી સમુદાય સાથેના તેમના લાંબા સમયથી જોડાયેલા સંબંધોની વાતો કરી હતી. ગુએલ્ફના ઓન્ટેરિયો ગ્રીન્સ લીડર અને MPP માઇક શ્રેનરે 60%થી વધુ કેનેડિયન કામદારોને રોજગારી આપતા નાના વ્યવસાયોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકી પગારપત્રક કર રાહત અને વાણિજ્યિક ભાડાપટ્ટા સુરક્ષા જેવા નીતિગત સમર્થન માટે હાકલ કરી હતી.

# અનેક દેશોના વિદ્યાર્થીઓના વિઝા કેનેડાએ નકાર્યા, ભારતીયો સૌથી વધુ પ્રભાવિત

### કેનેડાની કોલેજમાં નવા વિદ્યાર્થીઓની પ્રવેશ નોંધણીને અસર

**ઓન્ટેરિયો**

અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા ભારતીય પ્રવાસી વિદ્યાર્થીઓ અને H-1B વિઝા ધારકો પર તાજેતરમાં લેવાયેલા કડક પગલાં બાદ હવે તેના પાડોશી દેશ કેનેડાએ પણ ભારતને મોટો ઝટકો આપ્યો છે. કેનેડાએ 2025માં 80 ટકા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ રદ કરી હોવાનો ખુલાસો થયો છે.

ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ના અહેવાલ અનુસાર કેનેડાએ 2025માં 80% ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ નકારી કાઢી હતી, જે એક દાયકામાં સૌથી વધુ છે. મળતી વિગતો મુજબ એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના અરજદારોની વિઝા અરજીઓ પણ નકારી કાઢવામાં આવી છે. પરંતુ ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે. કેનેડાના આ પગલાથી ત્યાંની કોલેજોમાં નોંધણી પર પણ અસર પડી છે. કેનેડિયન સરકારના ડેટા અનુસાર, 2024 માં કેનેડાએ ફક્ત 1.88 લાખ નવા ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો, જ્યારે બે વર્ષ પહેલા સુધી આ સંખ્યા બમણાથી વધુ હતી.

#### ભારતીય વિદ્યાર્થીઓની પસંદગી હવે જર્મની તરફ

કેનેડા અને અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ માટે લોકપ્રિય દેશો હતા, જ્યાં લાંબા સમયથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે હવે સંઘર્ષ કરો પડી રહ્યો છે. તેથી ભારતીય વિદ્યાર્થીઓનો ટ્રેન્ડ હવે જર્મની તરફ વળી ગયો છે. કેનેડા હવે ફક્ત 9 ટકા વિદ્યાર્થીઓની પહેલી પસંદગી છે.

#### કેનેડાના પગલા પાછળ અનેક કારણો જવાબદાર

કેનેડા ભારત સહિત વિશ્વભરના દેશોના વિદ્યાર્થીઓ માટે તેના દરવાજા બંધ કરી રહ્યું છે, કારણ કે ત્યાં રહેણાંક સુવિધાઓનો ભારે અભાવ છે. આ ઉપરાંત, માળખાગત સુવિધાઓ પર દબાણ વધી રહ્યું છે. સ્થાનિક રાજકારણને કારણે કેનેડાને પણ આવી કાર્યવાહી કરવાની ફરજ પડી છે. કેનેડાએ હવે વિદ્યાર્થીઓને વિઝા આપવા માટેના તેના નિયમોમાં ફેરફાર કર્યો છે અને કહ્યું છે કે વિઝા માટે અરજી કરતા વિદ્યાર્થીઓએ પહેલા કરતાં વધુ નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કરવી પડશે.

# ઓન્ટેરિયો ઇલેક્ટ્રિક વાહન પ્લાન્ટ ઓછી ક્ષમતા સાથે ખુલવાના એંધાણ

### 500થી વધુ કર્મચારીઓને ફરજ પર પાછા બોલાવવામાં આવે તેવી સંભાવના

**ઓન્ટેરિયો**

ન્ટેરિયોના ઈન્ગરસોલમાં જનરલ મોટર્સના કેમી ઓટોમોટિવ એસેમ્બલી પ્લાન્ટમાં ઉત્પાદન લાઈન નવેમ્બરમાં ફરી શરૂ થવાની ધારણા છે, પરંતુ કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા યુનિયનના જણાવ્યા અનુસાર તે ક્ષમતાની નજીક પણ નહીં હોય. યુનિફોર લોકલ 88ના અધ્યક્ષ માઈક વેન બોકેલે જણાવ્યું હતું કે જીએમએ ગયા અઠવાડિયે યુનિયનને જણાવ્યું હતું કે મે મહિનાથી બંધ પડેલા પ્લાન્ટમાં ફરીથી ઈલેક્ટ્રિક ડિલિવરી વાહનોનું ઉત્પાદન શરૂ થશે. પ્લાન્ટમાં 1,200થી વધુ કામદારો છે, જે 2023થી ઈલેક્ટ્રિક ડિલિવરી વાહનોનું ઉત્પાદન કરી રહ્યું છે. એવી અપેક્ષા છે કે 500થી વધુ કર્મચારીઓને પાછા બોલાવવામાં આવશે. વાન બોકેલે જણાવ્યું હતું કે, ધીમા વેચાણ અને યુએસ સાથે ચાલી રહેલા વેપાર યુદ્ધના કારણે જીએમએ આ પગલું ભર્યું છે. વેન બોકેલે જણાવ્યું હતું કે, યુનિયન GM સાથે કામ કરી રહ્યું છે. જેથી નિવૃત્તિની ઉંમરે રહેલા કેટલાક કર્મચારીઓને તેમના કામના બુટ લટકાવવા માટે લલચાવી શકાય, પરંતુ તે બીજા બધાને કાર્યરત રાખવા માટે પૂરતું નથી.

ઈંગરસોલમાં GMનો બ્રાઈટડ્રોપ અને EV બેટરી પ્લાન્ટ પણ બંધ રહે છે, જેનો શ્રેય યુનિયન સીધા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ફાળે જાય છે. અમે બેટરીઓ કોઈપણ કરતાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી બનાવીએ છીએ, અને એવું લાગતું હતું કે અમારી પાસે રાજ્યોમાં બેટરી મોકલવાનો સારો માર્ગ હતો, પરંતુ તે પણ બંધ થઈ ગયો છે.










# નેપાળમાં હિંસક આંદોલન, લૂંટફાટ-અરાજકતા વચ્ચે 7000 કેદી ફરાર

## વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, મંત્રીઓએ રાજીનામા આપી દીધા તેમ છતા સ્થિતિ કાબુમાં બહાર, અટકાયત કરાયેલા 176માંથી 76 કિશોરો ભાગી ગયા

**કાઠમંડુ**

નેપાળમાં કેપી શર્મા ઓલીની સરકારને ઉથલાવનારી યુવાનોની ક્રાંતિ હવે કાબુ બહાર જઈ રહી છે. વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, મંત્રીઓએ રાજીનામા આપી દીધા તેમ છતા સ્થિતિ કાબુમાં નથી આવી રહી. ઠેરઠેર હિંસા ફાટી નીકળી છે અને લૂંટફાંટ વધી ગઈ છે. ડામાડોળ પરિસ્થિતિનો લાભ લઈને આશરે સાત હજાર જેટલા કેદીઓ વિવિધ જેલોમાંથી ભાગી ગયા છે. અચાનક જ ઓલીએ વડાપ્રધાન પદેથી રાજીનામુ આપી દેતા હાલ વચગાળાની સરકાર રચવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જ્યારે સૈન્યએ સમગ્ર દેશમાં કરફ્યૂ લાગુ કરી દીધો છે. બૈજનાથમાં આવેલા સુધારા ગૃહમાંથી કિશોરોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો આ દરમિયાન સુરક્ષા જવાનોએ ગોળીબાર કર્યો હતો. કેદીઓએ સુધારા ગૃહમાં રાખેલા હથિયારો લૂંટવાનો પ્રયાસ કર્યો જેને રોકવા માટે આ ગોળીબાર કરાયો હતો જેમાં પાંચ કિશોર કેદીઓના મોત નિપજ્યા હતા જ્યારે અનેક ઘાયલ થયા હતા. અટકાયત કરાયેલા 176માંથી 76 કિશોરો ભાગી ગયા હતા. જ્યારે માઈરિપબ્લિકા અખબારનો દાવો છે કે સમગ્ર નેપાળમાં વિવિધ જેલોમાંથી આશરે સાત હજાર કેદીઓ ભાગી ગયા હતા. જ્યારે રાજબીરાજ જેલમાં કેદીઓએ આગ લગાવી હતી જેને કારણે નાસભાગ થઈ અને બાદમાં કેદીઓ ભાગી ગયા હતા. જ્યારે બીરગુંજ જેલમાં મોટો હોલ પાડીને કેદીઓ ભાગી ગયા હતા. બીજી તરફ હિંસામાં અત્યાર સુધીમાં મૃત્યુ પામેલાની સંખ્યા ૨૫ને પાર પહોંચી ગઈ છે જ્યારે 600થી વધુ ઘાયલ થયા છે.

બુધવારે પણ હિંસા, લૂંટની અનેક ઘટનાઓ સામે આવી હતી. આ દરમિયાન હથિયાર, કપડા, માલ સામાન, ખાદ્ય વસ્તુઓ જેને જે હાથ લાગ્યું તે લૂંટીને ભાગ્યું. આ લૂંટના વીડિયો પણ સામે આવ્યા છે. કેટલાક વીડિયોમાં યુવાનો સુરક્ષાકર્મીઓના હથિયારો લૂંટતા પણ જોવા મળ્યા હતા. અનેક મોલમાં તોડફોડ કરીને ઘૂસ્યા હતા અને કલાકો સુધી લૂંટ ચલાવી હતી. જેને પગલે આખા મોલ ખાલી થઈ ગયા હતા. એક વીડિયો સામે આવ્યો છે જેમાં લોકો પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગયા હતા અને હથિયારો લૂંટી ગયા હતા.










### કાઠમંડુ એરપોર્ટ ફરી કાર્યરત, સ્પેશિયલ ફ્લાઇટ ઇન્ડિગો અને એર ઇન્ડિયાએ મોકલશે

નેપાળમાં ફાટી નિકળેલા હિંસક દેખાવો બાદ 9 સપ્ટેમ્બરે બંધ કરાયેલું કાઠમંડુનું ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ સાંજે 6 વાગ્યાથી ફરી કાર્યરત થયું છે. જે બાદ એર ઈન્ડિયા અને ઈન્ડિગો એરલાઈન્સ તેમની ફ્લાઈટ્સ નેપાળ મોકલવાની તૈયારી કરી રહી છે, જેથી નેપાળમાં રહેતા ભારતીયોને સુરક્ષિત રીતે પાછા લાવી શકાય. કાઠમંડુ એરપોર્ટ ફરી કાર્યરત થતાં એર ઈન્ડિયા અને ઈન્ડિગો એરલાઈન્સ રાત્રે સ્પેશિયલ ફ્લાઈટ મોકલશે. આ ફ્લાઈટ આજે રાત્રે જ નેપાળમાંથી ભારતીયોને પરત લઈને દિલ્હી પરત ફરશે. જે પછી નેપાળ એરપોર્ટ કાર્યરત રહેતા અન્ય ફ્લાઈટ્સ પણ મોકલવામાં આવશે.

### નેપાળમાં સત્તાનું સુકાન જસ્ટીસ સુશીલા કાર્કી સંભાળે તેવી શક્યતાઓ

નેપાળની રાજનીતિમાં વળાંક જોવા મળી રહ્યો છે. હિંસા અને સત્તા સંકટ વચ્ચે હવે દેશની કમાન કોણ સંભાળશે? તેને લઈને Gen-Z આંદોલનકારીઓએ વર્ચ્યુઅલ બેઠક બોલાવી હતી. આ ઓનલાઈન સભામાં 5000થી વધુ યુવાનોએ ભાગ લીધો અને સૌથી વધુ સમર્થન સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ સુશીલા કાર્કીને મળ્યું. તેઓ હવે યુવાનોના આંદોલન પછી નેપાળમાં સત્તાનું સુકાન સુશીલા કાર્કી સંભાળે તેવી શક્યતાઓ છે. અત્યાર સુધી એવું મનાતું હતું કે, હવે નેપાળમાં સત્તાનું સુકાન કાઠમંડુના મેયર બાલેન શાહ સંભાળશે. તેઓ Gen-Z આંદોલનના પોસ્ટર લીડર પણ હતા.

### નેપાળમાં સ્થિતિ બેકાબૂ થતાં આર્મીએ લાદ્યો કરફ્યુ માંગણીઓ રજૂ કરાઈ

પ્રદર્શનકારીઓએ સરકારી ઈમારતો, રાજકીય કાર્યાલયો અને સુપરમાર્કેટમાં આગચંપી કરી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે નેપાળ આર્મીને તૈનાત કરવામાં આવી છે. આંદોલન પછી પ્રદર્શનકારીઓએ પોતાની માંગણીઓ રાષ્ટ્રપતિ અને સેના સમક્ષ રજૂ કરી છે. તેમણે આંદોલન દરમિયાન શહીદ થયેલા લોકોને સત્તાવાર રીતે 'શહીદ' જાહેર કરવા, શહીદ પરિવારોને રાષ્ટ્ર તરફથી સન્માન, અભિનંદન અને રાહત આપવા, બેરોજગારી, પલાયન અને સામાજિક અન્યાયને સમાપ્ત કરવા માટે વિશેષ કાર્યક્રમો લાવવાની માંગ કરી છે.

## જેલ તોડી ભાગેલા કેદીઓ પર સૈન્યનો ગોળીબાર, 2 લોકોના મોતથી તણાવ

નેપાળમાં ચાલી રહેલી રાજકીય અસ્થિરતા અને ઉથલપાથલ વચ્ચે, રામેછાપમાં કેદીઓએ જેલમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો. આ પ્રયાસને રોકવા માટે સેનાએ ગોળીબાર કર્યો. જેના પરિણામે, બે કેદીઓનાં મોત થયા અને અન્ય 10 કેદીઓને ગોળી વાગી. નેપાળમાં સેનાનું નિયંત્રણ થયા બાદ ગોળીબારની આ પ્રથમ ઘટના છે. પહેલાં કાઠમંડુ જેલમાંથી ભાગી ગયેલા એક બાંગ્લાદેશી નાગરિકને SSB દ્વારા પકડવામાં આવ્યો. તે સોનાની તસ્કરીના આરોપસર પાંચ વર્ષથી નેપાળની જેલમાં હતો. આ ધરપકડ SSBની 47મી બટાલિયન દ્વારા બિહાર-નેપાળ સરહદ પર કરવામાં આવી. કમાન્ડન્ટ સંજય પાંડેએ જણાવ્યું કે છેલ્લા ત્રણ દિવસથી નેપાળમાં બદલાયેલી પરિસ્થિતિને કારણે સરહદ પર પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે.

## ગુજરાતી વિદ્યાર્થી અને પ્રવાસીઓ ફસાયા, રાજ્ય સરકાર 'એક્ટિવ'

**કાઠમંડુ**

નેપાળમાં પ્રદર્શનકારીઓએ પૂર્વ વડાપ્રધાન નિવાસસ્થાન સહિત સંસદને નિશાન બનાવી હિંસક હુમલા કર્યા છે. નેપાળ ભડકે બળ્યુ છે ત્યારે ગુજરાતી વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ અટકાઈ પડ્યાં છે. આ બધાયને સુરક્ષિત પરત લાવવા ગુજરાત સરકાર વિદેશ મંત્રાલયના સંપર્કમાં છે.

કાઠમંડુમાં હિંસા અને અરાજકતોનો માહોલ છે. વડાપ્રધાન અને રાષ્ટ્રપતિએ રાજીનામુ ધરી દીધુ છે. આ ઉપરાંત પૂર્વ વડાપ્રધાનના નિવાસસ્થાનમાં તોડફોડ કરી આગ લગાવી દેવાઈ છે, જેમાં વડાપ્રધાનના પત્નિનું મોત થયું છે. આ હિંસક સ્થિતીમાં નેપાળમાં અભ્યાસ કરતાં ગુજરાતી વિદ્યાર્થીઓ અટવાયા છે. સાથે સાથે નેપાળ પ્રવાસે ગયેલાં ગુજરાતી પ્રવાસીઓ ફસાયા હોવાનું જાણવા મળ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરીને આ જાણકારી આપી છે. આ ઉપરાંત રાજ્ય સરકારે હેલ્પ નંબરો જાહેર કર્યાં છે. હાલ ગુજરાતી નાગરિકોને કાઠમંડુ સ્થિત ભારતીય દુતાવાસનો સંપર્ક કરવા માટે જાણ કરાઈ છે. નેપાળની રાજકીય અરાજકતાં અને હિંસક સ્થિતી વચ્ચે કેટલાં ગુજરાતીઓ ફસાયા છે તેની સરકાર દ્વારા અધિકૃત જાણકારી આપવામાં આવી નથી.

## પ્રદર્શનથી માનસરોવર યાત્રામાં ફસાયેલા તીર્થયાત્રીઓ માટે ભારતીય એડવાઇઝરી જારી

નેપાળની પરિસ્થિતિ હાલ ખૂબજ નાજુક બનેલી છે. ઝેન-ઝી પ્રદર્શનની અસર ભારત પર પણ પડી છે. આ વચ્ચે કૈલાસ માનસરોવર યાત્રા પર ગયેલા લોકો, જે તિબ્બતમાં ફસાયેલા છે. તેમના માટે નવી એડવાઈઝરી જાહેર કરી દેવામાં આવી છે. બીજિંગમાં ભારતીય દુતાવાસે નેપાળના માધ્યમથી પ્રાઈવેટ ટૂર ઓપરેટર્સ દ્વારા આયોજિત કૈલાસ માનસરોવર યાત્રા દરમિયાન સ્વાયત્ત પ્રદેશમાં ફસાયેલા ભારતીયોને જરૂરી સલાહ આપી છે. ચીનમાં હાજર ભારતીય દૂતાવાસે ફસાયેલાં તીર્થયાત્રિઓ ને નિર્દેશોનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. નવા નિર્દેશ નેપાળની હાલની પરિસ્થિતિને ધ્યાને રાખતા જાહેર કરવામાં આવી છે. એમાં હેલ્પલાઈન નંબર અને આપાત નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income. This home has lots to offer, you won't be disappointed.




Live upstairs and rent the basement for an extra income. Thousands spent $$$ on this two- bedroom Legal basement 2 bedroom apartment with an ensuite laundry. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Near Fanshawe College and Western University.




Ready to move in! Recently spent top $$$ on renovations. Spacious 2 bedrooms, 1 washroom. Freshly painted, new flooring, light fixtures. Easy access to transit, Hwy 400 and 401. Very family oriented neighborhood. Situated in a prime location, you'll be in close proximity to schools, parks, Humber River hospital and library as well as the renowned Yorkdale Shopping Centre & Lawrence Square Shopping Centre. Enjoy the convenience of having Home Depot, Walmart, Metro and Yorkdale Mall just a quick 10-minute drive away, ensuring unmatched shopping accessibility. Additionally, with TTC stops a mere 3-minute walk away, commuting becomes a seamless experience. Seize the opportunity- this spacious unit is perfect for first-time homebuyers, offering generous space, a super location.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
**D: (647) 501-6786 I D: (647) 308-2941**
**F : (416) 298-8303 I P: (647) 666-8676**

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

## Chapel Ridge
*Funeral Home & Cremation Centre*

## North Toronto
*Crematorium Inc.*

*in partnership with*




**Vilo** Licensed Funeral Director (416) 993-0826

**Harjinder** Licensed Funeral Director (647) 966-0093

**Christeen** Licensed Funeral Director (416) 258-6759

**Kirti** Licensed Funeral Preplanner (416) 417-0182

**Complete Funeral Package Pricing $4895.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga




Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**

**SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner**

**36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M**
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

**17 Room Motel in Huntsville - $2.5M**
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• **54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)**
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• **54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)**
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

• **78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD**

- 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
- 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
- Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K

Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

**21 Room Motel in Gravenhusrt - $1.7M**
100% occupancy by longterm customers living for many years – Selling AS IS – Buyer to assume all customers on closing

**12 Room Motel in Blind River - $1,050,000**
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

**17 Room Motel near Chatham - $1.7M**
With 2 BR fully renovated house, One Man Opertion and operating costs are under $40K

**15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M**
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

**10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000**
Nicely renovated, year round buniness

**Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario**
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

**Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100**